આજનો સુવિચાર
સત્ય બોલવાની ટેવ વ્યકિતને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવાનું સાહસ આપે છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૫ અંક : ૨૨૫ જૂનાગઢ તા.૬-૯-૨૦૨૧ સોમવાર પાના : ૮ કિંમત ૧.૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

બંગાળની ખાડીમાં લો-પ્રેશર સર્જાયું

આગામી ત્રણ દિવસ સુધી ગુજરાત સહિત વિવિધ રાજયોમાં વરસાદનો નવો રાઉન્ડ શરૂ થશે

નવી દિલ્હી તા.૬

ગુજરાત સહીત દેશના અનેક રાજયોમાં ગત સપ્તાહથી સક્રિય બનેલા નૈઋત્ય ચોમાસામાં ચાલુ સપ્તાહમાં વરસાદનો નવો રાઉન્ડ આવશે ૭થી ૯ સપ્ટેમ્બર દરમ્યાન ગુજરાત સહીત અનેક રાજયોમાં વ્યાપક અને ભારે વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન ખાતાનાં રીપોર્ટ પ્રમાણે આવતા ત્રણ દિવસ દરમ્યાન દક્ષિણ પશ્ચીમ અને ઉતર ભારતના લગભગ તમામ રાજયોમાં ભારે વરસાદ થવાની શકયતા છે. પૂર્વ મધ્ય બંગાળની ખાડીમાં લોપ્રેસર સીસ્ટમ ઉદભવવાને પગલે નૈઋત્ય ચોમાસાને જોર મળશે અને અનેક રાજયો સુધી મેઘસવારી પહોંચશે. આવતા ત્રણ દિવસમાં કર્ણાટક, તામીલનાડુ તથા કેરળમાં ભારેથી અતિભારે વરસાદ થવાની સંભાવના છે ત્યારબાદ ધીમે ધીમે વરસાદનું જોર ઘટવા લાગશે. હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ, ઉતર પંજાબ, જમ્મુ-કાશ્મીર તથા પૂર્વીય રાજસ્થાનનાં મોટાભાગનાં વિસ્તારોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. આ ઉપરાંત ગુજરાત, ઉતરીય કોંકણ, ઉતર મધ્ય મહારાષ્ટ્ર, ઉતરીય મરાઠાવાડમાં ૭ થી ૯ સપ્ટેમ્બર દરમ્યાન સારો વરસાદ થઈ શકે છે. ઉતર કોંકણમાં અતિભારે વરસાદની સંભાવના છે. ૭ સપ્ટેમ્બર તેલંગાણામાં તથા ૮મીએ મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં જોરદાર વરસાદ થવાની શકયતા છે. રાજસ્થાનમાં હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. બીજી તરફ ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટ દ્વારા પણ દેશનાં વિવિધ રાજયોમાં વ્યાપક-સાર્વત્રીક વરસાદની આગાહી કરવામાં આવી છે. છતીસગઢ, મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, તથા દ. ઔરીસ્સામાં હળવોથી મધ્યમ વરસાદ થશે.ઉતર પ્રદેશ, બિહાર, પંજાબ, હરીયાણા, દિલ્હી, ઉતરાખંડ, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત તથા તામીલનાડુમાં હળવો ભારે વરસાદ વ્યાપક વરસાદ થઈ શકે છે.

સુરતમાં મેઘરાજાની સટાસટી બે કલાકમાં ૩ ઈંચ : સર્વત્ર પાણી પાણી

સુરત તા. ૬ : સુરત શહેર જીલ્લામાં આજે સવારે મેઘરાજાએ સટાસટી બોલાવતા બે કલાકમાં ૩.૫ ઈંચ વરસાદ ખાબકતા સમગ્ર શહેરમાં પાણી પાણી થઈ ગયું છે. સુરત શહેરનાં લિંબાયત, ઉધના સહિતનાં વિસ્તારોમાં પાણી ભરાયા હોવાનું તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પણ પાણી ભરાયા હોવાનું જાણવા મળેલ છે. ભારે વરસાદને પગલે સુરત શહેરમાં ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ છે. જયારે સુરત જીલ્લાનાં વિવિધ તાલુકાઓમાં પણ સરેરાશ એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

પંજશીરનો ગઢ પણ તાલીબાને જીતી લીધો

સમગ્ર અફઘાનિસ્તાન તાલીબાનનાં કબ્જામા : પાક. એરફોર્સ અને આર્મીએ તાલીબાન તરફથી હુમલો કર્યો હોવાનાં અહેવાલો

કાબુલ તા.૬

પંજશીર ઘાટીમાં કબજો જમાવવાની દરેક શકય કોશિશ કરી રહેલા તાલિબાનને પાકિસ્તાનનો ભરપૂર સાથ મળી રહ્યો છે. મળતી માહિતી મુજબ પંજશીરમાં પાકિસ્તાની એરફોર્સ દ્વારા ડ્રોન હુમલો થયો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

અફઘાનિસ્તાનના પૂર્વ સાંસદે આ દાવો કર્યો છે. આ હુમલામાં મોડીરાત્રીનાં તાલીબાનનાં પ્રવકતા અને અહમદ મસૂદના નીકટના ફહીમ દશ્તી અને અહમદ મસૂદના સંબંધી જનરલ અબ્દુલ વાદુદના મોત થયા છે.

અફઘાનિસ્તાનના પૂર્વ સાંસદ જિયા આર્યનીજહાદ અને સ્વિટ્ઝરલેન્ડ સ્થિત અફઘાન દૂતાવાસના રાજદૂત તથા સંયુકત રાષ્ટ્રમાં અફઘાનિસ્તાનના સ્થાયી પ્રતિનિધિ નાસિર અહમદ અંદિશાના જણાવ્યાં મુજબ પંજશીરમાં પાકિસ્તાન એરફોર્સના ડ્રોન અને હેલિકોપ્ટર હુમલામાં ફહીમ દશ્તી અને અબ્દુલ વદૂદના જીવ ગયા છે.

તાલિબાને દાવો કર્યો છે કે તેણે પંજશીર ઘાટી ઉપર કંટ્રોલ મેળવી લીધો છે. આ બાજુ પંજશીર રેઝિસ્ટન્સ ફ્રંટનો દાવો છે કે હજુ તાલીબાનનો કબજો થયો નથી. સમગ્ર અફઘાનિસ્તાન ઉપર તાલિબાનનો કબજો થઈ ગયો છે. તાલિબાન આ અઠવાડિયે સરકાર પણ બનાવી શકે છે.

આગામી સપ્તાહે અમેરીકામાં યોજાનારી હિન્દુ ધર્મ વિરોધી કોન્ફરન્સ સામે ભારે વિરોધ વંટોળ

વોશિંગટન તા. ૬

અમેરિકામાંઆગામી સપ્તાહમાં આયોજિત હિન્દૂ ધર્મ વિરોધી કોન્ફરન્સ સામે વિરોધ વંટોળ ઉઠતા અનેક યુનિવર્સીટીઓએ કાર્યક્રમના આયોજનમાં પોતાના સિમ્બોલનો ઉપયોગ કરવાની સંમતિ પછી ખેંચી લીધી છે. કાર્યક્રમનો વિરોધ કરવા સમગ્ર વિશ્વમાં વસતા હિન્દુઓએ ૩ લાખ ૫૦ હજાર જેટલા ઈમેઈલ મોકલ્યા હતા. કોન્ફરન્સના બ્રોશરમાં આરએસએસ અને ભાજપને કોમવાદી ગણાવાયા છે.

આ કોન્ફરન્સના આયોજકોએ પોતાના નામ જાહેર કર્યા નથી. પરંતુ તેમના બ્રોશરમાં વિશ્વની ૫૦થી વધુ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ દ્વારા કાર્યક્રમને સમર્થન આપ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

ભારતમાં કોમ્યુનિસ્ટ અને સામ્યવાદી વિચારધારાના કટ્ટર સમર્થક કવિતા કૃષ્ણન, આનંદ પટવર્ધન, નલિની સુંદર, નેહા દીક્ષિત, મીના કંદાસામી જેવા હિન્દુ વિરોધી માનસિકતા ધરાવતા વક્તાઓ આ કોન્ફરન્સે સંબોધન કરવાના છે.

મોદી સરકાર સામે ઘરનાએ જ ધોકો પછાડયો : મોંઘવારી સહિતનાં મુદ્દે ભારતીય મઝદુર સંઘ ભારે નારાજ

નવી દિલ્હી તા. ૬

નેશનલ મોનેટાઈઝેશન પાઈપલાઈન પ્રોગ્રામને લઈને વિપક્ષના વિરોધનો સામનો કરતી કેન્દ્ર સરકાર હવે પોતાના લોકોના જ નિશાના ઉપર આવી ગઈ છે. સંઘ સાથે જોડાયેલા સંગઠનોએ આ કાર્યક્રમ ઉપરાંત મોંઘવારી અને તાલિબાન સાથે સરકારની ઔપચારિક મુલાકાતને લઈને ભારતીય મજદુર સંઘ (બીએમએસ)એ નારાજી વ્યકત કરી છે. કેન્દ્ર સરકારની મુદ્રીકરણ નીતિની જાહેરાત કરવાના નિર્ણયો, ઉચ્ચ મોંઘવારી ઉપર ચિંતાઓ દૂર કરવામાં મોડું અને નવા અફઘાનિસ્તાનમાંતાલિબાન શાસન સાથે દિલ્હીની ઔપચારિક ભાગીદારી બાબતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને સત્તારૂઢ ભાજપ વચ્ચે અસહમતિની સ્થિતિ છે. આ બાબત સાથે સંકળાયેલા લોકોએ આ માહિતી આપી છે.

આરએસએસના પદાધિકારીઓ અનુસાર, વધતા ભાવોના મુદ્દાને સંઘના વિભિન્ન સહયોગીઓ દ્વારા રેખાંકિત કરાયો છે.

આરએસએસના સૌથી મોટા શ્રમિક સંઘોમાંના એક ભારતીય મજદૂર સંઘ (બીએમએસ)એ પોતાની રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં મોંઘવારી વિરૂધ્ધ પહેલા જ એક પ્રસ્તાવ પસાર કરીને સરકારને સુધારાત્મક પગલા લેવા કહ્યું છે. બીએમએસના મહામંત્રી વિનયકુમારસિંહાએ કહ્યું કે, કોરોના બાદ પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. નોકરીમાં ઘટાડો અને પગારમાં કાપથી શ્રમિકો સૌથી વધુ પરેશાન છે અને મોંઘવારી ઉપર કોઈ કાબુ નથી.

મોંઘવારી વિરૂધ્ધ ૯ સપ્ટેમ્બરે દેશવ્યાપી વિરોધનું આહ્‌વાન કરનાર ભારતીય મજદુર સંઘે પણ સૂચન કર્યું છે કે ઉત્પાદનોના વેચાણ ભાવનો ઉલ્લેખ કરવા ઉપરાંત સરકારે એ જોગવાઈ પણ કરવી જોઈએ કે લેબલમાં ઉત્પાદનની પડતર કિંમત પણ દર્શાવાય જેથી લોકોને ખબર પડે કે કંપનીઓ કેટલો નફો કમાઈ રહી છે.

વિશ્વ કક્ષાએ લોકપ્રિયતામાં વડાપ્રધાન મોદી એપ્રુવલ રેટીંગમાં સૌથી આગળ : બિડેનને પણ પાછળ છોડયા

નવી દિલ્હી,તા.૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર વિશ્વમાં તેમની છબી મજબૂત કરી છે. મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બની ગયા છે. ધ મોર્નિંગ કન્સલ્ટના સર્વેમાં નરેન્દ્ર મોદી અપ્રૂવલ રેટિંગમાં સૌથી આગળ છે. મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ જો બિડેન અને બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જોનસન સહિત વિશ્વના ૧૩ દિગ્ગજ રાષ્ટ્રોના પ્રમુખોને પાછળ છોડી દીધા છે. આ સર્વેમાં મોદીની અપ્રૂવલ રેટિંગ ૭૦ ટકા છે. ખાસ વાત એ છે કે વડા પ્રધાન મોદીની ડિસઅપ્રૂવલ રેટિંગ પણ ફકત ૨૫ ટકા છે. લિસ્ટમાં સામેલ વૈશ્વીક નેતાઓની સરખામણીમાં સૌથી ઓછી ડિસઅપ્રૂવલ રેટિંગ મોદીની જ છે. સર્વે અનુસાર દેશમાં કોરોનાની બીજી લહેર દરમ્યાન વડાપ્રધાન મોદીની ડિસઅપ્રૂવલ રેટિંગ ટોચ ઉપર હતી.

હવે વાહનોનાં કર્કસ હોર્નથી ટુંકસમયમાં છૂટકારો મળશે : ભારતીય સંગીતનાં મધુર અવાજ સંભળાશે

નવી દિલ્હી, તા.૬

માર્ગો ઉપર વાહનોના હોર્નથી લોકો પરેશાન થઈ જતાં હોય છે. રસ્તા ઉપર આગળ ગાડીઓની લાઈનો અને પાછળ આવતા વાહનોનો પી-પી, પોં-પોં, ચોં-ચોં સાંભળીને મગજ ચકરાય જાય છે. વાહનોના હોર્નનો અવાજ એટલો ઈરિટેટ હોય છે કે કેટલીય વાર તો ટ્રાફિક સિગ્નલ ઉપર તેના કારણે ડખા થઈ જતાં હોય છે.

મોટા ભાગના વાહન ચાલકો નિયમોનું ધ્યાન રાખતા નહીં અને પ્રતિબંધિત વિસ્તારમાં હોર્ન મારતા હોય છે. આમ કરવાથી ધ્વનિ પ્રદૂષણ પણ ફેલાય છે. કાનમાં પણ હોર્નનો અવાજ આવતા ખૂબ ખૂંચે છે. આપણે વિચારીએ છીએ કે, આનો ઈલાજ શું છે. સરકાર કેમ કઈ કરતી નથી ?

કેન્દ્ર સરકાર વાહનોના હોર્નના અવાજને લઈને નવા નિયમો લાગુ કરવાની તૈયારી કરી રહી છે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી નીતિન ગડકરી, જેઓ તેમના કામ માટે અવારનવાર સમાચારોમાં રહે છે, તેઓ હોર્નના અવાજથી કંટાળેલા લોકોને સુખદ અનુભવ બનાવવા માટે નવા નિયમો ઉપર કામ કરી રહ્યા છે. વાહનોનાં હોર્નમાં હવે ભારતીય સંગીતનાં સુરો સંભળાશે.

ઉત્તરપ્રદેશનાં ભૂતપૂર્વ રાજયપાલ સામે રાજદ્રોહનો કેસ નોંધાયો : યોગી સરકાર વિરૂધ્ધ બોલવાનું ભારે પડયું

રામપુર તા. ૬ : ઉત્તરપ્રદેશના ભૂતપૂર્વ રાજ્યપાલ અજીજ કુરૈશી વિરૂધ્ધ અમર્યાદિત શબ્દોનો પ્રયોગ કરવાના આરોપમાં ભાજપનાં નેતાએ રામપુર સીવીલ લાઈન્સ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આકાશ સકસેનાની ફરિયાદ ઉપર પોલિસે કુરૈશી ઉપર રાજદ્રોહની કલમ ૧૨૪એ સહિત અન્ય ગંભીર કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

ભૂતપૂર્વ રાજ્યપાલ કુરૈશી શનિવારે રાત્રે સાંસદ આઝમખાનના ઘેર આવ્યા હતા. ભાજપા નેતા આકાશ સકસેનાનો આરોપ છે કે લોકોની ભીડની ઉપસ્થિતિમાં કુરૈશીએ ઉત્તરપ્રદેશની યોગી સરકારની તુલના શૈતાન સાથે કરી હતી. સરકાર વિરૂધ્ધ અમર્યાદિત શબ્દોનો પ્રયોગ કર્યો હતો, સાથે જ સરકાર અને આઝમખાનની લડાઈને ઈન્સાન અને શૈતાનની લડાઈ કહી હતી.

દેશનાં કોરોનાનાં કેસમાં સામાન્ય ઘટાડો

નવી દિલ્હી, તા.૬

દેશભરમાં કોરોનાના નવા કેસમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. દેશભરમાં છેલ્લા ૨૪ કલાકમાં વાયરસના ૩૮ હજારથી વધુ કેસ નોંધાયા છે. જો કે છેલ્લા કેટલાક દિવસથી સતત ૪૦ હજારથી વધુ નવા કેસ નોંધાતા હતા તેમાં આજે ઘટાડો નોંધાયો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રલાયે આજે સવારે બહાર પાડેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૩૮,૯૪૮ કેસ નોંધાયા છે. આ સાથે કુલકેસનો આંકડો ૩,૩૦,૨૭,૬૨૧ ઉપર પહોંચી ગયો છે. ગઈ કાલે દેશમાં કોરોનાના ૪૨,૭૬૬ નવા કેસ નોંધાયા હતા. હાલ દેશમાં કોરોનાના ૪,૦૪,૮૭૪ દર્દીઓ સારવાર હેઠળ છે.

ખેતી વિકાસ બેંકનાં ચેરમેન પદે ડોલરભાઈ કોટેચાની વરણી : ખેડૂતોની આવક બમણી કરવાનો લક્ષ્યાંક

અમદાવાદ તા. ૬

ગુજરાતની પ્રતિષ્ઠીત ખેતી વિકાસબેંકનાં ચેરમેન પદે જૂનાગઢનાં સહકારી અગ્રણી અને દિગ્ગજ નેતા ડોલરભાઈ કોટેચાની વરણી કરવામાં આવી છે. ખેતી વિકાસ બેંકનાં ચેરમેન પદે ડોલરભાઈ કોટેચાની વરણીથી તેમના સમર્થકો, ચાહકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. જયારે બેંકનાં નાયબ ચેરમેન પદે ફલજીભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ખેતી વિકાસ બેંકમાં ભાજપનાં ૧૪ અને કોંગ્રેસનાં ૪ ડિરેકટર છે. આમ ખેતી વિકાસ બેંક ઉપર ભાજપનો સંપૂર્ણ કબ્જો થઈ ગયો છે. બેંકનાં ચેરમેન પદે નિમણુંક થયા બાદ ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે, બેંકનાં નફા અને વિકાસને નવી ઉંચાઈએ લઈ જવાની નેમ છે. તેટલું જ નહી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ખેડૂતોની આવક બમણી કરવાનો જે લક્ષ્યાંક નિર્ધારીત કર્યો છે તે દિશામાં ખેતી વિકાસ બેંક સમર્પિત રીતે કાર્ય કરશે તેમ ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું હતું.

ભારત માટે અનેક મોર્ચે ખતરો પેદા કરી રહેલું ચીન : બોલિવુડ, સોશિયલ મીડિયા અને યુનિવર્સિટીઓમાં ડ્રેગનની દખલગીરી

નવી દિલ્હી તા. ૬

ચીન ભારતને અનેક મોરચે ધમકીઓ આપી રહ્યું છે. એક ભારતીય થિંક ટેન્કે અભ્યાસમાં દાવો કર્યો છે કે ચીન ભારતમાં એક રણનીતિના ભાગરૂપે ભારતમાં ઘણા વિસ્તારોમાં દખલગીરી વધારી રહ્યું છે. આ ક્ષેત્રો ફિલ્મો, યુનિવર્સિટીઓ, સામાજિક સંસ્થાઓ, સોશિયલ મીડિયા, થિંક ટેન્ક્સ અને ટેકનોલોજી ઉદ્યોગો છે. માપેલા વ્યૂહરચનાના ભાગરૂપે તાજેતરના વર્ષોમાં ચીનનો હસ્તક્ષેપ વધ્યો છે.

લો એન્ડ સોસાયટી એલાયન્સ દ્વારા બહાર પાડવામાં આવેલા ૭૬ પાનાના રિપોર્ટ 'મેપિંગ ચાઈનીઝ ફૂટપ્રિન્ટ એન્ડ ઈન્ફલુઅન્સ ઓપરેશન ઈન ઈન્ડીયા'માં આ દાવો કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ ગયા સપ્ટેમ્બરમાં જાહેર કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ચીને વ્યૂહાત્મક ક્ષેત્રોમાં પોતાનું રોકાણ વધાર્યું છે, જેની પાછળ બૈજિંગનો એક છુપાયેલો એજન્ડા છે. તે સામાન્ય ભારતીય અથવા મતદારના અભિપ્રાયને ચોક્કસ આકાર આપવા માંગે છે. સ્થિતિ એ છે કે ચીન ચીન ફિલ્મ ઉદ્યોગથી તમામ ક્ષેત્રોમાં પોતાનું રોકાણ વધારી રહ્યું છે. ફિલ્મ ઉદ્યોગની વાત કરીએ તો, ચીની કંપનીઓ સહ-નિર્માણ તરીકે કામ કરી રહી છે. ચીન-ભારત પ્રોડકશન સંવાદને આ રીતે જોવામાં આવી રહ્યો છે. એ જ રીતે, બૈજિંગ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલ ૨૦૧૯ના આયોજન પાછળ ચીની એજન્ડા સ્પષ્ટ દેખાય છે. તે બોલિવૂડમાં પોતાની દખલગીરી વધારી રહ્યો છે.

ભાડે / વેચાણથી આપવાનું છે
બહાઉદીન કોલેજની સામે મેરીગોલ્ડ-૩માં બીજા માળે, રોડ ટચ ૧૬૦૦ સ્કે.ફુટ કોર્નરનું (કાર્પેટ), પુજારા મોબાઈલ ઉપર ભાડે - વેચાણથી આપવાનું છે.
મો. ૯૮૨૫૯ ૧૮૯૧૭

એક Bazaar®
એક દેશ • એક માર્કેટ
ઘણી ભાષાઓ
ટ્રેડ | ટેન્ડર | ઈન્વેસ્ટમેન્ટ
અબ દુનિયા સે આપકા ધંધા
આપકી ભાષામે બૈઠે બૈઠે
૧ મહિના માટે ચાર્જ ફકત
ખેડુત ૧૦૦/- | કારીગર ૧૫૦/- | SME & MSME ૨૫૦/-
ફ્રી ટ્રાયલ માટે આજે લોગ ઈન કરો
www.ekbazaar.com
M. 9019217734, 7676911802
Help Line : 18003091349

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 5500* થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
SAMSUNG
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. સોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

જયોતિ પ્લાસ્ટીક
ISO 9001 : 2015 Certified Company
Brands : JalJivan GIRNAR
પ્રવિણભાઈ ગઢીયા ૯૮૨૫૯ ૩૭૦૪૮
રાજેશભાઈ ગઢીયા ૯૯૦૯૭ ૪૧૧૨૪
જયેશભાઈ ગઢીયા ૯૯૭૮૦ ૩૭૮૧૯
પ્રોડકટ :
● એચ.ડી.પી.ઈ પાઈપ્સ ● પોલિથીન પાઈપ્સ
● સ્પ્રિન્કલર પાઈપ્સ ● ડ્રીપ ઈરીગેશન પાઈપ્સ
● લેબોરેટરી ટેસ્ટેડ સુપર કવોલિટી એચડીપીઈ પાઈપ્સ
● ૧૦૦ ટકા વર્જિન એચડીપીઈ સામગ્રીમાંથી બનાવેલ
● કાબ્રા એક્ષ્ટ્રેશન ટેકનીક મશીનરી
● ઓટોમેટીક જર્મન ટેકનોલોજી
૬૦૧, બીએસએનએલ એક્ષચેન્જ, ઉદ્યોગનગર, જીઆઈડીસી-૨, સાબલપુર, જૂનાગઢ - ૩૬૨૦૦૧ ગુજરાત (ભારત)
jyotiplastic03@gmail.com - www.jyotiplasticpipe.com

પ્રેરણા
સ્કીન | હેર | લેસર | કોસ્મેટિક કિલનિક
BIGGER.. BETTER.. & ADVANCED
પ્રેરણા સ્કીન, હેર એન્ડ લેસર કલિનીક
● સ્કીન ● હેર ● લેસર ● કોસ્મેટીક
ડી. પૂજા જે. ટાંક (કોયાણી) એમ.બી.ડી.વી.ડી. (સ્કીન)
ડો. જયદિપ ટાંક એમ.ડી. (સ્કીન)
પાંચમો માળ, ઓમ આર્કેડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
મો. ૭૦૪૬૪ ૧૬૮૮૬

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓલ ઈન્ડિયા પોસ્ટલ અને આર.એમ.એસ. પેન્શનર્સ એસોસિએશન જૂનાગઢનું પ્રથમ દ્વિવાર્ષિક અધિવેશન યોજાયું

જૂનાગઢ તા.૬

ઓલ ઈન્ડિયા પોસ્ટલ અને આર.એમ.એસ. પેન્શનર્સ એસોસિયેશન જૂનાગઢનું પ્રથમ દ્વિવાર્ષિક અધિવેશન તા.૫-૯-૨૦૨૧ રવિવારે સવારે ૧૦ કલાકે આઈ.એમ.એ.હોલ ગાંધીગ્રામ જૂનાગઢ ખાતે યોજાયું હતું.મુખ્યઅતિથિ તરીકે અરવિંદ સોનટકે(IRS) Joint Commissioner of Income tax Department Junagadh ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સ્ટેટના પેટ્રોન શરદભાઈ તેરૈયા અને જનરલ સેક્રેટરી અતુલભાઈ શેઠ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આ ઉપરાંત અમદાવાદ, અમરેલી, ભાવનગર, જામનગર, રાજકોટ, કચ્છ ડીવીઝનના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. આશરે ૨૦૦થી વધુ સભ્ય ભાઈ-બહેનોએ હાજરી આપી હતી.

આ અધિવેશનમાં ૭૫ વર્ષ અને૭૦વર્ષથી વધુનુંઅભિવાદન કરવામાં આવ્યું હતું અને આજીવનસભ્યોને પણસન્માનિત કરવામાં આવ્યા હતા. વિશેષ સમાજ સેવક મનસુખભાઈ વાજા(પ્રમુખ શ્રી સત્યમ સેવા યુવક મંડળ-જૂનાગઢ), હર્ષાબેન ઝાલા(સ્ટાફ નર્સ) કોરોના વોરિયર્સ, ભાર્ગવ વ્યાસ અને વિશાલ દવે(ટ્રાફિક બ્રિગેડ જવાન)નું પણ શિલ્ડ, શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. સમુહ ભોજન સાથે અધિવેશન ભવ્યસફળતા સાથે પૂર્ણ કરવામાં આવ્યું હતું.

અંજલીબેન રૂપાણીએ નગરશેઠની હવેલી દેવ મંદિરની શુભેચ્છા મુલાકાત લીધી

જૂનાગઢ તા.૬

જૂનાગઢના પૂર્વ ધારાસભ્ય-પૂર્વ મેયર મહેન્દ્રભાઈ મશરૂ સંચાલિત શ્રી જલારામ સેવા ટ્રસ્ટ નિર્મિત બચુભાઈ રાજા-નગરશેઠની હવેલી દેવ મંદિરની ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના ધર્મપત્ની અંજલીબેન રૂપાણીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન શ્રી જલારામ સેવા ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂએ અંજલીબેનનું પુષ્પગુચ્છ આપી તથા શાલ ઓઢાડી સ્વાગત કર્યુ હતું. ત્યારબાદ અંજલીબેનને નગરશેઠની હવેલીની દરેક અલભ્ય-એન્ટીક વસ્તુઓથી માહીતગાર કર્યા હતા. આ મુલાકાત સમયે અંજલીબેનની સાથે કાશમીરાબેન નથવાણી, બીનાબેન ભારદ્વાજ, ભાનુબેન બાબરીયા, લીનાબેન શુક્લ, હીનાબેન શુક્લ તથા જૂનાગઢના આદ્યશકિતબેન મજમુદાર, કનકબેનવ્યાસ, શિલ્પાબેનજોષી, ગીતાબેન માલમ તથા અન્ય મહીલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ તકે શ્રી જલારામ સેવા ટ્રસ્ટના રમેશભાઈ પરપડા, હેમાંશુ કારીયા તથા સ્વયં સેવકો હાજર રહ્યા હતા.

શિક્ષક દિને જ ગીરગઢડાના થોરડી ગામની પ્રાથમિક શાળાના આચાર્યએ ઓફિસમાં જ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર

(નિરવ ગઢિયા દ્વારા)

ઉના તા.૬

સમગ્ર દેશ ગઈકાલે શિક્ષક દિન ઉજવી રહ્યો હતો. ત્યારે ગીરગઢડા તાલુકાના થોરડી ગામના પ્રા.શાળાના આચાર્યએ પોતાની શાળાની ઓફિસમાં બપોરના સમયે પંખા સાથે લટકીને ગળાફાંસો ખાઈ આપધાત કરી લેતા શિક્ષણ જગતમાં સોપો પડી ગયો હતો. આ શાળાના આચાર્યએ આપધાત કર્યા પહેલા સુસાઈડ નોટ લખેલી છે. તેમાં બે ટીપીઓ તેમજ આચાર્ય અને એક શિક્ષકે પોતાની પાસે રૂા.૨૫ લાખની માંગણી કરી મેળવેલ હોવાનો ઉલ્લેખ કરાતાં શિક્ષક જગતમાં ભારે ચકચાર ફેલાયેલ છે. ગીરગઢડાના જામવાળા પે.સેન્ટર શાળા હેઠળ આવતી થોરડી ગામની સરકારી પ્રા.શાળાના આચાર્ય તરીકે સને.૨૦૧૮થી નોકરી કરતા ઘનશ્યામભાઈ ગોવિંદભાઈ અમરેલિયા ગઈકાલે બપોરના ૧૨:૩૯ મિનિટે પોતાની શાળાની ઓફિસમાં પંખા સાથે દોરડું બાંધીને ગળાફાંસો ખાઈ લટકી જઈ આપઘાત કરી લેતા મોત નિપજેલ હતું. શાળામાં આચાર્યએ આપઘાત કર્યાની જાણ થોરડી ગામના માજી ઉપસરપંચ કાળુભાઈએ ગીરગઢડા પોલીસને જાણ કરતા પોલીસ તેમજ જામવાળા પે.સેન્ટર શાળાના આચાર્ય શિક્ષકો ઘટનાસ્થળે દોડી ગયેલા અને મૃતક શાળાના આચાર્યના લટકતા મૃતદેહને નીચે ઉતારી તાત્કાલીક ગીરગઢડા સરકારી હોસ્પિટલમાં પીએમ માટે ખસેડેલ હતો. હોસ્પિટલમાં મૃતકના પત્ની બે દીકરી અનેએક દીકરો પિતાના મોતના સમાચાર સાંભળી ભાંગી પડ્યા હતા. આચાર્યએ આપઘાત કરતાં પહેલા સુસાઈડ નોટ લખી હતી. જેમાં ટીપીઓ જયેશ ગોસ્વામી, કેળવણી નિરીક્ષક જયેશ રાઠોડ, જામવાળા પે.સેન્ટર શાળાના આચાર્ય તેમજ શિક્ષક વાલા ઝાલા સહિત ચાર વ્યક્તિઓએ પૈસા પડાવવા વારંવાર હેરાન કરતા હતા અને મૃતક આચાર્ય ઘનશ્યામભાઈને કહેલ કે તું દારૂ પીને શાળાએ આવે છે જો પૈસા નહીં આપે તો તારી ઉચ્ચકક્ષાએ ફરિયાદ કરીશું અને તારી ફાઈલ મોકલાવીશું આવી ધમકી આપીને બે ટીપીઓએ રૂા.૨૫ લાખ લીધા હતા. તેમજ એક શિક્ષકે ૪ લાખ લઈને ધમકી આપેલ હતી. એક આચાર્યએ રૂા.૭ લાખની માંગણી કરી હોવાનો સુસાઈડ નોટમાં ઉલ્લેખ કરેલ છે. આ સુસાઈડ નોટ મૃતક આચાર્યએ પોતાની દીકરીને પણ મોબાઈલમાં મોકલાવેલ હોવાનું અને પોતાના પિતા ૨૦દિવસથી પરેશાન હોવાનું મૃતકની દિકરીએ જણાવેલ સુસાઈડ નોટ પોલીસે કબજે કરી હાલ તપાસ કરીને ઉચ્ચ અધિકારીના માર્ગદર્શન હેઠળ ફરિયાદ લેવા તજવીજ હાથ ધરેલ છે.

મારા પિતા ૨૦ દિવસથી પરેશાન હતા : બંસરીબેન

મૃતક આચાર્યની દીકરી બંસરીબેનએ જણાવેલ કે મારા પિતા છેલ્લા ૨૦ દિવસથી માનસિક રીતે પરેશાન હોઈ અને તેમને વારંવાર ફોન આવતા તેનાથી ડરી જતાં હતા અને મને જણાવેલ કે પૈસાની તકલીફ છે અને કર્મચારી હેરાન કરે છે. મારા પિતાને દારૂ પીવાની ટેવ હતી. તે બાબતે ટીપીઓ અને કર્મચારી નોકરી જવાનો ડર બતાવી પરેશાન કરતા હોઈ અને તેને ૧૫ દિવસ પહેલા બેંકમાંથી પૈસા ઉપાડી આ અધિકારીઓને આપેલ હોવાનું મને જણાવેલ હતું.

મને અન્યાય થયેલ છે મારા પૈસા મારા પત્નીને પાછા અપાવજો

મૃતક આચાર્યએ સુસાઈડનોટમાં એવો પણ ઉલ્લેખ કરેલ છે કે, મારા પૈસા આ લોકોએ લીધા છે. તે પાછા મેળવીને મારી પત્નીને અપાવજો તેમજ મારા પરિવારજનોમાં પણ જમીનના ભાગ પાડવામાં અન્યાય થયેલ છે તેવો ઉલ્લેખ પણ કરેલ છે.

ટીપીઓ જયેશ ગોસ્વામી એક માસથી ફરાર છે

થોરડી ગામના મૃતક આચાર્યએ ટીપીઓ જયેશ ગોસ્વામી સામે પૈસા લીધાનો ઉલ્લેખ કરાયેલ છે તે જયેશ ગોસ્વામીની અગાઉ તાલાળા ખાતે ઉચાપત પ્રકરણમાં સંડોવણી ખુલેલ હોય અને એક માસ જેવા લાંબા સમયથી ફરાર થઈ ગયેલ છે. તેણે કોર્ટમાં આગોતરા જામીન મેળવવા કોશિશ કરેલ પણ તેને જામીન મળ્યા નથી અને થોરડી ખાતે મૃતક શાળાના આચાર્યના આપઘાત પ્રકરણમાં તેનું નામ આવતા ભારે ચકચાર ફેલાયેલ છે.

હું તો સ્થળ ઉપર જ હતો : દિલીપ ગધેસરિયા

સુસાઈડ નોટમાં પે.સેન્ટર શાળા જામવાળાના આચાર્યએ રૂા.૭ લાખની માંગણી કરી હોવાનો ઉલ્લેખ કરાયેલ છે. આ બાબતે પે.સેન્ટર શાળાના આચાર્ય દિલીપ ગધેસરિયાનો સંપર્ક કરતા તેમણે જણાવેલ કે આ મૃતક આચાર્યની કામગીરી સારી હતી. પરંતુ જે રૂા.૭ લાખનો ઉલ્લેખ કરાયેલ છે તે તદ્દન પાયાવિહોણી છે અને મે પૈસા માંગ્યા નથી કે લીધા પણ નથી તેવું જણાવી કહેલ કે આ આચાર્યનો મૃતદેહ ઉતારતી વખતે અને હોસ્પિટલે પણ હું હાજર જ હતો.

યાત્રાધામ દ્વારકામાં આજે શ્રાવણ માસની અમાસના દિવસે યાત્રિકોનું ઘોડાપુર

દ્વારકા તા.૬

યાત્રાધામ દ્વારકામાં આજરોજ શ્રાવણ માસની અમાસના દિવસે યાત્રિકોએ વહેલી સવારે ગોમતી સ્નાન કરી ઠાકોરજીના મંગલા આરતીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

બેઝિક કોમ્પ્યુટર પરીક્ષામાં બાળકી ઝળકી, સર્ટીફિકેટથી સન્માનિત કરાઈ

જૂનાગઢ તા.૬

રાષ્ટ્રીય શાક્ષરતા મિશન સંસ્થા દ્વારા બેઝિક કોમ્પ્યુટર પરીક્ષામાં ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં મિડીયા વિભાગનાં સંજય પંડ્યાની લાડલી દિકરી સ્તુતિને જૂનાગઢનાં ટોપટેનમાં સ્થાન પ્રાપ્ત કર્યું હતું જે બદલ બજરંગ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા સ્તુતિને સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવી હતી.

જામકંડોરણા ભાજપ દ્વારા નમો એપની માહિતી અંગેનાં કાર્યક્રમ યોજાયો

(હરપાલસિંહ દ્વારા)

જામકંડોરણા તા.૬

જામકંડોરણા તાલુકા ભાજપ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિવિધ યોજનાઓની માહિતી આપતી એપ્લિકેશન નમો એપથી માહિતગાર કાર્યક્રમ યોજાયો હતો. જામકંડોરણા તાલુકા ભાજપ દ્વારા તાલુકાના કાર્યકરોને વિવિધ યોજનાઓની માહિતી આપતી એપ્લિકેશન નમો એપથી માહિતગાર કરવામાં આવ્યા હતા. જેમાં કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડીયા, રાજકોટ કો-ઓપરેટીવ બેંકના ડિરેક્ટર લલીતભાઈ રાદડિયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગોવિંદભાઈ રાણપરીયા, તાલુકા ભાજપના પ્રમુખ ચંદુભા ચૌહાણ, કરણસિંહ જાડેજા, સરપંચ ગૌતમભાઈ વ્યાસ, પ્રતિપાલસિંહ જાડેજા, જશમતભાઈ કોયાની, દલિત અગ્રણી કાનજીભાઈ પરમાર તથા તાલુકાના વરિષ્ઠ આગેવાનો અને કાર્યકરોએ હાજરી આપી હતી.

ખમીદાણા ગામે આંગણવાડીઓમાં પૂર્ણા દિવસની ઉજવણી કરાઈ

(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૬

કેશોદ તાલુકાના ખમીદાણા ગામે આવેલ આંગણવાડી કેન્દ્ર નંબર એક, બે, ત્રણ દ્વારા પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કિશોરીઓએ ભાગ લઈ સ્વચ્છતાના સંદેશ સાથે પોષણ અને સ્વચ્છતાના સુત્રોના લખાણ સાથે કાપડની થેલીઓમાં લખાણ સાથે સુશોભીત કરી હતી. જેમાં ભાગ લેનાર કિશોરીઓને પોષણ અને સ્વચ્છતાના સુત્રોના સંદેશ સાથેની થેલીઓ કિશોરીઓને પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવેલ હતા. જેથી લોકો સુધી પોષણ અને સ્વચ્છતાના સંદેશ લાભાર્થીઓ સુધી પહોંચે તે હેતુથી થેલીઓ કિશોરીઓને આપવામાં આવી હતી. પૂર્ણા દિવસની ઉજવણી માટે ખમીદાણા આંગણવાડીવર્કર જયોત્સનાબેન જોષી, અલ્પાબેન અપારનાથી, પુરીબેન પરમાર દ્વારા પૂર્ણા દિવસની ઉજવણી માટે કિશોરીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જૂનાગઢ સ્વામીનારાયણ મંદિરે હરીકથાની પૂર્ણાહુતી થઈ

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ જવાહર રોડ સ્થિત સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન આખો મહીનો હરીકથા પારાયણનું આયોજન કરાયેલ હતું. ગઈકાલે હરીકથાની પૂર્ણાહુતી પ્રસંગે જીલ્લા શિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યાય તેમજ નિલેશભાઈ સોનારા, પીપી સ્વામી સહીતનાં સંતોની ઉપસ્થિતિમાં પૂર્ણાહુતી થઈ હતી.

IAS, IPS, અને IRSની જેમ શિક્ષણ વિભાગના વહીવટીતંત્ર માટે 'IES' લાવવા શિક્ષકોની માંગણી

અમદાવાદ તા.૬

શિક્ષણ વિભાગનો વહીવટ શિક્ષણ વિભાગના અધિકારીઓને જ સોંપવામાં આવે અને જે રીતે ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ (આઈએએસ) ઈન્ડિયન પોલીસ સર્વિસ(આઈપીએસ) છે. તે જ મુજબ શિક્ષણ વિભાગના વહીવટી તંત્ર માટે ઈન્ડિયન એજયુકેશન સર્વિસ (આઈઈએસ) લાવવાની માંગણી બુલંદ થઈ છે અને તે માટે પ્રોફેસરો અને શિક્ષકોએ ટવીટર અભિયાન શરૂ કર્યું છે. ગઈકાલે સવારથી જ ટવીટર ઉપર આઈઈએસ એટલે કે ઈન્ડિયન એજયુકેશન સર્વિસના નામથી પીએમઓને ટેગ કરી ટવીટનો મારો શરૂ થઈ ગયો છે. શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા અનેક કર્મચારીઓ, પ્રોફેસરો અને શિક્ષકોએ શિક્ષણ વિભાગનો વહીવટ શિક્ષણ વિભાગના અધિકારીઓનો જ સોંપવામાં આવે તેવી માંગ કરી છે. રાજયભરના શિક્ષણ વિભાગના અનેક હોદ્દેદારો આ ટવીટ અભિયાનમાં જોડાયા હતા અને ટવીટર ઉપર ટવીટ કરી આંદોલનને ટેકો જાહેર કર્યો હતો. ૫ સપ્ટેબર શિક્ષક દિનના દિવસથી જ શરૂ કરાયેલા આ આંદોલનને મળી રહેલા વ્યાપક સમર્થનને જોતા આગામી દિવસોમાં આ આંદોલન વધુવેગ પકડે તેવી શકયતા છે. ટવીટર ઉપર ટવીટ કરતા રાઠોડ બલવંતે શિક્ષણ વિભાગનો વહીવટ શિક્ષણ વિભાગના અધિકારીને જ આપો આઈઈએસ લાવો શિક્ષણને બચાવો એમ જણાવ્યું છે. જયારે પ્રતીકસિંહ પરમારે શિક્ષા માગે અપના આઈઈએસ, સુનિલ માળીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ના અમલીકરણ પહેલા તેના અમલદાર આઈઈએસ લાવો તેવી માંગ કરી હતી. જયારે હિરેનાગીરીએ જણાવ્યું હતું કે જેવી રીતો આઈએએસ (ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટીવ સર્વિસ) આઈપીએસ (ઈન્ડિયન પોલીસ સર્વિસ), આઈઆરએસ (ઈન્ડિયન રેવન્યુ સર્વિસ) છે તો શિક્ષણ માટે ઈન્ડિયન એજયુકેશન સર્વિસ (આઈઈએસ) કેમ નહીં ? તેવો વેધક પ્રશ્ન ઉઠાવ્યો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વેની તૈયારી, GAS કેડર તથા વન વિભાગમાં ૩૧ અધિકારીઓની બદલી

ગાંધીનગર તા.૬

ગુજરાત વિધાનસભાની આગામી વર્ષ ૨૦૨૨માં ચૂંટણીઓ યોજાનાર હોઈ તે પહેલાં સરકારની વિવિધ વિભાગોના પોતાના ગમતા અધિકારીઓને યોગ્ય જગ્યાએ મૂકવા સહિત અધિકારીઓની બદલીઓનો દોર હવે સરકાર દ્વારા હાથ ધરવાનો પ્રારંભ કરાયો છે. ગુજરાત સરકારે વિધાનસભા ચૂંટણી પહેલાં બદલીઓનો ગંજીફો ચીપ્યો છે. સરકારે બે અલગ-અલગ વિભાગ મળીને કુલ ૩૧ અધિકારીઓની બદલી કરી નાખી છે, જેમાં GAS કેડરના ત્રણ અધિકારીઓ છે અને વનવિભાગમાં સામૂહિક રીતે ૨૮ અધિકારીઓની બદલીના હૂકમ કરી દીધા છે. ગુજરાત સરકારે વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી હળવે હાથે બદલીનો દોર શરૂ કર્યોહોય તેમ લાગી રહ્યુંછે. GAS કેડરના ત્રણ અધિકારીઓથી બદલીની શરૂઆત કરાઈ છે, જેમાં કચ્છ-ભૂજના અધિક નિવાસી કલેક્ટર કે.એસ.ઝાલાની બદલી વડોદરાના અધિક નિવાસી કલેક્ટર તરીકે કરવામાં આવી છે, તો DRDAના ડિરેક્ટર એચ.એમ. જાડેજાની બદલી ભૂજના અધિક કલેક્ટર તરીકે કરવામાં આવી છે. જયારે ગાંધીનગરના ફાયર વિભાગના ડેપ્યુટી ડાયરેકટર એમ.પી. પંડ્યાની બદલી જામનગરના અધિક નિવાસી કલેક્ટર તરીકે કરવામાં આવી છે. બીજી તરફ, વનવિભાગમાં પણ સરકારે સપાટો બોલાવતી હોય તેમ ૨૮ જેટલા રેન્જ અધિકારીઓની સાગમટે બદલી કરી નાખી છે, જેમાં મુખ્યત્વે જીગર પટેલને નળ સરોવર પશ્ચિમ રેન્જમાં, ડી.જી. ગઢવી ભાવનગરના વેરાવદાર રેન્જમાં, સુનીલ દેસાઈને વાંસદ નેશનલ પાર્કમાં અધિક્ષક RFO તરીકે અને જીગર ડાંગરને મરીન નેશનલ પાર્ક ખંભાળિયા રેન્જમાં નિમણુંક આપવામાં આવી છે.

માણાવદર ગાયત્રી મંદિર પાસે થયેલ ચોરીમાં ઉપયોગ થયેલ ઈકો વંથલી પાસેથી બીનવારસી મળી

માણાવદર તા.૬

માણાવદર ગાયત્રી મંદિર પાસે બે દિવસ પહેલા બંધ મકાનમાં તસ્કરોએ રૂા.૧.૪૨ લાખની ચોરી કરી હતી. જેમાં તપાસ હાથ ધરતા પીએસઆઈ એસ.એમ. સગારકા તથા કરમણભાઈ ચાવડાએ ચોક્કસ બાતમીનાં આધારે માહિતી મળી કે ઈકો ગાડી લઈને તસ્કરો આવ્યાનું જણાવેલ. આ અંગે પાટણવાવ પો. સ્ટેશનમાં દિલાવરભાઈ હિંગોરા રહે.પાટણવાવએ તે જ રાત્રીનાં તા.૩-૯-૨૦૨૧નાં ૧૨:૩૦ આસપાસ ચોરીયાની ફરિયાદ લખાવેલ તે ઈકો ગાડી વંથલી હાઈવે ઉપરથી બીનવારસી હાલતમાં મળતા તે કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. ગાડી નં. જીજે-૦૩-એલબી-૯૯૨૫ છે. તસ્કરો પણ સાતીર દિમાગનાં થયા છે.

પશ્ચિમ રેલ્વે - ભાવનગર ડિવિઝન

નિવિદા આમંત્રણ સુચના

ભારતનાં રાષ્ટ્રપતિ તરફથી ડીવીઝનલ રેલ્વે મેનેજર એસ એન્ડ ટી પશ્ચિમ રેલ્વે ભાવનગર દ્વારા નીચેનાં કાર્યોમાટે ઈ-નિવિદાઓઆમંત્રીત કરવામાં આવેછે.:-૧. નિવિદાનંબર૭-૨૦૨૧:કામનુંનામ : ભાવનગર મંડળ: એડીએસટીઈ-બીવીપી અનુવિભાગનાં આધિન એક વર્ષની મુદત માટે સીગ્નલીંગ પરીસંપતિઓની સારસંભાળ અને રીપેરીંગ. અંદાજીત ખર્ચ: રૂા.૨૩,૬,૯૭૧/- ૨. નિવિદાનંબર : ૮-૨૦૨૧ : કાર્યનુંનામ: આંતરીક અને બાહયએસ એન્ડ ટી કાર્યની ડીઝાઈન, આપુર્તી, સંસ્થાપન, પ્રોગ્રામીંગ, પરીક્ષણ અને ક્મીશનીંગથી સંબંધીત સોમનાથ : ઈલેકટ્રોનિકસ ઈન્ટરલોકીંગ ઈ.આઈ પ્રણાલીનીસાથે ટર્મીનલ સુવિધાઓ વધારવા અને ઈયરલોકીંગમાં સુધારહેતુ. રાજકોટ-સોમનાથ: લુશાળાથીસોમનાતથ અનુભાગમાં એસટીડી ૧ થી એસટીડી ૨ આરકે ઈન્ટરલોકીંગ ઉન્નયનહેતુ. ગોંડલ અને કેશોદ સ્ટેશન ઉપર ટ્રેક મશીન સ્ટેબલીંગ સાઈડીંગના પ્રબંધ હેતુ. અંદાજીત ખર્ચ: રૂા.૬,૩૨,૬૪,૩૮૯.૭૨/-નિવિદાદાતા ફકત લીંક www.ireps.gov.in નાદ્વારા જ આવેદન કરી શકે છે. વધુ જાણકારી માટે વેબસાઈ www.ireps.gov.in જુઓ. ઓનલાઈન આવેદન કરવાની અંતિમ તારીખ ૩૦-૯-૨૦૨૧ના ૧૫.૦૦ કલાક સુધી છે. BVP-34

લાઈક કરો : f www.facebook.com/WesternRly

પશ્ચિમ રેલ્વે-રાજકોટ ડિવિઝન

(સર્વેક્ષણ અને બાંધકામ)

પરચુરણ કામો

ઈ-ટેન્ડર નોટિસ નં.: ડીવાયસીઈ/સી આરજેટી-એસયુએનઆર-આરજેટી-40 નાયબ મુખ્ય ઈજનેર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, રાજકોટ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: 1. લોકેશન સાથે કામનું નામ: સુરેન્દ્રનગર રાજકોટ ડબલિંગ પ્રોજેક્ટના સંબંધમાં દલડી-રાજકોટ સેક્શન વચ્ચે સ્ટેશન સુધારણા, એલસી ગેટ એપ્રોચ રોડ, હંગામી ફુટ ઓવર, પ્લેટફોર્મ કામો, માટીકામ, સુરક્ષા ફેન્સિંગ વિ. જેવા પરચુરણ કામો 2. કામની અંદાજિત કિંમત: ₹5,43,46,869.62 3. કામ પૂર્ણ કરવાનો સમયગાળો: 06 મહિના. 4. બીડ રજૂ કરવાની અને ખોલવાની તારીખ અને સમય: રજૂ કરવા માટે: 28.09.2021 15.00 કલાક સુધી. ખોલવા માટે: 28.09.2021 15.15 કલાકે. 5. વેબસાઈટની વિગતો નોટિસ બોર્ડ સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને કચેરીનું સરનામું: વેબસાઈટ: www.ireps.gov.in નાયબ મુખ્ય ઈજનેર (બાંધકામ), પશ્ચિમ રેલ્વે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ. RJT-32

લાઈક કરો : f www.facebook.com/WesternRly

જૂનાગઢ જીલ્લામાં ઓગસ્ટ માસમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર આસી. કલેકટર અને જીલ્લા પૂરવઠા અધિકારીનું સન્માન

સી.એમ.ડેશ બોર્ડ સહિત સમગ્ર કામગીરીમાં ખંત અને નિષ્ઠાથી કામગીરી માટે સન્માનિત કરાયા

દર માસે શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીને સન્માનીત કરાશે : કલેકટર રચિત રાજ

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લામાં ઓગસ્ટ માસમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર આસી.કલેકટર અંકીત પન્નુ અને જિલ્લા પૂરવઠા અધિકારી એન.ડી. ગોવાણીને પ્રશસ્તિપત્ર આપી જિલ્લા કલેકટર રચિત રાજ દ્વારા સન્માનિત કરાયા છે. આ બંને અધિકારીઓને ઓગસ્ટ માસ માટે બેસ્ટ ઓફીસર તરીકે સન્માનીત કરાયા છે.

જિલ્લાની વહિવટી તેમજ પ્રજાલક્ષી કામગીરી બહેતર કરવા જિલ્લા કલેકટર દ્વારા નુતન અભિગમ અપનાવી દર માસે શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓને સન્માનિત કરવાનો નિર્ણય કરાયો છે. આ નિર્ણયના ભાગરૂપે ઓગસ્ટ માસમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર આસી. કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારીનું સન્માન કરાયુ હતું.

આ બંને અધિકારીઓ દ્વારા સી.એમ. ડેશબોર્ડ ઉપરાંત ૧૫ ઓગસ્ટ સ્વાતંત્ર્ય પર્વની રાજયકક્ષાની ઉજવણી સહિત પ્રજાલક્ષી કામગીરીમાં ખંત અને નિષ્ઠાથી કામગીરી કરાતા કલેકટર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં અંકીત પન્નુ અને એન.ડી. ગોવાણીને પ્રશસ્તીપત્ર આપી સન્માનિત કરાયા હતા.

સન્માનિત અંકીત પન્નુએ કહ્યુ કે કલેકટરની આ પહેલથી મોટીવેશન મળવા સાથે અધિકારીઓમાં ઉત્સાહનો સંચાર થશે. અને કચેરીની સર્વગ્રાહી કામગીરી સુધરશે. જિલ્લા પૂરવઠા અધિકારી એન.ડી. ગોવાણીએ આસી. કલેકટરની વાતમાં સુર પુરાવતા જણાવ્યું હતું કે કામગીરીની નોંધ લેવાથી આત્મવિશ્વાસ વધવા સાથે વધુ સારી કામગીરી કરવાની પ્રેરણા મળે છે. જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખ, અધિક કલેકટર એલ.બી.બાંભણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જાડેજા તેમજ જિલ્લાનાં વરિષ્ઠ અધિકારીઓની ઊપસ્થિતીમાં બંને અધિકારીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

જૂનાગઢ મહાનગરપાલિકાની આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા પોષણ માસની ઉજવણી

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ મહાનગર-પાલિકાની આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા પોષણ માસની ઉજવણી કરવામાં આવી રહી છે. પોષણ માસની ઉજવણી અંતર્ગત સુપોષીત ગુજરાતના નિર્માણમાં સહભાગી થવા શપથ લેવામાં આવેલ. આ ઉપરાંત પોષણ રેલીનું આયોજન કરવામાં આવેલ અને પોષણ સૂત્રોચ્ચાર દ્વારા પોષણ અંગે સંદેશ આપેલ. તારીખ ૨ સપ્ટે.ના રોજ આંગણવાડી કેન્દ્રના લાભાર્થી સગર્ભા, ધાત્રી, કિશોરીને કિચન ગાર્ડન વિશે સમજ આપેલ. નર્સરી ખાતેથી ૩૦૦ રોપા મેળવી આંગણવાડી કેન્દ્ર ખાતે તેમજ લાભાર્થીના ઘરે આ રોપા વાવી ઘર આંગણે જ પોષણયુકત આહાર મેળવવા માટે સમજ આપવામાં આવેલ.તારીખ ૩/૯/૨૧ ના રોજ સગર્ભા અને ધાત્રી માતાને ગૃહ મુલાકાત તેમજ બેઠક બોલાવી પોષણ યુક્ત આહાર, ૧૦૦૦ દિવસ, સ્વચ્છતા વગેરે વિષય અંતર્ગત સમજ આપવામાં આવેલ. પોષણ માસની ઉજવણી દરમ્યાન કુપોષિત બાળકોની ઓળખ માટે બાળકોના વજન ઊંચાઈ પણ કરવામાં આવેલ.

મેયર ધીરૂભાઈ ગોહેલ અને મ્યુ. કમિશ્નર આર.એમ તન્નાના માર્ગદર્શન હેઠળ સમગ્ર ઉજવણીના પ્રોગ્રામ ઓફિસર વત્સલાબહેન દવે અને સીડીપીઓ ગીતાબહેન વણપરિયા તેમજ તમામ સુપરવાઈઝર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવેલ હતું.

જૂનાગઢમાં ગણેશ ઉત્સવના તહેવારને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઈ

જૂનાગઢ, તા.૬

જૂનાગઢમાં આગામી ગણેશ ઉત્સવનો તહેવાર સુલેહ શાંતિ અને કોરોના ગાઈડ લાઈનને અનુસરીને યોજાય તે માટેની એક ખાસ મિટિંગ ડી. વાય.એસ.પી. પ્રદીપસિંહ જી. જાડેજાના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ જેમાં સરકારની કોરોના ગાઈડ લાઈનની અમલવારી થાય અને સોશ્યલ ડિસ્ટન્સ જળવાઈ રહે તેની ખાસ તકેદારી રાખવા ઉપરાંત આ તહેવાર સુલેહ શાંતિમય વાતાવરણમાં ઉજવાય તેની તકેદારી રાખવા જણાવેલ જે અન્વયે ઉપસ્થિત આગેવાનોએ ખાત્રી આપેલ હતી.

આ બેઠકમાં એ ડિવિઝન પી.આઈ. વાઢેર, બી ડિવિઝન પી.આઈ. રાઠોડ, સી ડિવિઝન પી.એસ.આઈ. તેમજ શાંતિ સમિતિના બટુકભાઈ મકવાણા, અશ્વિનભાઈ મણિયાર, સુનીલ સિંદે, કે.ડી.સગારકા, વહાબભાઈ કુરેશી, દીપક ધોળકિયા, સોહેલ સિદ્દીકી ઉપરાંત વિવિધ ગણેશ ઉત્સવ સમિતિના આયોજકો હાજર રહેલ હતા.

પ્રાગદાસ બાપાની રામ વાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા શાંતિયજ્ઞ યોજાઈ ગયો

૧૫૦થી વધુ કલાકારોનું પણ અદકેરૂ સન્માન કરાયું

જૂનાગઢ, તા.૬

પ.પૂ. પ્રાગદાસ બાપાની રામવાડી અન્નક્ષેત્ર ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા ગુજરાતમાં મેઘમહેર થતા ઈશ્વર પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા પ્રભુ પ્રાર્થના અને કોરોનામાં જીવન ગુમાવનાર જીવાત્માઓની શાંતિ અર્થે આજે તા.૬ને સોમવારે રામવાડી નં.૧ ગિરનાર રોડ જૂનાગઢ ખાતે શાંતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બપોર પછી શબ્દસૂરના આરાધકો અને સહાયકો એવા ૧૫૦થી વધારે કલાકારોનું અદકેરૂ સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી હરીહરાનંદ ભારતીજી, શ્રી મહાદેવ ભારતીજી તથા અંબાજી મંદિરના મહંત તનસુખગીરીબાપુ આર્શીવાદ આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડા, પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, ધારાસભ્ય ભીખાભાઈ જોષી, મેયર ધીરૂભાઈ ગોહેલ સહીતના મહાનુભાવો, પદાધિકારીઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા અન્નક્ષેત્ર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો.એન.પી. પટેલ અને સમગ્ર ગોદડીયા પરીવારના સભ્યો દ્વારા જહેમત ઉઠાવાઈ હતી.

મહાનગરપાલિકા જૂનાગઢની સ્ટેબલ શાખાની ઓફીસ રથખાનાના ડેલો સુખનાથ ચોક ખાતે ફેરવાઈ

જૂનાગઢ, તા.૬ : જૂનાગઢ શહેરની જાહેર જનાતાને જાણ કરવામાં આવે છે કે, બહાઉદીન કોલેજ પાસે હાજીયાણી બાગ ખાતે મહાનગરપાલિકા જૂનાગઢ હસ્તકની સ્ટેબલ શાખા રથખાનાના ડેલા સુખનાથ ચોક ખાતે ફેરવી ત્યાં કાર્યરત કરવામાં આવી છે જેથી શહેરમાં મરેલ પશુ ઉપાડવા, જાહેર શૌચાલય/ યુરીનલ સફાઈ કરાવવા બાબતની ફરીયાદ આ ઓફીસમાં રૂબરૂ અથવા ફોન નં. જૂનાગઢના કોડ સાથે ૦૨૮૫-૨૬૨૨૬૦૧ ઉપર નોંધવવા અશ્વારાબેતા મુજબ ઓનલાઈન એપ્લીકેશન જૂનાગઢ-૩૧૧થી નોંધાવી શકાશે જેની જાહેર જનતાએ નોંધ લેવા જાણ કરવામાં આવી છે.

રાજય સરકારે સોલારની કેપિટલ વ્યાજ સબસિડી પાછી ખેંચતા સોલાર ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશને હાઈકોર્ટનો આશરો લીધો

અમદાવાદ, તા.૬

સ્મોલ સ્કેલ સોલાર પ્રોજેક્ટ માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમીટેડે પાવર પરચેજ એગ્રીમેન્ટ (પીપીપી) કર્યા બાદ કેપિટલ સબિસિડી અને વ્યાજની સબિસિડી પાછી ખેંચી લીધી છે. ગુજરાત સરકારના પગલાંને કારણે ૨૫૦૦ મેગાવોટ વીજળી માટે કરાર કરનારા ખેડૂતો અને નાના રોકાણકારોમાં રોષ વ્યાપી ગયો છે અને સરકારે છેતરપીંડી કરી હોવાનું અનુભવતા ગુજરાત ફેડરેશન ઓફ સોલાર ઈન્ડસ્ટ્રીઝે હાઈકોર્ટનો આશરો લીધો છે.

ફેડરેશનના પ્રમુખ કિશોરસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે ગુજરાત સરકારે પીપીપી કર્યાના એકથી દોઢ મહિનામાં જ ગુલાંટ મારી કરારનો ભંગ કર્યો છે. પ્રોમીસરી એસ્ટોપલની જોગવાઈઓનો પણ તેના થકી ભંગ થાય છે. સબસિડી આપવાનો કરાર કર્યા પછી ફરી જવા માટે સરકાર પાસે કોઈ વાજબી કારણ નથી. મોટા ઉદ્યોગગૃહો આ ક્ષેત્રમાં ઝંપલાવતા તે પછી સરકારે સબસિડી પાછી ખેંચી લેવાના પગલાં લીધા છે તે અન્યાય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું. કે પીપીપી ૨૬ કરતા ૨૫૦૦ મેગાવોટ માટે યુનિટદીઠ રૂા.૨.૮૩ના ભાવે વીજળીનો સપ્લાય આપવા પીપીપી કરનારા ૪૦૦૦ જેટલા ખેડૂતો અને રોકાણકારોને રૂા. ૨,૨૦૦ કરોડનું નુકસાન ગયું છે. સરકારે અડધા મેગોવોટથી ૪ મેગાવોટ સોલાર પાવર જનરેટ કરવા માટે કરાર કરેલા છે. આ નુકસાન પણ સરકાર ભરપાઈ કરી આપે તેવી પણ અમારી માગણી છે. ઉલ્લેખનીય છે કે સ્મોલ સ્કેલ ડિસ્ટ્રીબ્યૂટેડ સોલાર પ્રોજેક્ટ માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમીટેડે ૨૩ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ અડધાથી ચાર મેગાવોટની ક્ષમતાના ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર પાવર પ્રોજેક્ટ તૈયાર કરીને સરકારે પાવર સપ્લાય કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ યોગ્ય પ્રતિભાવ ન મળતા આ યોજના ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી લંબાવાઈ હતી. જેમાં સરકારે પીપીપી હેઠળ રૂા. ૨.૮૩ ચૂકવવાનું નક્કી કર્યુ હતું. એટલું જ નહી કરાર થયા બાદ યુનિટદીઠ રૂા.૨.૮૩ ચૂકવવાનું અને કેપિટલ સબસિડી રૂા.૩૫ લાખ આપવાનું નક્કી કર્યુ હતું.

સરકારની આ યોજનામાં ૧૨,૫૦૦ જેટલા સોલાર એમએસએમઈએ ભાગ લીધો હતો. તેના કારણે ગુજરાતમાં રૂા.૧૦ હજાર કરોડનું રોકાણ થયું હોત. સરકાર જો આ યોજનામાં આગળ વધી હોત તો ગુજરાતમાં એક સાથે ૪ હજાર એમએસએમઈ એકમોનું નિર્માણ થયું હોત. સરકારના આ નિર્ણયને કારણે ઘણા ખેડૂતોએ પોતાની જમીન લિઝ ઉપર આપતા તેઓ હવે ખેતી કરી શકતા નથી. આમ અનેક અંધાધૂંધી ઊભી થઈ છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા બેટ દ્વારકામાં ત્રણ તબક્કામાં વિકાસ કામો હાથ ધરાશે

ઉર્જામંત્રી સૌરભ પટેલના હસ્તે બેટ દ્વારકા ખાતે વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરાયું

દ્વારકા, તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના બેટ દ્વારકા ખાતે રાજયના ઉર્જામંત્રી સૌરભભાઈ પટેલના હસ્તે રૂા.૪.૯૯ કરોડના પ્રથમ તબકકાના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે આપણા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મંજુર થયેલ ઓખાથી બેટ દ્વારકા સુધીનો રૂા.૧૧૬૦ કરોડના ખર્ચે બનનાર ફોરલેન સસ્પેન્શન હેંગીગ બ્રીજ આગામી એક વર્ષમાં પુર્ણ થનાર છે. જે પુલની નીચેથી પીવાના પાણીની લાઈન, અંડર ગ્રાઉન્ડ વિજળીની વ્યવસ્થા બેટ દ્વારકા સુધી કરવામાં આવનાર છે. જેનાથી બેટ દ્વારકાવાસીઓને પીવાના પાણીની તેમજ વિજળીની વારંવાર ફોલ્ટની સમસ્યા દુર થશે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આગામી દિવસોમાં બેટ દ્વારકામાં સંપુર્ણ વિજ લાઈન અંડર ગ્રાઉન્ડ કરવાની રાજય સરકારની નેમ છે. ઉકત ચાર માર્ગીય પુલની સુવિધાથી યાત્રિકોની સુવિધા વધશે. મંદિર પરિસરની બાજુમાં યાત્રિકો માટે વેઈટીંગ હોલ, બુટ ચંપલ અને મોબાઈલ રાખવાની અને સેનીટાઈઝેશનની સુવિધા કરવામાં આવશે. જે પ્રથમ તબક્કામાં ઉપલબ્ધ થશે અને બેટ દ્વારકાવાસીઓના દરેક ઘરમાં રૂફ ટોફ સોલાર ફીટ કરવામાં આવશે તેમ પણ જણાવ્યું હતું. મંત્રીએ બેટ દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધિશના દર્શન અર્ચન કર્યા હતા. આ તકે જિલ્લા કલેકટર એમ.એ. પંડયા, પ્રાંત અધિકારી નિહાર ભેટારીયા, દેવસ્થાન સમિતિના ઉપપ્રમુખ સમીરભાઈ પટેલ, પીજીવીસીએલ જામનગરના અધિક્ષક ઈજનેર સી.કે. પટેલ, ઉમંગભાઈ શાહ, મીહિરભાઈ મહેતા, હેમંતસિંહ વાઢેર, પ્રમોદભાઈ ભટ્ટ, ધનજીભાઈ પટેલ, કાંતિલાલ સોની, અનુજભાઈ મહેતા, ઓખા નગરપાલિકા પ્રમુખ ચેતનભા માણેક, ચીફ ઓફીસર તેમજ ફીશરીઝના ત્રિવેદી સહિત અધિકારીઓ અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા.

સાળંગપુરમાં શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીને ધરાવાયો ભવ્ય મીઠાઈનો અન્નકુટ

સાળંગપુર, તા.૬

યાત્રાધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુરમાં તા.૪/૯/૨૦૨૧નો શનિવારે હનુમાન દાદાને મીઠાઈના અન્નકુટનું આયોજન કરવામાં આવેલ હતું. દાદાનો દિવ્ય વાઘાનો શણગાર તથા સિંહાસનનો રંગબેરંગી ફુલોથી શણગારવવામાં આવેલ. દાદાને વિવિધ પ્રકારની મીઠાઈઓ અન્નકુટ સ્વરૂપે ધરાવવામાં આવી હતી. આ મીઠાઈના અન્નકુટ તથા ષોડશોપચાર પૂજન એવમ મહાઆરતીના દિવ્ય દર્શનનો લાભ હરીભકતોએ ઓનલાઈન તથા રૂબરૂ લઈ ધન્યતા અનુભવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

કિસાન અને કોમનમેનને લૂંટાતો બચાવવા સરકાર ઈ-કોમર્સ સાઈટ ઉભી કરે તો ?

આપણે ત્યાં તક મળે ત્યારે કમાણી કરી લેવી તેવી નીતિ વેપારીવર્ગ અપનાવી લઈ લાભ લેતો હોય છે અને સામાન્ય પ્રજા ના છૂટકે તેનો ભોગ બનતી હોય છે તે સાથે કિસાનો પણ તેનો ભોગ બને છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના વેપારીઓ ક્યારે કઈ ચીજવસ્તુની અછત ઊભી થશે તે સમજવાના ઉત્સાહ હોય છે. જોકે માત્ર ભારતમાં જ નહીં પરંતુ અન્ય કેટલાક દેશોમાં પણઆવી જ સ્થિતિ છે. દેશભરમાં કર્ણાટકની જેમ કૃષિ ઉત્પાદનો ખરીદીના ઈકોમર્સ સેન્ટ્રો ન હોવાને કારણે મોટાભાગે અનાજ, કઠોળ, વિવિધ દાળો તથા શાક-ભાજી, ફળો વગેરેમાં આવી સ્થિતિ આજદિન સુધી બની રહી છે. જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવો કંટ્રોલ કરવામાં સરકારની કોઈ ચોક્કસ નીતિ નથી તેમજ તંત્ર પણ આ બાબત તરફ સરકારનું ધ્યાન દોરવામાં ઉણુ ઉતર્યુ છે. બીજી તરફ કૃષિ ઉત્પાદનો કરતા ખેડૂતો પણ લૂટાતા હોય છે. ઉત્પાદનની કિંમત અને છૂટક બજારમાં વેંચાતા અનાજ, કઠોળ, શાક-ભાજી, ફળોની કિંમતો વચ્ચે ૧૦૦ થી ૧૫૦ ટકા સુધીનો ફર્ક હોય છે. કોરોના કાળમાં આમ પ્રજાને દરેક વેપારીઓનો લગભગ આ કિંમતો બાબતે અનુભૂતિ થઈ ગઈ છે. કોરોના સમયમાં લીલા શાકભાજી, લીંબુ, ફળો વગેરેના ભાવો આસમાને પહોંચાડી દીધા હતા. જે ભાવ વધારો કૃત્રિમ હતો. જેમાં કિંમતો જોઈએ તો રૂપિયા ૨૦/-ની કીલો નારંગીની કિંમત રૂપિયા ૧૫૦ ઉપર પહોંચી ગઈ હતી, કોથમીર કિલોના રૂપિયા ૬૦/- હતા તેની કિંમત રૂપિયા ૨૦૦ પહોંચી હતી, લીંબુ ૪૦ કિલો મળતા તેની કિંમત રૂપિયા ૨૦૦ થી ૨૫૦/- પહોંચી ગઈ હતી ત્યારે ખેડૂતોને સંલગ્ન બજારોમાં આ શાકભાજી વગેરેની નહીવત કિંમતો મળતી હતી. અને વેપારીઓ કોરોના કાળમાં લોકોની જરૂરિયાતોનો મોટો લાભ લીધો હતો. અનેક તકવાદીઓ માનવતા ભૂલી માનવ જિંદગી સાથે જાણે અજાણે ખેલી રહ્યા હતા... ઓક્સિજન, ઈન્જેક્શન, દવા વગેરેના કાળા બજાર કર્યા કરી રહ્યા હતા. અને આ તકવાદીઓએ મોટી કાળી કમાણી કરી લીધી હતી જે એક હક્કીત છે. અને ત્યારે લાગ્યું કે અર્વાચીન યુગમાં વેપારીવર્ગ માનવતાના સંસ્કારો કે માનવીય અભિગમ ગુમાવી બેઠો છે.....!! જોકે સરકારે ઓક્સિજન, ઈન્જેક્શન, દવાઓના કાળા બજારીયાઓને ઝડપીને જેલમાં પણ ધકેલી દીધા હતા.....!

કૃષિ ક્ષેત્રે ખેડૂતોની સ્થિતિ એવી કફોડી છે કે પોતાના ઉત્પાદનો માર્કેટ યાર્ડ કે સંલગ્ન માર્કેટમાં વેંચવા દોડવું પડે છે. જ્યાં વચેટીયાઓ દ્વારા તેમના ભાવોથી જે તે ખેત ઉત્પાદનો વેંચાય છે. અને આ ઉત્પાદનો છૂટક બજારમાં પહોંચતા જ કિંમતોમાં ૫૦ ટકાથી ૧૫૦ ટકા વધી જાય છે કારણ દરેક વચેટીયાના ૧૫% વસુલાત કિંમતમાં ઉમેરાતી જાય છે. પરિણામે ખેડૂત હતો ત્યાંનો ત્યાં જ રહે છે એ પાંદડે થતો નથી. જો સરકારી ઈકોમર્સ સાઈટ ઊભી કરી સીધું વેંચાણ કરે તો ખેડૂતોને પોષણક્ષમ પૂરતી કૃષિ ઉત્પાદનોની કિંમત મળી રહે અને તે સુખી થાય. અને તે સાથે તેને લોન લેવાની જરૂર ન રહે. ગામડામાંથી આવતા શાકભાજી સંલગ્ન બજારોમાં ઠલવાય છે અને ત્યાં સોદા-હરરાજી થાય છે. ખેડૂતોથી જથ્થાબંધ ખરીદ્યા પછી તેની માંગ અનુસાર બજાર કિંમતો નક્કી થાય છે જે કિંમત વેપારીઓ નક્કી કરે છે. અને છૂટક બજારમાં જાય છે. આમાં ખેડૂત પાસેથી રૂપિયા ૫/- માં કીલોએ ખરીદેલી દુધી છૂટક બજારમાં ૩૦/-થી ૪૦/- માં કીલો વેંચાય છે, કોથમીર રૂપિયા ૨૦/-થી ૩૦/- કીલો ભાવથી ખરીદેલ રૂપિયા ૮૦/- થી ૧૨૦/- માં વેંચાય છે, રીંગણાંની હાલત દૂધીની કિંમત જેમજ છે, ટમાટર રૂપિયા કીલો ૨/- થી ૫/- માં ખરીદેલા છૂટક બજારમાં રૂ.૨૦/- થી ૪૦/- ના ભાવે વેંચાય છે. ટૂંકમાં ખેડૂત અને પ્રજા બંન્ને લૂટાય છે. ત્યારે સરકારે હવે કૃષિ ઉત્પાદન ક્ષેત્રમાં કર્ણાટક સરકારે જે કૃષિ ઉત્પાદનો ખરીદવાની વ્યવસ્થા કરી છે તે રીતે ઈકોમર્સ સેન્ટરો ઉભા કરવા તરફ ધ્યાન આપવું જરૂરી છે. અને ત્યારેજ અનાજ, કઠોળ, દાળો, શાક-ભાજી, ફળોના ભાવો પણ કન્ટ્રોલ થશે, ખેડૂતોને પુરતી કિંમતો મળશે તેમજ ખેડૂતો તથા પ્રજા લૂટાતી બંધ થશે.....!

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ધૃણા અને પ્રેમ બંને આંધળા છે.

- કહેવત

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૭, શા. શાકે. ૧૯૪૩, પા.ફરવરદીન-૧૩૯૧, મુ. મોહરમ-૧૪૪૩, જૈન વીર સં.-૨૫૪૭, કચ્છી સં. ૨૦૭૮, શ્રાવણ વદ-૧૪ અમાસનો ક્ષય છે, શિવપૂજન, શિવમુષ્ટિ, દર્શ અમાવસ્યા, સોમવતી અમાસ, પીઠોરી અમાસ, વૃષભ પૂજન, માતૃકા દિન, દર્ભાહરણ, શિવપૂજન સમાપ્ત તા.૬ સપ્ટેમ્બર ૨૦૨૧, સોમવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨૮, મઘા નક્ષત્ર, શિવ યોગ, ચતુષ્પાદ કરણ, સૂ.ઉ.૬:૩૫, સૂ.અ.૧૯:૦૩ આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

કોરોના વેક્સિન ગંભીર બીમારીને ટાળે છે અને હોસ્પિટલાઈઝ થતાં બચાવે છે : એક અભ્યાસનું તારણ

લંડન તા.૬

કોવિડ-૧૯ વેક્સિનના બંને ડોઝ લગાવી ચૂકેલા લોકોને લોન્ગ કોવિડની સંભાવના વેક્સિન ના લેનાર લોકોની સરખામણીએ ૫૦ ટકા ઓછી હોય છે. ધ લેન્સેટ ઈન્ફેક્શિયસ ડિસીઝ જર્નલમાં છપાયેલી એક સ્ટડીમાં આ વાત કહેવામાં આવી છે. લંડનની કિંગ્સ કોલેજે આ સ્ટડી કરી છે. સાથે જ વેક્સિન લગાવી ચૂકેલા લોકોમાં બીજીવાર ઈન્ફેક્શન થવાની આશંકા પણ ઘણી ઓછી છે. સ્ટડીમાં જણાવાયું છે કે, કોરોના વેક્સિનના બંને ડોઝ લેનારા લોકોને ગંભીર રોગ થતો નથી અને તેઓ હોસ્પિટલાઈઝ થતાં પણ બચે છે. કિંગ્સ કોલેજના ડોક્ટર ક્લેયર સ્ટીવ્સ અનુસાર, બીજીવાર ઈન્ફેક્શન થવાની સંભાવના શરૂઆતથી જ બનેલી છે. આ વાતને નકારી શકાય નહીં કે જે ઉદ્દેશ્યથી આ વેક્સિનને તૈયાર કરવામાં આવી હતી તે બિલકુલ આ જ રીતે કામ કરી રહી છે. એટલે કે જિંદગી બચાવવી અને લોકોનો ગંભીર રીતે બીમાર પડવાથી બચાવ કરવો. સાથે જ તેમણે કહ્યું, અમારી સ્ટડીથી કોવિડ-૧૯ ઈન્ફેક્શનની રોકથામમાં વેક્સિન કેટલી કારગર છે આ વાતની જાણકારી મળે છે. આ સ્ટડીમાં ૧૨ લાખ કરતા વધારે વયસ્ક લોકો સામેલ કરવામાં આવ્યા હતા. આ લોકોને ફાઈજર-બાયોએનટેક, ઓક્સફોર્ડ-એસ્ટ્રાજેનેકા અથવા મોડર્ના વેક્સિનની ઓછામાં ઓછો એક ડોઝ ડિસેમ્બર ૨૦૨૦થી જુલાઈ ૨૦૨૧ લગાવવામાં આવી ચૂક્યા હતા. સ્ટડી અનુસાર આમાંથી ૦.૫ ટકા કરતા પણ ઓછા લોકોમાં વેક્સિનનો પહેલો ડોઝ લગાવવાના ૧૪ દિવસથી વધારે સમયમાં પાછુ કોવિડ ઈન્ફેક્શનની વાત સામે આવી છે. આ સ્ટડીમાં સામેલ એવા લોકો જેમને વેક્સિનના બંને ડોઝ લગાવાવમાં આવી ચૂક્યા હતા તેમાંથી ૦.૨ ટકા કરતા પણ ઓછા લોકોમાં વેક્સિનનો બીજો ડોઝ લગાવવાના સાત દિવસ કરતા પણ વધારે સમયમાં પાછું કોવિડ ઈન્ફેક્શનની વાત સામે આવી છે. આ સ્ટડી અનુસાર પહેલાં ડોઝ બાદ બીજીવાર ઈન્ફેક્શનના આ કેસમાંથી ૬૩ ટકા વિના લક્ષણવાળા હોય છે ત્યાં બીજા ડોઝ બાદ બીજીવાર ઈન્ફેક્શન થાય છે તો જેમાંથી ૯૪ ટકા કેસમાં કોઈ લક્ષણ હોતો નથી. પહેલો ડોઝ લગાવી ચૂકેલા લોકોમાંથી જેમાં બીજીવાર ઈન્ફેક્શનની સૌથી વધારે સંભાવના હોય છે તેમાં ૬૦ વર્ષથી વધારે ઉંમરના લોકો સામેલ છે. સાથે જ જેમાંથી તે વયસ્ક પણ સામેલ છે જે પહેલેથી જ મેદસ્વિતા, દિલની બીમારી, કિડની અથવા ફરી ફેફસાંની બીમારીથી પીડિત છે.

સાપ કરડવાથી થતા મૃત્યુંનું સૌથી વધારે પ્રમાણ ભારતમાં છે

ભારતમાં અસંખ્ય પ્રજાતિના સાપો છે પરંતુ તેમાંથી માત્ર ૨૮ પ્રજાતિ જેટલા સાપ જ ઝેરી છે

અમદાવાદ તા.૬

ભારતમાં સર્પદંશની ઘટનાઓ અંગે વાત કરીએ તો વિશ્વમાં સાપ કરડવાના અને તેને લીધે થતાનું મૃત્યુનું સૌથી વધારે પ્રમાણ ભારતમાં છે. ખેડૂતો, શ્રમિકો, પશુપાલકો, સાપથી બચાવનારા લોકો, આદિવાસી તથા દુર્ગમ કે અંતરિયાળ વિસ્તારોમાં વસવાટ કરતાં લોકો સૌથી વધારે ભોગ બને છે. મુંબઈ સ્થિત ICMRની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ફોર રિસર્ચ ઈન રિપ્રોડક્ટિવ હેલ્થની માહિતી પ્રમાણે ભારતમાં વર્ષ ૨૦૦૦થી ૨૦૧૯ વચ્ચેના ગાળામાં એટલે કે ૨૦ વર્ષના ગાળામાં ભારતમાં સાપ કરડવાને લીધે આશરે ૧૨ લાખ લોકોના મોત થયા હતા. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન(WHO)એ દેશમાં સર્પદંશને હાઈ-પ્રાયોરિટી નેગ્લેક્ટેડ ટ્રોપિકલ ડિસિસ તરીકે ગણાવો છે. વર્ષ ૨૦૨૦માં ભારતમાં વર્ષ ૨૦૦૦થી ૨૦૧૯ દરમ્યાન સર્પદંશથી થતા મૃત્યુ અંગેના એક અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે ભારતમાં સર્પદંશના જે ૨૮ લાખ કેસ સામે આવ્યા હતા તે પૈકી ૧૨ લાખ લોકોએ જીવ ગુમાવ્યા હતા. જુલાઈ, ૨૦૨૦ની માહિતી પ્રમાણે છેલ્લા એક વર્ષમાં સર્પદંશને લીધે થયેલા કુલ મૃત્યુ પૈકી ૯૪ ટકા મૃત્યુ ગ્રામીણ ભારતમાં થયા હતા. સૌથી આઘાતજનક બાબત એ હતી કે કુલ મૃત્યુ પૈકી ૭૦ ટકા મૃત્યુ દેશના આઠ રાજ્ય-બિહાર, ઝારખંડ, મધ્ય પ્રદેશ,, ઓડિશા, ઉત્તર પ્રદેશ, આંધ્ર પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં થયા હતા. સર્પદંશની સારવાર માટે એન્ટી સ્નેક વેનમ(ASV)સીરમ નો ઉપયોગ કરવામાં આવે છે. એન્ટી વેનમ સાપના ઝેરમાં ભળીને તેને નિષ્ક્રિય કરી દે છે, જેને લીધે સાપના ઝેરને લીધે શરીરમાં જે નુકસાન થઈ રહ્યું હોય છે તેને અટકાવી શકાય છે. અલબત ઝેરને લીધે અગાઉ શરીરમાં જે નુકસાન થઈ ચુક્યું હોય છે તેને સુધારી શકાતું નથી. જેથી સાપ કરડવાના સંજોગોમાં દર્દીને શક્ય એટલા જલ્દીથી સારવાર મળે તે ખૂબ જ જરૂરી હોય છે. દેશમાં સર્પદંશની કુલ ઘટના બને છે તે પૈકી મોટાભાગની ઘટના દક્ષિણ-પૂર્વ ચોમાસાની સિઝનમાં એટલે કે જૂન મહિનાથી સપ્ટેમ્બર મહિના દરમ્યાન બને છે, આ સમયગાળા દરમ્યાન વિવિધ પ્રકારના સાપ અને માનવીનો ઘરે તથા બાહ્ય ભાગોમાં વધારે પ્રમાણમાં એકબીજાના સંપર્કમાં આવી જતા હોય છે. આ સમયગાળામાં વધારે પ્રમાણમાં વિવિધ પ્રકારના સાપ દરમાંથી બહાર આવતા હોય છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધારે આશરે ૮,૭૦૦ લોકોના મોત થયા હતા, જ્યારે આંધ્ર પ્રદેશમાં આશરે ૫,૨૦૦ અને બિહારમાં આશરે ૪,૫૦૦ લોકોએ સર્પદંશને લીધે જીવ ગુમાવ્યા હતા. પ્રત્યેક વર્ષે સમગ્ર વિશ્વમાં ૫૪ લાખ લોકો એટલે કે ૫.૪ મિલિયન લોકોને સર્પદંશની એટલે કે સાપ કરડવાની ઘટના બનતી હોય છે, આ પૈકી ૧૮ લાખથી ૨૭ લાખ કિસ્સામાં ઝેરની જીવલેણ અસર થાય છે. જેમાંથી આશરે ૮૧ ૦૦૦થી ૧.૩૭ લાખ જેટલા કિસ્સામાં મૃત્યુ થાય છે. આ ઉપરાંત સાપ કરડ્યાં બાદ કોઈ વ્યક્તિ બચી જાય છે તો તેવા સંજોગોમાં તેના આરોગ્ય ઉપર આજીવન કેટલીક વિઘાતક અસરો રહે છે. જેમ કે શરીરનો અસરગ્રસ્ત ભાગ કાપવો પડે, ઝેરની અસર ધરાવતા ભાગમાં વિકાર સર્જાય, નેત્રહીનતા, કિડની સંબંધિત સમસ્યા તથા મગજ ઉપર આડઅસર સર્જાય છે. આ એક એવી જીવલેણ ઘટના છે કે જેનો ભોગ ખાસ કરીને ગરીબ, શ્રમિકો કે આર્થિક રીતે નબળા લોકો તથા પ્રવાસી લોકો બનતા હોય છે.

શિવજીએ શ્રી વિષ્ણુને સુદર્શન ચક્ર અર્પણ કર્યું...

શ્રાવણ સત્સંગ

કનકચંદ્ર છગનલાલ વ્યાસ
દેવેન કનકચંદ્ર વ્યાસ

એક સમયે દૈત્યો ખૂબ જ બળવાન થઈ અને ધર્મનો લેપ કરવા લાગ્યા હતા. તે વખતે દૈત્યો વડે પીડિત થયેલા તુ દેવતાઓએ ભગવાન શ્રી વિષ્ણુ પાસે પ્રાર્થના કરી અને કહ્યું કે, દૈત્યો અમને ત્રાસ આપે છે. માટે અમને મુકિત અપાવો અમે તમારે શરણે આવ્યા છીએ.'' વિષ્ણુભગવાને દેવતાઓને હૈયા ધારણા આપતા કહ્યું, ''આ શત્રુ બલિષ્ટ છે માટે તમેને પ્રયત્નથી જીતવા પડે તે માટે ભગવાન શંકરની મદદની જરૂર હોઈ હું ભગવાન શંકરનું આરાધના કરીશ અને ભગવાન શંકર મને પ્રસંન્ન થશે એટલે હું તમારૂં કાર્ય અવશ્ય કરીશ. આ પ્રમાણે વિષ્ણુ ભગવાને જવાબ આપ્યો એટલે સૌ દેવતાઓ પોતપોતાના સ્થાને ગયા, ત્યાર પછી દેવતાઓનો જય કરવા માટે ભગવાન વિષ્ણુએ શિવજીને પ્રસન્ન કરવા માટે કૈલાશની સમીન જઈ અને તપસ્યા કરી. પાર્થીવ લિંગનું શાસ્ત્રોક્ત વિધાનથી નાના પ્રકારના મંત્રો તથા સ્ત્રોતો વગેરેથી શંકરજીને પ્રસન્ન કરવા પ્રયત્નો શરૂ કર્યા. હરિ એવા વિષ્ણુ ભગવાને પ્રતિજ્ઞા લીધી કે, જયાં સુધી સાક્ષાત શિવજી પ્રસન્ન ન થાય ત્યાં સુધી તપસ્યાના સ્થળથી હટીશ નહીં . પછી માનસરોવરમાંથી મંગાવેલા કમળો વડે મહાદેવજીનું પૂજન કરવા લાગ્યા ત્યારે પણ શિવજી પ્રસન્ન ન થયા તેથી ભગવાન વિષ્ણુ વિચાર મગ્ન બન્યા. બહુ વિચાર પછી કષ્ટરૂપ તપ કર્યુ. એ રીતે પણ તપ કર્યા પછીએ સદાશિવ પ્રસન્ન થયા નહીં. આખરે શિવજીના સહસ્ત્ર નામનું એક પછી એક ઉચ્ચાર કરી પરમહર્ષથી પ્રભુના મસ્તક પર એક એક કમળ અર્પણ કરવા લાગ્યા. ત્યારે ભગવાન સદાશિવને વિષ્ણુ ભગવાનની ભક્તિની પરીક્ષા કરવાની ઈચ્છા થઈ. તેથી હજાર કમળ માંગી એક કમળ હર એવા મહાદેવજીએ હરિ લીધું. શિવજીની આ અદભુત લીલાને વિષ્ણુ ભગવાન જાણી શક્યા નહીં, જેથી પૂર્વ સંકલ્પ પ્રમાણે વિષ્ણુ સહસ્ત્રા કમળમાં એક કમળ ઓછું થયું જાણી શ્રી વિષ્ણુ સંખ્યા પૂરી કરવા પોતાનું નેત્ર કમળ કાઢ્યું. બરાબર એ જ સમયે ભગવાન સદાશિવ પ્રગટ થયા અને શ્રી હરિને સંબોધી અને કહ્યું કે, '' તમારી ઉપર હું પ્રસન્ન થયો છું માટે તમે વરદાન માંગો. તમે જે માંગશો તે આપવા હું તત્પર છું.'' શિવજીના વચનનું શ્રવણ કરી ભગવાન વિષ્ણુ ખૂબ જ હર્ષ પામ્યા અને શિવજીને સંબોધીને કહ્યું, '' હે શંકર ! હે મહાદેવ ! તમારી પાસે હું શું યાચના કરૂ ? તમે તો અંતરયામી છો અને સર્વના હૃદયમાં રહ્યાં છો. આ દૈત્યોને લીધે સમગ્ર વિશ્વ પીડા ભોગવે છે માટે તેને સુખ આપો. દૈત્યોને હણવા માટે કોઈ આયુધ પ્રવર્તમાન નથી. માટે હું તમારે શરણે આવ્યો છું.' એમ કહી પરમાત્મા એવા શિવને નમસ્કાર કરી ઉભા રહ્યાં. ત્યારે પ્રસન્ન થયેલા શિવજીને સુદર્શન નામનું ચક્ર ભગવાન વિષ્ણુને આપ્યું. તેના વડે શ્રી હરિ એ સર્વે દૈત્યોને પીડિત કર્યા અને દેવતાઓને દેત્યોની પીડામાંથી મુક્ત કર્યા.

સાપ્તાહિક રાશી ભવિષ્ય

તા.૬-૯-૨૦૨૧ થી ૧૨-૯-૨૦૨૧ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ

આ સપ્તાહ દરમ્યાન પ્રિયજન પ્રત્યે વિશેષ લાગણી રહે. તેના દ્વારા મનને શાંતિ મળે. અભ્યાસ, નોકરી કે વ્યવસાયમાં વિશેષ રૂચિ રહે. મનામાં પ્રફુલિતતા અનુભવી શકશો. રોગ-શત્રુ ઉપર વિજય મળે. મન અનેરી શાંતિ અનુભવે, રોકાયેલા નાણાં છૂટા થાય. સર્જનાત્મક પ્રવૃત્તિમાં સફળતા મળે. વડીલ વર્ગ સાથે વાણીસંઘર્ષનો પ્રસંગ બને. ધીર રાખવી હિતાવહ.

વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર

આ સપ્તાહ દરમ્યાન કોઈપણ કાર્ય માનાસિક ઉશ્કેરાટથી ન કરવું હિતાવહ. મનામાં વ્યર્થ અશાંતિ અનુભવાય. સાસરાપક્ષ તરફથી લાભ મળે. મિત્રવર્ગ કે ભાગીદાર વર્ગ તરફથી લાભ મળે. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી હિતાવહ. ઉપરી અધિકારી વર્ગ કે વડીલ વર્ગ દ્વારા માન-સન્માન મળે, કાર્યબોજ વિશેષ રહે. ખર્ચનો પ્રસંગ બને.

મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ

આ સપ્તાહ દરમ્યાન નવિન જવાબદારીઓ આવી પડે. જે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરવી. આવક સંબંધિત સમસ્યાઓ હોય તો દૂર થાય. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો કરનારો આ સમય યાત્રા-પ્રવાસનું પણ આયોજન કરાવે. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. આમોદ-પ્રમોદની અધિકતા રહે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય.

કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર

આ સપ્તાહ દરમ્યાન વાદ-વિવાદવાળા કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. અટકેલા કાર્ય પૂર્ણ થાય. પારિવારીક વિષમતા દૂર કરી શકાય. આ દરમ્યાન વધુ પડતું ભાવુક ન રહેવું. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. નહિંતર સમસ્યા સર્જાય. સાહસિક કાર્યમાં સફળતા મેળવી શકશો. નવિન ઓળખાણ થાય. જે ભવિષ્યમાટે લાભદાયી નીવડે.

સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય

આ સપ્તાહ દરમ્યાન પ્રિયજનથી વિશેષ લગાવ રહે. કોર્ટ-કચેરી અને જમીન-વાહન સંબંધિત કાર્યમાં લાભ રહે. આરોગ્ય બાબતો સાવચેતી રાખવી જરૂરી. કોઈ ષડયંત્ર કે ગેરસમજનો ભોગ ન બનો તેની સાવધાની જરૂરી. નોકરી-વ્યવસાયનો લગતા કાર્યમાં સમસ્યા રહે પરંતુ ધીરજ પૂર્વક કાર્ય કરતા રહેવાથી આ સમસ્યા દૂર થાય.

કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ

આ સપ્તાહ દરમ્યાન કાર્યની અધિકતાનો લીધે ખૂબ જ વ્યસ્ત રહેવાય. જીવનસાથી સાથે મનદુઃખ રહે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે. મીલન-મુલાકાત સફળ થાય તેવા આયોજનો સફળતાપૂર્વકપાર પાડી શકો. મુસાફરી-પ્રવાસ ટાળવો હિતાવહ. જામીનગીરી જેવાકાર્યોથી દૂર રહેવું. કોઈની અંગત બાબતોમાં ન પડવું હિતાવહ.

તુલા : ર.ત. સ્વામિ - શુક્ર

આ સપ્તાહ દરમ્યાન ઉચ્ચ અધિકારી વર્ગ પ્રસન્ન રહે તેથી લાભ પ્રાપ્ત થાય. જીવનસાથીના સંપૂર્ણ સહકારથી મહત્વના કાર્યો પાર પાડી શકશો. રચનાત્મક કે પરોપકારી પ્રવૃત્તિમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદ ન થાય તેની તકેદારી રાખવી નહિંતર અગત્યના સંબંધો વણસી જાય. સગાસંબંધી દ્વારા આર્થિક લાભ પ્રાપ્ત કરી શકશો.

વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ

આ સપ્તાહ દરમ્યાન નાવી યોજનાઓ કે મહત્વના કાર્યો મંદગતિએ આગળ વધશે. શત્રુપક્ષથી સાવચેત રહેવું હિતાવહ. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં ધન વ્યય થવાની શક્યતા છે. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. પરોપકારીને લગતા કાર્યોમાં સાવધાની રાખવી. પારિવારીક જીવનનું વાતાવરણ ઉત્સાહવર્ધક રહે. ધાર્મિક કાર્યમાં મન પ્રવૃત રાખવું.

ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ

આ સપ્તાહ દરમ્યાન મોજ-શોખ તરફ વિશેષ લગાવ રહે. કાર્યબોજમાં હળવાશ અનુભવાય. સ્થાનફેરના યોગ છે. ધંધાકીય કાર્યમાં સાવધાની જરૂરી. નાણાંકીય સમસ્યાઓ હળવી બનો. રોકાયેલા નાણાં મહેનત બાદ છૂટા થાય. રાજકીય ક્ષેત્રના વ્યકિતનો સંઘર્ષનો સામનો કરવો પડો. અણધાર્યો પ્રવાસ થાય. જીવનસાથી સાથે વિશેષ લગાવ રહે.

મકર : ખ.જ. સ્વામિ - શની

આ સપ્તાહ દરમ્યાન જૂના સ્નોહીઓ સાથે મુલાકાત થાય. મનમાં અ કારણ ગુસ્સો રહે અનો ચિંતા સતાવે. આરોગ્ય અંગે સાવચેતી જરૂરી. મનમાં અશાંતિ રહે. આર્થિક બાબતો આ સપ્તાહ શ્રેષ્ઠ રહે. રોકાયેલા નાણાં અચાનક છૂટા થાય. અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. વાણીસંયમ ઝાળવવો હિતાવહ.

કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની

આ સપ્તાહ દરમ્યાન નવિન મીલન મુલાકાત, ધાર્મિક કાર્ય કે પ્રવાસ-પર્યટનથી મન અત્યંત પ્રસન્ન રહે. પારિવારીક જીવનમાં પણ ઉત્સાહનો વધારો થાય. ધંધામાં આકસ્મિક ધન લાભ થાય. દૂર્વ્યય થતો અટકે. મોશાળપક્ષ તરફથી લાભ થાય, આરોગ્ય બાબતો સાવચેતી રાખવી હિતાવહ. કોઈ ચિંતા હોય તો તે હળવી બને અથવા ગેરસમજ દૂર થાય. એકંદરે આ સમય શુભ ફળ આપનારૂ રહે.

મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ

આ સપ્તાહ દરમ્યાન વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહીનો સ્વસ્થચિત્તો પોતાના કાર્યને વળગી રહેવું. ભાવનાત્મક પીડા અનુભવાય. આ સપ્તાહ દરમ્યાન આરોગ્ય બાબતો સાવચેત રહેવું હિતાવહ. વાહન ચલાવવામાં સાવચેતી રાખવી. કોઈપણ કાર્ય માનાસિક ઉશ્કેરાટથી ન કરવા હિતાવહ. કાર્યબોઝ વિશેષ રહે.

કોરોના ઈફેકટ : ભારતમાં ઓગસ્ટમાં ૧૫ લાખ લોકોએ નોકરી ગુમાવી

નવી દિલ્હી તા.૬

સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી(CMIE) દ્વારા જારી કરાયેલા નવા આંકડા અનુસાર એક મહિનામાં એટલે ઓગસ્ટ માસમાં બેરોજગારીનો દર વધીને ૮.૩૨ ટકા સુધી પહોંચી ગયો છે. જેમાં સામાન્ય અને અસામાન્ય ક્ષેત્રોમાં કામ કરનારાઓએ ગુમાવવાનો કારણે ૧૫ લાખ લોકો બેરોજગાર બન્યા છે. તેની બીજી તરફ જુલાઈ ૨૦૨૧માં બેરોજગારીનો દર ૬.૯૫ ટકા હતો જે હવે ઓગસ્ટમાં વધીને ૮.૩૨ ટકા થઈ ગયો છે. સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના ઈન્સ્ટિટ્યૂશનલ હેડ પ્રભાકરસિંહે વાતચીતમાં જણાવ્યું હતું કે, બેરોજગારીના દરમાં વધારાનું મુખ્ય કારણ લેબર પાર્ટિશિપેશન રેટમાં વધારો છે. જુલાઈ-ઓગસ્ટ ૨૦૨૧ વચ્ચે એક મહિનામાં આશરે ૪૦ લાખ વધારાના લોકો માર્કેટમાં નોકરી શોધવા નીકળ્યા છે. CMIEના મેનેજિંગ ડાયરેકટર મહેશ વ્યાસે કહ્યું કે, દેશમાં આશરે ૩૯.૭ કરોડ લોકો શિક્ષિત બેરોજગાર છે. કોરોના મહામારી નિયંત્રણમાં આવ્યા બાદ લોકો શહેરોમાં કામની શોધમાં પહોંચી રહ્યા છે. CMIEના આંકડા અનુસાર જુલાઈમાં ૮.૩ ટકાએ રહેલી શહેરી બેરોજગારી ઓગસ્ટમાં વધીનો ૯.૭૮ ટકા સુધી પહોંચી ગઈ છે. દેશમાં કોરોના મહામારીની બીજી લહેર આવ્યા પહેલાં માર્ચમાં શહેરી બેરોજગારીનો દર ૭.૨૭ટકા હતો. આંકડા અનુસાર મુખ્ય રીતે ખરીફ સીઝન દરમ્યાન ઓછી ઉપજને કારણે ગ્રામીણ બેરોજગારી પણ જુલાઈમાં ૬.૩૪ ટકાથી વધીનો ૭.૬૪ ટકા થઈ ગઈ છે. આ અંગે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'મોદી સરકાર રોજગાર માટે હાનિકારક છે, તે કોઈપણ પ્રકારે મિત્રહીન વ્યવસાય અથવા રોજગારને પ્રોત્સાહન અથવા આશરો આપતાં નથી પરંતુ જેની પાસે નોકરી છે તેને પણ છીનવામાં લાગ્યા છે. દેશવાસીઓ પાસેથી આત્મનિર્ભરતાનું ઢોંગ અપેક્ષિત છે.' રાહુલ ગાંધી સતત પોતાના આરોપોમાં કહી રહ્યા છે કે, સરકાર કેટલાક ઉદ્યોગપતિઓ માટે જ કામ કરી રહી છે. CMIEના નોકરીઓમાં ઘટાડાના ખુલાસા બાદ રાહુલ ગાંધીએ સરકાર ઉપર વધુ તીખા પ્રહાર કર્યા હતા.

કોરોના મહામારી સામે વેક્સિન ૧૦૦ ટકા સુરક્ષા નથી આપતી : ડો. નિખિલ ટંડન

નવી દિલ્હી તા.૬

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સમાં એન્ડોક્રાઈનોલોજી એન્ડ મેટાબોલિઝમ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર અને નવી દિલ્હીમાં આવેલ સેન્ટર ફોર ક્રોનિક ડિસીઝ કન્ટ્રોલમાં કેપેસિટી બિલ્ડિંગના હેડ ડો. નિખિલ ટંડનનું કહેવું છે કે, કોરોના માટે બનેલી વેક્સિન ૧૦૦ ટકા સુરક્ષા નથી આપતી. તેમની રિસર્ચમાં ઓટોઈમ્યુન થાઈરોઈડ ડિસીઝ, થાઈરોઈડ એપીડેમિયોલોજી, ડાયાબિટિસ અને મેટાબોલિક બોન ડિસીઝ તથા એડલ્ટ ક્રોનિક ડિસીઝની જીવન ઉપર થતી આગોતરી અસરો ઉપરના વિષયને સમાવી લેવાયો હતો. સ્વીમી શ્રીવાસ્તવને આપેલા ઈન્ટરવ્યૂમાં ડો. ટંટને કહ્યું કે, દરેક વ્યકિતએ સાવચેતી રાખવાની જરૂર છે. ખાસ કરીને એવા દર્દીઓ કે, લોકોએ જેમને ડાયાબિટિસ કે અન્ય કોમોરબિટીઝ છે. આગામી ફેસ્ટિવલ સીઝનમાં આવા લોકોને વધારે સાવચેત રહેવાની જરૂર છે. કેરળમાં વધતા કોરોનાના કેસ ઉપર તેમણે કહ્યું કે, આપણા દેશમાં કોરોનાની બીજી લહેર અત્યંત ઘાતક સાબિત થઈ હતી. તેમાં કોરોના વેરિઅન્ટનો ડેલ્ટા વેરિઅન્ટ ઘાતક સાબિત થયો હતો, તે વધારે ચેપી હતો અને તે અસરદાર પણ હતો, તે વધારે ફેલાતો હતો. તેના કારણે ઈમ્યુનિટી ઉપર પણ અસર થતી હતી. આ બીજી લહેરમાં મૃત્યુઆંક પણ વધારે રહ્યો હતો. સ્વાસ્થ્ય વિભાગ ઉપર વધારે દબાણ સર્જાઈ ગયું હતું. જો કે, લોકોમાં આ વાયરસ ફેલાવા માટે કોઈ કારણ પણ નહોતું. તેમણે કહ્યું કે, કોરોના જેવી મહામારી માટે વધારે ઘાતક સાબિત થવું વ્યાજબી છે કેમ કે તે વધારે ઝડપે ફેલાય છે અને તેની ગંભીરતા પણ વધારે રહે છે. જો કે, તે સમયાંતરે લોકોને પોતાની લપેટમાં લેતું રહે છે.

૨૦૨૪ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં વિપક્ષી મોર્ચો ૪૦૦ બેઠકો ઉપર ભાજપ સામે લડત આપી શકે તેમ છે : પૂર્વ નાણાંમંત્રી ચિદમ્બરમ્

નવી દિલ્હી તા.૬

ધ ક્વિન્ટને આપેલા એક વિશિષ્ટ ઈન્ટરવ્યૂમાં પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે જણાવ્યું હતું કે, ૨૦૨૧માં ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે વ્યૂહરચના માટે કામ શરૂ થઈ ગયું છે. તેમણે સૂચવ્યું હતું કે, જો વિપક્ષી એકતા મજબૂત થશે તો તેઓ ભારતીય જનતા સામે એકસાથે મળીને લડી શકે છે અને દેશભરમાં ભાજપ વિરૂદ્ધ ઓછામાં ઓછી ૪૦૦ બેઠકો ઉપર એકસાથે મળીને ચૂંટણી લડી શકે છે. આ ઈન્ટરવ્યૂના કેટલાક અંશો અહીં આપવામાં આવ્યા છે : શું વિપક્ષ ૨૦૨૪માં ભાજપ સામે એક સાથે લડી શકે ? વિપક્ષની એકતા સાથે ભાજપ સામે દરેક સીટ ઉપર માત્ર એક ઉમેદવાર ઉતારવા માટે વિચાર કરવો પડશે. એ ખૂબ જ મહત્ત્વનું છે. જો ભાજપના સહયોગીઓ તે સીટ ઉપર ઊભા રહે તો અમારે સાથી ઉમેદવાર સામે એક ઉમેદવાર ઉતારવો પડશે. મને ખબર નથી કે, ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ભાજપના કેટલા સહયોગી હશે. પંજાબ, ગોવા, ઉત્તરપ્રદેશ, મણિપુર અને ઉત્તરાખંડની આગામી વિધાનસભા ચૂંટણીમાં પણ તમામ પક્ષો માટે એક ઉમેદવાર ઉપર સહમત થવું બહુ મુશ્કેલ નથી. જો એનસીપી ઉત્તરાખંડમાં હાજર નહોય તો પણ એનસીપી આ ગઠબંધનનો ભાગ હોવો જોઈએ, મારા મતે જો તમે ભાજપના ઉમેદવારો સામે માત્ર એક ઉમેદવાર ઉતારો, તો પરિણામો ખૂબ રસપ્રદ હોઈ શકે છે. ઘણા રાજયોમાં સીધી લડાઈઓ શક્ય છે પરંતુ વિપક્ષ ઓડિશા, આંધ્રપ્રદેશ, તેલંગાણા વગેરે જેવા રાજયોમાં એક-સામે-એકનું સંચાલન કેવી રીતે થઈ શકશે ? એ યાદ રાખવું જોઈએ કે, આંધ્રપ્રદેશ, ઓડિશા અને તેલંગાણામાં શાસક પક્ષો કેન્દ્રમાં ભાજપ સરકારના ચૂંટણી પછીના સમર્થકો છે. જ્યારે પોતપોતાના રાજ્યોમાં ચૂંટણીની વાત આવે છે, ત્યારે તેઓ ભાજપ સામે લડશે. નવીન પટનાયક, કેસીઆર, જગનમોહન રેડ્ડી પોતપોતાના રાજ્યોમાં દરેક બેઠક ઉપર ભાજપ સામે લડશે. શું તમ્મે એમ કહી રહ્યા છો કે, આ રાજ્યોમાં કોંગ્રેસ અનુક્રમે BJD, TRS અને YSRCPને ભાજપ સામે ટક્કર આપશે અને પોતલે જ ચૂંટણી લડશે નહીં ? ના. મેં કહ્યું, ભાજપના આ કહેવાતા સાથીઓ માત્ર ચૂંટણીની બહારના સાથી છે. ચૂંટણીમાં, તેઓ સાથી નથી, તેઓ કટ્ટર હરીફ છે. ઉદાહરણ તરીકે, જો કેસીઆર વિપક્ષી એકતામાં જોડાય, તો દેખીતી રીતે જ તેઓ ભાજપ સામે લડવાની આગેવાની લેશે. પરંતુ જો તે વિપક્ષી ગઠબંધનમાં જોડાશે નહીં, તો અમે તેલંગાણામાં પણ લડીશું. એ પછી અમને શું પરિણામ મળશે તે એક અલગ બાબત છે.

લાલ કિલ્લાથી દિલ્હી વિધાનસભાને જોડતી બ્રિટિશ યુગની સુરંગ મળી આવી, સ્વતંત્રતા સેનાનીઓને ખસેડવા બનાવાઈ હતી

નવી દિલ્હી તા.૬

દિલ્હી વિધાનસભાને લાલ કિલ્લાથી જોડતી બ્રિટિશ કાળની સુરંગ મળી આવી હતી. દિલ્હી વિધાનસભાને લાલ કિલ્લા સાથે જોડતી એસકેટ ટનલ વિધાનસભા ભવનમાં મળી આવી હતી. અહેવાલો અનુસાર, આ ટનલનો ઉપયોગ બ્રિટિશરોએ બદલારૂપી પ્રતિક્રિયા ટાળવા સ્વતંત્રતા સેનાનીઓને ખસેડવા લેવા માટે કર્યો હતો. જયારે હું ૧૯૯૩માં ધારાસભ્ય બન્યો હતો ત્યારે અહીં એક સુરંગ વિષે સાંભળવામાં આવ્યું હતું જે લાલ કિલ્લા સુધી જાય છે અને મેં તેનો ઈતિહાસ શોધવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તે અંગે સ્પષ્ટ જાણી શકાયું નથી. દિલ્હી વિધાનાસભાના સ્પીકર રામ નિવાસ ગોયલે એક ન્યૂઝ એજન્સી એએનઆઈને જણાવ્યું. રામ નિવાસ ગોયલે કહ્યું કે, હવે અમને ટનલનું મુખ મળી ગયું છે પરંતુ અમે તેને વધુ ખોદી રહ્યા નથી કારણ કે, મેટ્રો પ્રોજેક્ટ્સ અને ગટર લાઈનોના કારણે ટનલના તમામ રસ્તાઓ નાશ પામ્યા છે. અમે તેનું ટૂંક સમયમાં નવીનીકરણ કરી લોકો માટે ઉપલબ્ધ કરાવીશું. હું આશા રાખું છું કે, નવીનીકરણનું કામ આવતા વર્ષે ૧૫ ઓગસ્ટ સુધીમાં પૂર્ણ થઈ જશે તેવું ગોયલે જણાવ્યું. રામનિવાસ ગોયલઆ અંગે વધુપ્રકાશ પાડતા કહે છે કે, ૧૯૧૨માં રાજધાની કોલકત્તાથી દિલ્હી સ્થળાંતર થયા

બાદ દિલ્હી વિધાનસભાનો ઉપયોગ કેન્દ્રીય વિધાનસભા તરીકે કરવામાં આવ્યો હતો. તેઓએ જણાવ્યું કે, તે સમયે ૧૯૨૬માં વિધાનસાભાના બદલે તેનો કોર્ટ તરીકે ઉપયોગ કરાતો હતો અને આ ટનલ દ્વારા સ્વતંત્રતા સેનાનીઓને કોર્ટમાં લાવવામાં આવતા હતા. અમને અહીં ફાંસીના ઓરડા છે તેના વિષેની જાણકારી હતી પણ તેને કયારેય ખોલ્યા નાહોતા. હવે આઝાદી મળ્યે આજે ૭૫ વર્ષ થયા છે ત્યારે મેં તે ઓરડાનું નિરીક્ષણ કરવાનું નાક્કી કર્યું. અમે તે રૂમનો સ્વાતંત્ર્ય સોનાનીઓના મંદિરમાં બદલાવા માંગીએ છીએ. ગોયલ કહે છે કે, આ સ્થળનો સ્વતંત્રતા સંગ્રામના સંદર્ભમાં ખૂબ જ સમૃદ્ધ ઈતિહાસ છે. અમારો ઈરાદો છે કે, પ્રવાસીઓ અને મુલાકાતીઓ આપણા ઈતિહાસનું પ્રતિબિંબ મેળવી શકે તે રીતે તેનું નવીનીકરણ કરીએ.

અત્યંત સંક્રમક એવા નવા સી.૧.૨ વેરિયન્ટ અંગેની ૧૦ હક્કીતોને જાણો

લંડન તા.૬

કોરોનાના ડેલ્ટા વેરિયન્ટનો કહેર હાલ દુનિયાના કેટલાય દેશોમાં જારી છે. ત્યારબાદ આવેલા ડેલ્ટા પ્લસ વેરિયન્ટના પણ કેટલાય કેસો સમગ્ર દુનિયામાં સામે આવી રહ્યાં છે. આ દરમ્યાન દ.આફ્રિકા અને અન્ય કેટલાય દેશોમાં સામે આવેલા કોરોનાના નવા વેરિયન્ટે લોકોની ચિંતા વધારી દીધી છે. એવી દહેશત છે કે આ નવો સી.૧.૨ વેરિયન્ટ અગાઉના તમામ વેરિયન્ટથી વધુ સંક્રામક થઈ શકે છે અને કોરોના વેક્સિનથી મળતી સુરક્ષાને પણ બિનઅસરકારક બનાવી શકે છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા પ્રમાણે આ વેરિયન્ટમાં શરીરને રક્ષણ બક્ષતી એન્ટિબોડીને ટાળવાની પણ ક્ષમતા છે. અહીં આ વેરિયન્ટ અંગેની ૧૦ હકીકતો પ્રસ્તુત છે.

૧. એક અભ્યાસ અનુસાર સી.૧.૨ વેરિયન્ટ વધુ સંક્રામક હોઈ શકે છે અને વેક્સિન ઉપર પણ બિનઅસરકારક છે.

૨. ૨૪, ઓગસ્ટે પ્રિ-પ્રિન્ટ રીપોઝીટરી મેડ આરએક્સઆઈવી ઉપર પોસ્ટ કરવામાં આવેલ અભ્યાસમાં જણાવાયું છે કે સી.૧.૨નું સી.૧ની તુલનાએ ઘણું બધુ મ્યુટેશન થઈ ગયું છે.

૩. ચેપી રોગના નિષ્ણાંત અને સી.૧.૨ ઉપર હાથ ધરાયેલ સંશોધનાના લેખક રિચાર્ડ લેસેલે જણાવ્યું હતું કે, સી.૧.૨માં ડેલ્ટા કરતાં ઈમ્યુનિટીને ટાળવાના વધુ ગુણધર્મો હોઈ શકે છે.

૪. અભ્યાસા અનુસાર સી.૧.૨ વેરિયન્ટનો પ્રતિ વર્ષનો મ્યુટેશન દર ૪૧.૮ ટકા છે જે અન્ય વેરિયન્ટના વર્તમાન વૈશ્વિક મ્યુટેશન રેટ કરતાં બમણો છે.

૫. સી.૧.૨ પ્રથમવાર દ.અફ્રિકામાં મળી આવ્યો હતો. ત્યારબાદ તે ચીન, કોંગો પ્રજાસત્તાક, મોરેશિયસ, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, પોર્ટુગલ અને સ્વિટ્ઝર્લેન્ડમાં પણ મળી આવ્યો છે.

૬. જો કે વિશ્વઆરોગ્ય સંઘના જણાવ્યા પ્રમાણે સી.૧.૨ વેરિયન્ટ ચિંતાજનક નથી.

૭. તે સિંગલ વાયરસ નાથી, પરંતુ સી.૧.૨ તરીકે ઓળખાતા આનુવંશીક રીતે સમાન વાયરસનું ઝૂમખું છે. સંશોધકોનું માનવું છે કે આ કલસ્ટર ટૂંકા સમયમાં ઝડપથી મ્યુટેશન થઈ શકે છે.

૮. હજુ ઘણા વૈજ્ઞાનિકો વાયરસનો અભ્યાસ કરી રહ્યાં છે અને તે કઈ રીતે વર્તણૂંકનો અસર કરે છે તે ચકાસી રહ્યાં છે.

૯. સી.૧.૨ હજુ સુધી ભારતમાં જોવા મળ્યો નથી એવું સરકારી સૂત્રોને ટાંકીને સમાચાર સંસ્થા એનઆઈએએ જણાવ્યું છે.

૧૦. બીએમસીએ હવે યુકે, યુરોપ, મિડલ ઈસ્ટ, દ.આફ્રિકા, બ્રાઝિલ, બાંગ્લાદેશ, બોટ્સવાના, ચીન, મોરેશિયસ, ન્યુઝીલેન્ડ અને ઝિમ્બાબ્વેથી આવતાં પ્રવાસીઓ માટે આરટી-પીસીઆર રિપોર્ટ ફરજીયાત કર્યો છે.

દિવનાં બંદરચોક ખાતે ગેરકાયદેસર કેબિન, તંત્ર મૂકપ્રેક્ષક

(નિરવ ગઢીયા દ્વારા) ઉના, તા.૬

દિવના બંદર ચોક વિસ્તારમાં કોઈપણ પ્રકારનું ફુડ લાઈસન્સ કે મ્યુન્સિપાલટીનું લાઈસન્સ ધરાવતા ના હોવા છતાં સંપૂર્ણ પણે ગેરકાયદેસર રીતે કેબીન ચલાવવામાં આવી રહી છે. થોડા દિવસ પહેલા મ્યુનિસિપાલટી દ્વારા આ કેબીન તોડી પાડવામાં આવી હતી પરંતુ આ કેબીન ચાલકને પ્રશાસનનો કોઈપણ પ્રકારનો ડર ન હોય એ રીતે ફરી પાછી આ કેબીન બનાવી ત્યાં ખાદ્ય ચીજોનું વેંચાણ ચાલુ કરવામાં આવ્યું છે.

ગુજલિશ મીડિયમ : ન ઈધર કે હુએ ન ઉધર કે હુએ, આ છે આજનું શિક્ષણ

જેની પાસે કોઈ કૌશલ્ય છે તે પોતાના કૌશલ્ય મુજબ કશું ને કશું કામ કરે છે અને બ્રેડ-બટર કમાય છે. જેને મિસ્ત્રી કામ આવડે છે તે ફર્નિચર બનાવે છે. લુહારી કામ આવડે છે તે જાળી, ઝાંપા, ફેન્સીંગ બનાવે છે. ઈજનેરી કળામાં નિષ્ણાંત હોય તે રોડ, રસ્તા, પુલો, મકાન બનાવે છે. માટી કામમાં જેની આવડત હોય તે ઈંટો પાડે છે કે પછી માટલાં ઘડે છે. પણ કેટલાક કમનસીબો એવા હોય છે જેમનામાં એક પણ કૌશલ્ય વિકસ્યું નથી હોતું. આ લોકો જે વ્યવસાયમાં હાથ નાખે છે તે હાથની હથેળી ઉપર પહેલેથી જ નિષ્ફળતા લખેલી હોય છે. આવા લોકો શિક્ષક બને છે અને 'રાષ્ટ્રનું નિર્માણ' કરે છે. શિક્ષક બનેલા આ પ્રકારના પૈકીના મોટાભાગનાં ચાલી પણ જાય છે. પણ એમાંના કેટલાકની હાથની નિષ્ફળતાની લકીર કેટલી ઘાટી અને ઊંડી કોતરાયેલી હોય છે કે તેવા લોકો શિક્ષક તરીકે પણ સરેઆમ નિષ્ફળ નીવડે છે. આવા કમનસીબ લોકો સરકારમાં પોલિસી મેકર બને છે અને શિક્ષણ નીતિ ઘડવાનું કાર્ય કરે છે. આજ કાલ શિક્ષણ વિભાગ બે કારણસર હેડલાઈનમાં ચમકું ચમકું થઈ રહ્યો છે. (એ ચમકતો નથી જુદી વાત છે અને કદીયે ચમકશે નહીં પણ અન્ય એક જુદી વાત છે.) પહેલું : શિક્ષક સજ્જતા સર્વેક્ષણ કાર્યક્રમ. અઘરા અને અટપટા લાગતા નામનો સીધો સાદો અર્થ છે, 'સરકાર દ્વારા શિક્ષકોની કસોટી લેવામાં આવશે.' દૂરથી સાળાને આવતો જોઈ જે રીતે બનેવી ભડકે છે તેમ કસોટીનું નામ સાંભળતા જ શિક્ષક સમાજ ભડકી ઉઠયો. 'અમે તો વીર કસોટી લેવાવાળા ! અમારૂ કામ વિદ્યાર્થીઓની કસોટી લેવાનું છે અમારે કસોટી આપવાની ન હોય.' બહારવટે ચડેલા શિક્ષકોએ 'કસોટી બહિષ્કાર'નું એલાન આપ્યું છે. શિક્ષકોનો રોષ જોઈ હંમેશા આદેશના ટોનમાં વાત કરનારી સરકાર સમજાવટના ટોનમાં વાત કરવા લાગી છે. 'જુઓ, શિક્ષકમિત્રો, આ તો માત્ર એક પ્રકારનું સર્વેક્ષણ છે. તમે પેપર લખશો એના આધારે તમારી તાલીમ ડિઝાઈન કરવામાં આવશે. તેમાં પાસ થવાથી તમારો પગાર વધી નથી જવાનો અને નાપાસ થવાથી અમે તમારો પગાર કાપી લેવાના નથી.' આના જવાબમાં દરેક નાગરિકે સરકારને જે કહેવાનું હોય તે શિક્ષકોએ કહ્યું, 'અમને તમારી એકેય વાત ઉપર ભરોસો નથી. જૂઠું બોલવું અને ફરી જવું-ની તમારે ક્યાં નવાઈ છે !' સરકારે છતાં મગજ શાંત રાખ્યું 'ચાલો, અમે આ સર્વેક્ષણ મરજીયાત કરીએ છે. જેને કસોટી આપવી હોય તે આપે, ન આપવી હોય તે ન આપે.' શિક્ષણ ખાતાના અધિકારીઓની શિક્ષક સંઘોને સમજાવટ બાદ મામલો થાળે પડતો જણાય છે. છતાંય સરકારના કહેવા મુજબનું આ સર્વેક્ષણ અને શિક્ષકોના કહેવા મુજબની આ કસોટી આવતીકાલે થનાર-લેવાનાર છે. જોઈએ, કોણ પોતાનો કક્કો ખરો કરી શકે છે. અગાઉ ઉપર જે બે કારણોની વાત કરી તેમાંનું બીજું છે સરકારે જાહેર કરેલું અભ્યાસનું નવું મીડિયમ. અત્યાર સુધી મુખ્યત્વે બે મીડિયમની શાળાઓ ચાલતી હતી. ગુજરાતી મીડિયમ અને અંગ્રેજી મીડિયમ. ગુજરાતી મીડીયમ ગરીબોનું મીડિયમ અને અંગ્રેજી મીડિયમ સાધનસંપન્ન લોકોનું મીડિયમ બની ગયું છે. કેટલાક ગરીબ મા-બાપ પેટે પાટા બાંધીને પોતાના સંતાનોને અંગ્રેજી મીડિયમમાં ભણાવતા હતા. પણ કોરોના અને લોકડાઉને જબરજસ્ત પાટુ માર્યું. આવા લોકોએ પોતાના સંતાનોને મોંઘીદાટ અંગ્રેજી મીડિયમની શાળામાંથી ઉઠાડીને નિઃશુલ્ક શિક્ષણ આપતી સરકારી શાળામાં દાખલ કરવા પડયા છે. પોતાના સંતાનને અંગ્રેજી મીડિયમ કે ગુજરાતી મીડિયમમાં ધકેલવાવાળા મા-બાપ ઉપરાંત એક બીજી કેટેગરીના મા-બાપ અસ્તિત્વ ધરાવે છે. 'ગુજરાતી મીડીયમ સારૂ કે ઈંગ્લિશ મીડિયમ સારૂ ?' એ નક્કી ન કરી શકતા અને તેથી કન્ફ્યુઝનમાં રહેનારા મા-બાપ. આ ત્રણેય કેટેગરીના મા-બાપને બિચારાંવને ક્યાં ખબર છે કે તેઓ મીડિયમ નહીં સ્કૂલનું બિલ્ડીંગ પસંદ કરે છે. ભણવામાં એકેય મીડિયમમાં ભલીવાર નથી આવવાનો એ હકિકત છે. સરકાર બે જ કામ કરે છે એક, પ્રજા કન્ફ્યુઝ થાય તેવી પોલિસીઓ બનાવડાવવી. અને બે, પોતે પેદા કરેલા આ કન્ફ્યુઝનનો અધકચરો ઉકેલ લાવી પ્રજાની વાહવાહી લુંટવી. ઢલ ગયા દિન... હો ગઈ રાત... ના શટલકોકની જેમ અંગ્રેજી મીડિયમ અને ગુજરાતી મીડિયમ વચ્ચે ફંગોળાતી પ્રજા માટે આ બંને મીડિયમનું મિશ્રણ કરીને સરકાર ગુજલિશ મીડિયમ લઈને આવી છે. 'ગુજરાતી'માંથી 'ગુજ' અને 'ઈંગ્લિશ'માંથી 'લિશ' લઈ સરકારે 'ગુજલિશ' નામના એક ઘુડખરને જન્મ આપ્યો છે. અત્યાર સુધી યુકે સ્થિત ગુજરાતી કવિ અદમ ટંકારવીની ગુજલિશ ગઝલો વાંચવા-સાંભળવાનો મોકો મળતો હતો. નામદાર સરકારની મહેરબાનીથી હવે ગુજલિશ પાઠયપુસ્તકો વાંચવાનો મોકો પ્રાપ્ત થશે. ગુજલિશ મીડિયમની શરૂઆત થઈ રહી છે. કોઈ નવો પ્રયોગ થાય એટલે તેને આવકારવાને બદલે છાતી પીટલળવા બેસી જનારી પ્રજાતિમાં કોઈ અમારી ગણતરી કરી શકે. ફાઈન. ગુજરાતી, અંગ્રેજી કે ગુજલિશ કે ફોર ધેટ મેટર એકેય મીડિયમ સામે આપણને વાંધો નથી. વાંધો હોય છે એના ઢંગધડા વિનાના એક્ઝિક્યુશન સામે. 'ગુજરાતી મીડિયમમાં ભણાવનારા શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે શાળામાં કઈ ભાષામાં સંવાદ થાય છે?' જવાબ : 'ગુજરાતી ભાષામાં.' શાબ્બાશ. બીજો સવાલ : 'ગુજરાતની અંગ્રેજી મીડિયમની શાળાઓમાં ભણાવનાર શિક્ષક અને વિદ્યાર્થી એકબીજા સાથે કઈ ભાષામાં સંવાદ કરે છે ?' જવાબ : 'હિન્દી ભાષામાં.' સોરી, આના માટે શાબાશી નહીં મળે. હિન્દી તો અમારૂ બાળક 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' જોઈને શીખી ચૂક્યું છે. શિક્ષક મહોદય/મહોદયા, તમારે એની સાથે અંગ્રેજીમાં જ વાતચીત કરવાની હોય. જે તે વિષય ભણાવો છો તે વિષય અંગ્રેજીમાં જ એક્સપ્લેન કરવાનો હોય. શાળા અંગ્રેજી મીડિયમની અને વાતાવરણ હિન્દી ભાષાનું - આમ ઓલરેડી હિંગ્લીશ મીડિયમ તો ચાલી જ રહ્યું છે. હવે આનું આ વાતાવરણ ગુજલિશ મીડિયમમાં ન છવાય તે જોવું રહ્યું. સાંભળવામાં કે કોન્સેપ્ટ તરીકે સારો લાગતો આઈડિયા હકિકતમાં કે પ્રેકટીકલ ગ્રાઉન્ડ ઉપર ફ્લોપ સાબિત થાય એવું પણ બને. અને સરકાર પક્ષેથી રૂપાળાં-રૂડાં લુગડાં પહેરાવીને આવો કોઈ વિચાર રજૂ કરવામાં આવે ત્યારે તો તે ફલોપ થવાના ચાન્સ પૂરેપૂરા હોય છે. 'ગુજલિશ મીડિયમની શાળાઓમાં જે ભણાવવાનું કામ કરવાના છે તે શિક્ષકો કયા મીડિયમમાં ભણેલા હશે ?' સરકાર કહેશે, 'એ તો અમે તાલીમ આપીશું એટલે કોઈપણ મીડિયમ ભણેલાં શિક્ષકો ગુજલિશ મીડિયમમાં વિદ્યાર્થીઓને ભણાવવા માટે સજ્જ બની જશે.' સરકારની તાલીમોની ગુણવત્તા તથા તાલીમ લેવા પ્રત્યેનો શિક્ષકોનો અભિગમ- આ બંને બાબતો ખાંડ વિનાની ચા જેવી હોય છે તે કોણ નથી જાણતું ? ગુજલિશની ચાટ ખવડાવવાને બદલે સરકારે ગુજરાતી મીડિયમનું ગુંદાનું અથાણું અને ઈંગ્લિશ મીડિયમની ઈમલીનો આચાર વ્યવસ્થિત રીતે ધીમા તાપે તપાવીને જીભથી લઈને જઠર સુધીના અંગો-ઉપાંગો અને મજા કરાવે તથા સુવ્યવસ્થિત પોષણ આપે તેવા બનાવવાની દિશામાં કામ કરવાની જરૂર છે. નવી-નવી સ્કીમો જાહેર કરવાને બદલે હાલ અસ્તિત્વમાં છે તે સ્કીમોની મરામત કરવી જરૂરી છે. છેલ્લે યાયાવર કવિ અદમ ટંકારવીની ગઝલ સાથે તથા પ્રયોગખોર સરકાર પ્રયોગશીલ બને તેવી પ્રાર્થના સાથે વાત ફિનિશ કરીએ :

નાની અમસ્તી વાતમાં અપસેટ થઈ ગઈ
હમણાં સુધી જે ધિસ હતી તે ધેટ થઈ ગઈ
અરવિંદ ઈંગ્લેન્ડનો વીઝા મળી ગયો
ખાદીની એક ટોપી પછી હેટ થઈ ગઈ
કૂતરો આ ફૂલફટાક તે ડોગી બની ગયો
બિલ્લી બનીઠની ને હવે કેટ થઈ ગઈ
ગુજરાતમાં હતી આ ગઝલ ગોળપાપડી
ઈંગ્લેન્ડમાં આવી અને ચોકલેટ થઈ ગઈ
હા, સ્વીટ નથિંગ્ઝ જેમ તું બોલી ગયો અદમ
ગુજલિસ કવિતા જાણે કે ચિટ્ચેટ થઈ ગઈ

ભૂપૃષ્ઠ, ધર્મ, રીત-રિવાજ અને ઈતિહાસના વારસાનું સંગ્રહસ્થાન

ધોળાવીરાને ‘વૈશ્વિક ધરોહર’ જાહેર કરાયું : પેરિસમાં યુનેસ્કોની ઉચ્ચસ્તરીય બેઠકમાં લેવાયેલ નિર્ણય

ભુજ તા. ૬

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટિના હાલ ચાલી રહેલા ૪૪મા સત્રમાં કચ્છમાં આવેલા ઐતિહાસિક સ્થળ ધોળાવીરાને વર્લ્ડહેરિટેજ સાઈટમાં સામેલ કરવામાં આવ્યું છે. ધોળાવીરાની સાથે ઈરાનના હવારમાન, જાપાનના જોમોન, જોર્ડરનના અસ-સાલ્ત, અને ફ્રાંસના નીશેપણ રેસમાં હતા.હાલના સત્રમાં તેલંગાણાના રૂદ્રેશ્વરા/રામપ્પા મંદિરને પહેલાથી જ વર્લ્ડ હેરિટેજ સાઈટનું સ્ટેટસ આપી દેવાયું છે, જેનું નિર્માણ ૧૩મી સદીમાં થયું હતું.

ગુજરાતમાં અત્યારસુધી કુલ ત્રણ હેરિજેટ સાઈટ્સ હતી, જેમાં પાવાગઢનજીકના ચાંપાનેર, પાટણની રાણકી વાવ અને અમદાવાદ શહેરનો સમાવેશ થાય છે. રાજ્યની ચોથી વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે હવે ધોળાવીરાનો સમાવેશ થયો છે.

ધોળાવીરા ઈ.પૂર્વે ૩૦૦૦થી ૧૮૦૦ની વચ્ચે નિર્માણ પામ્યું હોવાની શક્યતા છે. ભારતમાં અત્યારસુધી કોઈ હડપ્પન સાઈટને વર્લ્ડ હેરિટેજ સાઈટનું બિરૂદ નથી મળ્યું. ધોળાવીરાને શોધનારા પુરાતત્વ ખાતાના પૂર્વ ડિરેક્ટર ડો. વાય.એસ. રાવતે જણાવ્યું હતું કે ધોળાવીરા બીજી બધી હડપ્પન સાઈટ્સ કરતાં અલગ છે, જો તેને વર્લ્ડ હેરિટેજ સાઈટનો દરજ્જો મળે તો તેનાથી તેની કાયાપલટ થશે. ધોળાવીરાનું ઉત્ખનન કરનારી ટીમની આગેવાની કરનારા પુરાતત્વશાસ્ત્રી ડો.આર.એસ. બિષ્ટના જણાવ્યા અનુસાર, સતત ૧૨૦૦ વર્ષ સુધી ધોળાવીરામાં માનવ વસવાટ હતો. તેમાં ભૂતકાળની અનેક બાબતો સંગ્રહાયેલી પડી છે. બાંધકામ ટેક્નોલોજીથી માંડીને જળ સ્થાપન અને વજન તેમજ વેપાર જેવી દરેક બાબતો તે સમયને સમજવા જરૂરી છે, જે ધોળાવીરામાં સચવાયેલી છે.

દેશમા અનેક ઐતિહાસીક ધરોહર સ્થળોને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઈટમા સ્થાન મળ્યુ છે. ગુજરાત રાજ્યના નામે વધુ એક ઐતિહાસીક સિધ્ધી પ્રાપ્ત થઈ છે. કચ્છ સ્થિત ધોળાવીરાને યુનેસ્કોએ વર્લ્ડહેરીટેજમા સ્થાન અપાતા આ અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ટ્વિટ કરીને માહીતી આપી હતી. ગુજરાતનુ ધોળાવીરા એપ્રાચીન મહાનગરસંસ્કૃતિનું લુપ્તપ્રાય નગર છે. જે કચ્છના ભચાઉ તાલુકાના ખદીરબેટ વિસ્તારમાં આવેલું છે. સ્થાનિક લોકો તેને કોટડા તરીકે ઓળખે છે. તથા અહીની સંસ્કૃતિ ૫ હજાર વર્ષ જૂની હોવાનુ મનાઈ રહ્યુ છે. આ અગાઉ ૨૦૦૪મા ચાંપાનેર, ૨૦૧૪માં પાટણ સ્થિત રાણકી વાવ તથા લોથલ, ૨૦૧૭મા અમદાવાદ શહેર અને હવે ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજ સાઈટમા સ્થાન મળ્યુ છે.

ગુજરાતના ગૌરવમાં વર્લ્ડ હેરીટેજનો વધુ એક ટેગ ઉમેરવામાં આવ્યું. હડપ્પન સંસ્કૃતિને જાળવીને બેઠેલા કચ્છના ભચાઉ તાલુકાના ધોળાવિરાને વર્લ્ડ હેરીટેજનો દરજ્જો મળ્યો છે. ધોળાવીરાને વર્લ્ડ હેરિટેજનો દરજ્જો આપવાનો પેરિસમાં યુનેસ્કોની ઉચ્ચસ્તરીય બેઠકમાં નિર્ણયલેવામાં આવ્યો હતો. હજારો વર્ષ જૂની હડપ્પા કાલીન સભ્યતાને પોતાના પેટાળમાં સંગ્રહીને બેઠેલા પૂર્વ કચ્છમાં આવેલ ભચાઉ તાલુકામાં ધોળાવીરા આવેલું છે. ભુજથી લગભગ ૨૦૦ કિલોમીટર ઉત્તરમાં ખડીરબેટ આવેલો છે, જેની પર ધોળાવીરા ગામ વસ્યું છે. કચ્છના કોઈ પણ સામાન્ય ગામ જેવું જ લાગતું આ ગામ એક અસામાન્ય ઈતિહાસ ધરબીને બેઠું છે.

૧૯૯૧-૯૨માં સંશોધન કરવામાં આવ્યું હતું

કચ્છયુનિવર્સિટીના અર્થ એન્ડ સાયન્સ વિભાગના વડા ડો. મહેશ ઠક્કરે જણાવ્યું હતું કે સિંધુ સભ્યતાના સૌથી મોટાં નગરોમાં સામેલ થતા ધોળાવીરા અનેક રીતે ખાસ છે. લગભગ ત્રણ દાયકા પહેલાં થયેલા ઉત્ખનનકાર્ય બાદ ધોળાવીરાનાં અનેક રહસ્યો બહાર આવવા લાગ્યાં હતાં. ડો. આર.એન. બિસ્ટ દ્વારા ૧૯૯૧ અને ૧૯૯૨માં ધોળાવીરામાં સંશોધન કાર્ય કરાયું હતું. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૦માં યુનેસ્કોને ધોળાવીરાનું ડોઝિયર મોકલવામાં આવ્યું હતું, જેના ભાગરૂપે ચારેક માસ પહેલાં યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ કમિટી ધોળાવીરાની મુલાકાત કરી હતી, જેમાં ધોળાવીરાની આસપાસ ભૂસ્તરીય મહત્ત્વનાં સ્થળો કેવી રીતે વિકસાવી શકાય અને એનું મહત્ત્વ આંતરરાષ્ટ્રીય સ્તરે કેવું છે એ વિશે કહેવામાં આવ્યું હતું.

ખડીરના વિકાસનાં હવે દ્વાર ખૂલશે

ધોળાવીરા હવે જ્યારે વિશ્વ વિરાસત સ્થળ તરીકે જાહેર થવા જઈ રહ્યું છે ત્યારે એને સૌથી નજીકથી જાણનારા અને વિશ્વને આ પુરાતત્ત્વીય શહેરથી રૂબરૂ કરાવનારા પદ્મશ્રી પુરાતત્ત્વવિદ આર.એન. બિસ્ટ આ જાહેરાતથી ખૂબ જ ભાવુક થઈ ગયા હતા અને નેવુંના દાયકામાં તેણે પોતે કેવી રીતે ધોળાવીરાના એક પછી એક રહસ્યને ઉજાગર કર્યાં એની વિસ્તૃત માહિતી આપી હતી. ધોળાવીરા અન્ય હડપ્પીય શહેરથી અનેક રીતે મહત્ત્વપૂર્ણ છે. વિશ્વ વિરાસત સ્થળ બનતાં કચ્છ તેમજ ખડીર વૈશ્વિક નકશા ઉપર આવી જશે અને પ્રવાસનની નવી જ તકો અહીં ઊભી થશે. આર.એન. બિસ્ટના શબ્દોમાં જાણીએ ધોળાવીરાની વિશેષતા.

સ્ટેડિયમ, લિપિ, પાણી સંગ્રહ કરવાની રીત શહેરને બનાવે છે અનોખું

ધોળાવીરા અનેક આયોજનબદ્ધ શહેર હતું. અહીં પાણી સંગ્રહ, પૂરથી બચવાનાં કાર્યો, સ્ટેડિયમ સહિતનાં સ્થળો માત્ર ધોળાવીરામાં છે. અન્ય કોઈ હડપ્પન શહેરમાં આવી યોજના નથી. ખાસ કરીને ધોળાવીરામાં ૧૦ અક્ષર ધરાવતું સાઈન બોર્ડ મળી આવ્યું છે. આ લિપિ માત્ર ધોળાવીરામાં મળી છે, જેના અક્ષર જિપ્સમથી બનાવવામાં આવ્યા છે. નગરને ખાલી કરતી વખતે લોકોએ પ્રવેશદ્વાર પરથી આ સાઈનબોર્ડ એક રૂમમાં રાખી દીધું હતું, જેથી એ સુરક્ષિત મળી શક્યું છે. ધોળાવીરા પ્રારંભ, મધ્યમ અને એના અંતના સમયનું સંપૂર્ણ બાંધકામ મળી શક્યું છે.

બૌદ્ધ સ્તૂપ જેવાં સ્મારકો

ભારતમાં બૌદ્ધ જોવા મળે છે તેનાં મૂળિયાં ધોળાવીરામાં છે. ધોળાવીરામાં અંદાજે પાંચેક સ્તૂપ છે, જેમાંથી બે જ શોધાયાં છે. એ પણ એક ધોળાવીરાને અનોખું કરે છે.

ભવિષ્યમાં સંશોધનની તકો

પુરાતત્ત્વવિદોએ જે હેતુથી અહીં ખોદકામ કર્યું હતું એનાથી અનેક ગણી વિશેષ શોધ અહીં થઈ છે. અહીં હજુ પણ અનેક રહસ્યો છે, જેથી ભવિષ્યમાં સંશોધનની વિપુલ તકો છે.

ધોળાવીરા જેવી સમાધિ અન્ય કોઈ સ્થળે મળી નથી

બિસ્ટે જણાવ્યું હતું કે ધોળાવીરામાંથી જે સમાધિઓ મળી છે એવી અન્ય કોઈ સાઈટમાંથી મળી નથી. મૃતકની સમાધિમાંથી કોઈ કંકાલ કે અસ્થિ મળ્યાં નથી ! સમાધિમાંથી મૃતકની અન્ય સામગ્રી મળી છે. પણ ખુદ મૃતકનાં કંકાલ નથી. ધોળાવીરામાંથી એકમાત્ર હાડપિંજર મળ્યું છે, જે એક સ્ત્રીનું છે.

રિસ્ટોરેશનનું ૮૦ ટકા કામ પૂર્ણ

આ **Jurassic Fossil Wood**ને રિસ્ટોર કરવાનું કાર્ય પૂરા ભારત વર્ષમાં પ્રથમ વખત થઈ રહ્યું છે અને અત્યારસુધીમાં રિસ્ટોર કરવાનું ૮૦% કામ પૂર્ણ થઈ ગયું છે. અર્થ એન્ડ સાયન્સ વિભાગ, કચ્છ યુનિવર્સિટીના હેડ ડો. મહેશ ઠક્કરે જણાવ્યું હતું કે અગાઉ આ પ્રકારના **wood** થાઈલેન્ડ, અમેરિકા અને કેનેડામાં પણ જોવા મળ્યાં હતાં અને ત્યાંના તંત્ર દ્વારા ઠંડી, ગરમી અને વરસાદથી બચવા માટે ત્યાં મ્યુઝિયમ બનાવવામાં આવ્યું હતું, જ્યારે અહીં એને ખુલ્લામાં રાખવામાં આવ્યું છે, માટે આપને વહીવટીતંત્ર કોઈ વ્યવસ્થા ઊભી કરે એવી મારી અપીલ છે.

જૂનાગઢ જીલ્લામાં કોવીડ-૧૯ અંતર્ગત મા-બાપની છત્રછાંયા ગુમાવેલા

૪૫ બાળકોને તબીબી બોન્ડ અને મેડીકલ કીટ તેમજ બાળકોને સાઈકલ વિતરણનો કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જીલ્લામાં કોરોના મહામારીમાં ૦ થી ૧૮ વર્ષના ૪૫ જેટલા બાળકોએ મા-બાપની છત્રછાંયા ગુમાવેલ છે. આવા બાળકોને રાજય સરકાર દ્વારા મુખ્યમંત્રી બાળસેવા યોજનામાં એક વાલી ગુમાવનારને રૂા.૨૦૦૦ની અને માતા-પિતા બન્નો ગુમાવનારને રૂા.૪૦૦૦ની માસિક સહાય બાળકોના એકાઉન્ટમં અભ્યાસ અર્થે ચુકવવામાં આવે છે. આ માટે જૂનાગઢ જીલ્લામાં આવા બાળકો પ્રત્યે સંવેદના દર્શાવવા યુ.એસ.એ. સ્થિત કડવા પાટીદાર સમાજ ઓફ નોર્થ અમેરીકા દ્વારા જન્મભૂમિ અને માતૃભૂમિનું ઋણ ચુકવવા બાળકો પ્રત્યે સંવેદના દર્શાવવા બાઈસીકલનું વિતરણ કરવામાં આવેલ હતું તેમજ જૂનાગઢની ખ્યાતનામ કે.જે. મલ્ટીસ્પેશ્યાલિસ્ટ હોસ્પીટલ દ્વારા આ બાળકો ૨૪ વર્ષના ન થાય ત્યાં સુધી તેમની હોસ્પીટલમાં ઉપલબ્ધ મેડીકલ સુવિધા વિનામૂલ્યે પૂરી પાડવાની જાહેરાત ચેરમેન ભાવિનભાઈ છત્રાળાએ કરેલ હતી અને બાળકોને મેડીકલ બોન્ડ અનુ કીટનું વિતરણ કરેલ હતું.

આ કાર્યક્રમ આર.એમ. તન્ના, કમિશ્નર, મ્યુનિસિપલ કોર્પોરેશન, જૂનાગઢના અધ્યક્ષસ્થાને પરબત લક્ષ્મણ પટેલ સમાજ, જૂનાગઢ ખાતે યોજાયો હતો જેમાં જીલ્લા શિક્ષણ અધિકારી આર.એસ. ઉપાધ્યાય, જીલ્લા બાળ કલ્યાણ સમિતિના ચેરમેન પર્સન ગીતાબેન માલમ, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી એન.એમ. પુરોહીત, જીલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.સી. મહિડા, સમાજના પ્રમુખ કિશોરભાઈ હદવાણી, મંત્રી મુકુંદભાઈ હિરપરા હાજર રહ્યા હતા.

મ્યુનિસિપલ કમિશ્નર આર.એન. તન્નાએ બાળકો સાથે વિચારગોષ્ઠી કરીનો બાળપણમાં રમતો અંગે માર્ગદર્શન આપેલ હતું. આ પ્રસંગે સેવાભાવી સંસ્થા નોર્થ અમેરીકા કડવા પટેલ સમાજના ફાઉન્ડર ડો.ભાણજીભાઈ કુંડારીયા, ટ્રેઝરર અલ્પેશભાઈ કનેરીયા તથા કે.જે. હોસ્પીટલના ચેરમેન ભાવિનભાઈ છત્રાળાની સેવાકીય પ્રવૃતિઓનો બિરદાવવામાં આવી હતી. શ્રી પરબત લક્ષ્મણ પટેલ સમાજ દ્વારા આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામ બાળકો અને વાલીઓને સુંદર મજાનો નાસ્તો કરાવવામાં આવેલ હતો.

ડો.મહેશ રાવલની ગઝલનો રસાસ્વાદ..

ક્યારેક, ઝીણું આભને તાક્યું હશે.
ભરચક એણે એકાંતને માણ્યું હશે.

જેને ખબર છે તત્વ શું ને સત્વ શું?
એણે જ અનુસંધાનને સાધ્યું હશે.

કડવું ખરેખર છે જ નહીં આ સત્ય,પણ
કડવી જીભાળાએ, પ્રથમ ચાખ્યું હશે !

વેઠી હશે, જેણે તરસની યાતના
’જળ એ જ જીવન’ સૂત્રને ટાંક્યું હશે !

સુખમાં ય એનું મન,સુખી નહીં થઇ શકે
હૈયું જેણે માવતરનું, કકળાવ્યું હશે.

થઇ ગઇ હો જેની જાત દીવો, ઠામૂકી
એણે જ આખું ગામ અજવાળ્યું હશે !

ક્યારેય પથ્થર નહીં ઉગામે, એ ‘મહેશ’
ઘર જેમણે ખુદ, કાચનું રાખ્યું હશે !

- ડો.મહેશ રાવલ, કેલિફોર્નિયા (યુ.એસ.એ)

અસ્તિત્વનાં સત્વ-તત્વના અધ્યાયને ગઝલની વ્યાસપીઠ પર પઢવાની જેમણે નેમ અમેરિકામાં ય ધરી છે.એ ઉપરોક્ત ગઝલના સર્જક મહેશ રાવલે ખરે જ ગઝલમાં ઝીણેરૂં કાંત્યું છે. એટલે જ એક એવી કબીરાઈ એમણે પ્રાપ્ત કરી છે. જે એમનાં આંતરિક એકાંતમાં જ ચરખો કાંતી મત્લામાં આમ કહેતી હોય.

"ક્યારેક ઝીણું આભને તાક્યું હશે.
ભરચક એણે એકાંતને માણ્યું હશે."

"ગાગાલગા" ના ત્રણ આવર્તનને આવરી ભરચક એકાંત માણતી કવિની સાધના અસ્તિત્વનાં રહસ્ય-અનુસંધાનને સહજ કેમ ના સાધી શકે ? જે એકાંત અર્થાત અવકાશી મહાશૂન્યતાને ભરપૂર સીંચતા હોય .એમનાં પંચત્વનો ઉઘાડ પણ અનાયાસ જ થતો હોવાથી, બીજા શેરના કથનમાં સત્વ-તત્વની અવિભાજ્યતાની અનિવાર્યતાના માહત્મ્યને આમ રજુ કરે છે.

"જેને ખબર છે સત્વ શું ને તત્વ શું?
એણે જ અનુસંધાનને સાધ્યું હશે."

તત્વ-સત્વની સનાતનતાને જો કોઈ તત્વ પડઘાવતું હોય તો તે સત્ય જ હોય .એ વિશે આદિ-અનાદિકાળથી ઋષિમુનીઓનો એક જ મંત્રનાદ રહ્યો છે.કે સત્યના પરિપાક રૂપે પ્રાપ્ય ફળકર્મિતા હર હંમેશ મધુર અને સ્વાદિષ્ટ જ હોય .એ નિઃશંક છે. પરંતુ આ કે તે યુગને એમની અપકર્મિતા સિધ્ધ કરી લાભદાયી નિવડવા કાજે અસત્ય અને અધર્મનો જ આશય લેવો પડે છે..એટલે સત્યને એ કડવી વાણીના પ્રચારકે જ સૌ પ્રથમવાર ચાખ્યું હોવું જોઈએ. એ કવિની ધારણા સાચી જ છે.

"કડવું ખરેખર છે જ નહીં આ સત્ય પણ,
કડવી જીભાળાએ પ્રથમ ચાખ્યું હશે. "

ચોથો શેર અંતરતમ યાતના અનુભૂતિનો નિચોડ છે.અહીં તરસ અને જળ અર્થાત તૃપ્તિના વિરોધાભાસ વચ્ચે કવિ રણમાં તરસ્યા હરણનો પરિવેશ જાણે ધરીને જળ વિશેની વ્યાખ્યા ન કરતા હોય એમ લાગે છે. રણના હરણ ને આ કવિની ત્રુષ્ણામાં એ જ ફરક છે કે એઓ આભાસી મૃગજળ પાછળ નહીં પરંતુ સાધનાની અસલી તરસની પરાકાષ્ટા પર એ જળત્વ અર્થાત સંતૃપ્તિના સારને પામે છે.

"વેઠી હશે જેણે તરસની યાતના,
’જળ એ જ જીવન’ સૂત્રને ટાંક્યું હશે."

મહેશભાઈને મારો એક તૃપ્તિ તથા ત્રૃષા વિશેનો શેર અર્પણ કરૂં છું.

‘તૃપ્તિ પણ ત્રૃષા બની વહે સતત,
આમ ધારધાર હોવું આપણું. ’

- સતીન દેસાઈ "પરવેઝ" દીપ્તિ"ગુરૂ"

"મા બાપના ચરણમાં સ્વર્ગ છે." એ સનાતન મંત્ર હર ધર્મનો અહાલેક જગવે છે. એથી જ હું પણ ધર્મગુરૂના કથામંત્ર કરતા માત્રુસેવાને સવિશેષ પ્રાધાન્ય આપવાની અરજને આમ પસારૂં છું.

"તમામ સ્વર્ગ કે રસ્તે હટાદે મેરી રાહોં સે,
ચરણ મેં માં કે બૈઠે બૈઠે મૈં જન્નત મેં જા આઉં."

- સતીન દેસાઈ પરવેઝ દીપ્તિ"ગુરૂ "

આ કવિ આ જ ફળ શ્રુતિને સુખદુઃખના માધ્યમથી એમના શેરમાં દોહરાવે છે.

"સુખમાં ય એનું મન સુખી નહીં થઈ શકે,
હૈયું જેણે માવતરનું કકળાવ્યું હશે."

છઠ્ઠો શેર છઠ્ઠી ઈંદ્રિય સમ હાસિલે-ગઝલ શેર છે.જેમાં આરંભે ઝીણી વણાટની કબીરાઈ હવે જાત બાળીને આત્મદીપનના પ્રાગટ્ય તરફ દોરાય છે.આ શેરમાંથી પસાર થતા ડો.ચીનુ મોદી ઈર્શાદનો એક મિસરો યાદ આવે છે..

" ઘર બાળીને તીરથ કીધું." જાત ફૂંક્યા વિના એ દિવ્ય ચરમ અજવાસ ક્યાં શક્ય હોઈ શકે? એ આત્મ જ્ઞાનત્વ આ કવિની ગઝલની ખાસિયત છે.

"થઈ ગઈ હો જેની જાત દીવો, ઠામૂકી,
એણે જ આખું ગામ અજવાળ્યું હશે."

અંતિમ શેર સ્વાનુભૂતિના જ નખશિખ બીંબનાં નિર્માણ એવમ પરિણામ પત્થર અને કાચઘરના સમન્વય સાધતા પ્રતીકોથી કરે છે.જેમાં અનુભૂતિનું સમત્વ જ એકમેકની સુરક્ષા કરવાનું સામર્થ્ય દાખવી શકે . એવી સુદ્રઢ વ્યાખ્યા કવિ શેરમાં ઘડી અસ્તિત્વ અધ્યાયની પૂર્ણાહુતિ કરે છે.

ક્યારેય પત્થર નહીં ઉગામે એ "મહેશ"
ઘર જેમણે ખુદ કાચનું રાખ્યું હશે.

નખશિખ લાગણીના પારદર્શક નિવાસી અમેરિકા સ્થિત મહેશ રાવલને સલામ.

સતીન દેસાઈ ‘પરવેઝ’ દીપ્તિ ‘ગુરૂ’
એ/૩ અભિલાષા ફ્લેટ, પારિજાત સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ. ૭ (મો. ૯૪૨૮૯૦૭૭૭૫)

કોરોના ટાઈમ પાસ

પ્લીઝ વેઈટ

ભારતીય એન્જીનીયર કે ડોક્ટર બન્યા પછી વર્ષો થયા.. હજી અમેરીકાગમન નો લગાવ ઘટતો નથી. ભણેલાઓને તો અમેરીકા વહાલુ લાગે છે. અને ગમે છે.

- ભારતમાંથી ભારતીય દિકરીનું કન્યાદાન થાય કે તરતમાં જો અમેરિકન સીટીઝન ભારતીય મૂરતીયો હોય તો દિકરી અમેરીકાના શહેરમાં સ્થિર થઈ જાય છે.
- આમજ ભારતીય માબાપના દિકરાઓ પણ ચાન્સ મળે તો અમેરિકાના નિવાસી બનવા ભારતમાંથી ચાલ્યા જાય છે.
- લાંબો સમય જાય એટલે ભારતમાં રહેતા માબાપને ધડપણ સતાવે એટલે અમેરિકા રહેતા દિકરા-વહુ અને દિકરી-જમાઈની યાદ આવે છે.
-હવે મોબાઈલ યુગ ચાલી રહ્યો છે -એટલે ભારતમાંથી માબાપ મોબાઈલથી પૂછે, કે “ બેટા ! ક્યારે ઈન્ડિયા આવવાના છો?” એટલે વિનાલિંબે પૂત્રો-પુત્રીઓ તરત જ વળતો જવાબ આપી દયે...

“ - મમ્મી -પપ્પા ! આઈ એમ સોરી - નાવ,
વી-હેવ, નો-ટાઈમ !”
પૂત્રવધુ કહે : “ ઈન્ડીયા ઈઝ ડર્ટી કન્ટ્રી !
- પ્લીઝ વેઈટ ! -
- વી હેવ - નો -ટાઈમ !-
અધવચ્ચે વાતચીત કટ થઈ જાય છે !
છેલ્લા શબ્દો હવામાં ઉડી જાય છે! પ્લીઝ વેઈટ !

બે પ્રકારના વાયરસ

આ કલ્પના છે, પરંતુ હકીકત પણ હોઈ શકે છે કે -
આ ધરતી ઉપર બે પ્રકારના વાયરસો જ્યારથી પૃથ્વી ઉપર માનવ-વસ્તી થઈ, ત્યારથી માનવ-જાત અસ્તિત્વમાં છે.
- આ બંન્ને વાયરસ અદ્રશ્ય છે, કેમ કે તેને માણસ જોઈ શકતો નથી. પરંતુ માત્ર અનુભૂતિ કરી શકે છે.
-ભારત દેશમાં આ બંન્ને પ્રકારના વાયરસોએ પોતાનો પ્રભાવ બતાવ્યો છે.
-રાવણ, કંસ અને દુર્યોધનના આ ત્રણેય કથાપાત્રોમાં શયતાની વાયરસનો ઉગ્ર પ્રભાવ હતો.
- જ્યારે હરિચંદ્ર-તારામતી, સંત તુકારામ, નરસિંહ મહેતા, શેઠ સગાળશા, જલારામ જેવા અનેક ધર્માચાર્યોમાં પણ સદ્‌ગુણી વાયરસનો ઉંડો પ્રભાવ હતો.
-આવી જ રીતે ભારતમાં નેતા ગાંધીજી, સરદાર, જવાહરલાલ જેવા અનેક અન્ય નિષ્ઠાવાન અને નિઃસ્વાર્થી નેતાઓમાં સદ્‌ગુણી વાયરસનો ઉંડો પ્રભાવ હતો.
-શયતાની વાયરસ વિનાશક જ હોય! -અને-સદગુણી વાયરસ માયાળુ જ હોય ! -
- માણસમાં જે પ્રકારના વાયરસનો પ્રભાવ હોય તે તેવું જ આચરણ કરે ! -
કોરોના કાળમાં કોરોના વાયરસ ઉપરાંત શયતાની અને સદગુણી-બંન્ને વાયરસનો પ્રભાવ રહેલો છે.

જૂનાગઢ ખાતે શિક્ષક દિન નિમિત્તે શ્રેષ્ઠ શિક્ષકો અને પ્રતિભાવંત વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો

વિદ્યાર્થીઓના સર્વાંગી જીવન ઘડતરમાં શ્રેષ્ઠ પ્રેરકબળ આપતું શિક્ષણ સમયની જરૂરીયાત છે

આજે શિક્ષણ અને જ્ઞાન છે તેની પાસે સત્તા છે : મંત્રી જવાહરભાઈ ચાવડા

જૂનાગઢ તા.૬

જૂનાગઢ સ્થિત કનેરીયા હાઈસ્કૂલમાં બહોળી સંખ્યામાં શિક્ષકોની ઉપસ્થિતીમાં શિક્ષક દિન નિમિત્તે જૂનાગઢ જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકો અને પ્રતિભાવંત વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. શિક્ષકો વિદ્યાર્થીઓને સન્માનીત કરી મંત્રી જવાહરભાઈ ચાવડાએ કહ્યું કે, આજે જેની પાસે જ્ઞાન અને શિક્ષણ છે તેની પાસે સત્તા છે. શિક્ષક દિનની ઉજવણી ત્યારે જ સાર્થક થશે જયારે શિક્ષકો અને આપણે સૌ વિદ્યાર્થીઓના સર્વાંગી જીવન ઘડતરમાં શ્રેષ્ઠ પ્રેરકબળ આપતું શિક્ષણ અને જ્ઞાન આપીશું. આવું શીક્ષણ મેળવી આજનો વિદ્યાર્થી જીવનના દરેક ક્ષેત્રે સફળ થાય. યુવાનોના ઉજવળ ભવિષ્ય માટે આજનાસમયની આ જરૂરીયાત છે. વિદ્યાર્થી જીવનમાં સફળથઈ પોતાને શીક્ષણ આપનાર શીક્ષકને જીવનમાં કાયમ યાદ રાખવા સાથે ભવિષ્યમાં આજ શીક્ષક પાસેથી સન્માન મેળવેતેમ જવાહરચાવડાએ જણાવી ઉમેર્યુ કે, શિક્ષક પાસેથી જીવનના સારા પાઠ શીખવાના છે. તેમણે ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનને યાદ કરી કહ્યું કે, શિક્ષણમાં સમયાંતરે ઘણું પરિવર્તન આવ્યું છે. આ પરિવર્તન સાથે શિક્ષકો અને વિદ્યાર્થીઓ તાલમેલ સાધી આગળ વધવાનું છે. આ પ્રસંગે મંત્રી જવાહરભાઈ ચાવડા, મેયર ધીરૂભાઈ ગોહેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શાંતાબેન ખટારીયા, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મધુબેન સાવલીયા, કારોબારી ચેરમેન કંચનબેન દઢાણીયાના, જિલ્લા વિકાસ અધિકારી મીરાંત પરીખના હસ્તે જિલ્લા કક્ષા માટે શ્રેષ્ઠ શિક્ષક વાછાણી અમીતભાઈ ઉમરાળી પ્રાથમિક શાળા અને મારવાણિયા કૃણાલભાઈ શાપુર પે સેન્ટર શાળાને રૂા.૧૫ હજાર પુરસ્કાર અને સાલ અને સન્માન પત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. જયારે તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક માટે પંડયા તુષાર મંડલીકપુર પ્રા. શાળા, હિન્શુમીન્ટુબેન કન્યાશાળા નં.૪ જૂનાગઢ, વ્યાસ દિપ્તિબેન તાલુકા પ્રાથમિક શાળા સાકરોળા અને મકવાણા શિલ્પાબેન તાલુકા પ્રાથમિક શાળા બંટીયાને રૂા.૫ હજાર અને સાલ અને સન્માન પત્ર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

ઉપરાંત આ પ્રસંગે જૂદી જૂદી શાળાનાં પ્રતિભાવંત વિદ્યાર્થિઓ રાશી પ્રફુલભાઈ અને હેતવી મુકેશભાઈ અભાંગી ભીયાળ પ્રાથમિક શાળા, ધારા મગનભાઈ ડાકી પ્રાથમિક શાળા કેરાળા, કૃષીતા ઉછડીયા કાથરોટા પ્રાથમિક શાળા, તનવી હીરપરા સુખપુર પ્રાથમિક શાળા અને નિરાલી રાણાભાઈ બગીયા રામકૃષ્ણ પ્રાથમિક શાળા કેરાળાને મંત્રી સહિત મહાનુભાવોના હસ્તે સન્માનીત કરવામાં આવ્યા હતા. મેયર ધીરૂભાઈ ગોહેલે સ્વ. મોલા પટેલ, પેથલજીબાપા ચાવડા સહિતના શિક્ષણક્ષેત્રના અગ્રણીઓને યાદ કરી ડિઝિટલ ઈન્ડીયા તરફ દેશને દોરી જવા ગુણવત્તાયુકત શિક્ષણની હિમાયત કરી હતી. જિલ્લા વિકાસ અધીકારી મીરાંત પરીખે શિક્ષણનો ઉપયોગ આમ જનતાના સર્વાંગી વિકાસ માટે થવો જોઈએ તેમ જણાવી કહ્યું કે, આજે સમય શિક્ષણ અને જ્ઞાનનો છે. નોલેજ બેઈઝ ઈકોનોમી છે તેની સાથે ચાલવા હંમેશા નવું શિખવાની ખેવના રાખવી પડશે. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા શિક્ષણાધિકાર આર.એસ. ઉપાધ્યાયે સ્વાગત પ્રવચન સાથે કોરોનાના સમયમાં શિક્ષકોદ્વારા નેસ વિસ્તારની શાળાઓમાં અપાતા શિક્ષણ સાથે કરેલ સર્વગ્રાહી કામગીરી અને બ્લડ ડોનેશનમાં સમગ્ર રાજયમાં ૨૦૫૬ બોટલ રકતદાન કરી જૂનાગઢ જિલ્લાએ પ્રથમ સ્થાન મેળવવા બદલ શીક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપક ભરત મેસીયાએ અને આભારવિધિ એજયુકેશન ઈન્સપેકટર આર.વી. પરમારે કરી હતી. આ તકે જૂનાગઢ જિલ્લા સહકારી બેંકના એમ.ડી. દિનેશભાઈ ખટારીયા, પટેલ કેળવણી મંડળના પ્રમુખ સવજીભાઈ મેનપરા, આલ્ફા સ્કૂલના સંચાલક જી.પી. કાઠી, સહાયક જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી જેઠવા શિક્ષકો સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય વિભાગદ્વારા શિક્ષકો માટે કોરોના રસીકરણ કેમ્પ પણ યોજવામાં આવ્યો હતો.

પર્વાધીરાજ પર્યુષણ મહાપર્વનાં બીજા દિવસે માતા-પિતા સંબંધે મનનીય પ્રવચન

જૂનાગઢ તા. ૬

રાષ્ટ્રીય સંત પરમશ્રી નમ્રમુની મહારાજનાં આજ્ઞાવર્તી ડો. ડોલરબાઈ મહાસતીજી આદીઠાણા-૬ મહાસતીજીઓ દ્વારા જૂનાગઢ જૈન સંઘ અને મહેતા નિદાન કેન્દ્રમાં નિયમીત ચાલતા 'ઈનર ચેલેજીંગ કોર્સ' અને વ્યાખ્યાનમાં જૈન અને જૈનેતરની સંખ્યા વધતી જાય છે. રવિવારે મહાસતીજીએ મનનીય પ્રવચન કરેલ તેનો વિષય હતો 'માય ફર્સ્ટ ગોડ મધર એન્ડ ફાધર'. એકદમ ભાવનાસર આ પ્રવચનમાં ઘણા શ્રોતાઓની આંખમાં આસુ પણ આવી ગયેલા હતા. મહાસતીજીએ તેમના સુંદર વ્યાખ્યાનમાં જણાવેલ હતું કે અત્યારે સંધંબોમાં 'ફોર્માલીટી' વધતી જાય છે, અને 'રીઆઈલીટી' ઘટતી જાય છે. આપણે અત્યાર સુધી જબરજસ્તીથી પર્યુષણ પર્વ મનાવેલ છે હવે આપણે જબરજસ્ત પર્યુપણ પર્વ મનાવવા છે. અત્યારે બાળકોને કોઈપણ વસ્તુ સમજાવશું તેની પાછળ 'લોજીક' સમજાવી શકીએ નહી, તો તે સમજશે નહી. માતા પિતાનું વર્તન જેવું હશે તેવું જ બાળક આચરણ કરશે. માતા પિતા બાળકને સમજાવવા કરતા તેને ખીજાવવામાં વધુ સમય બગાડે છે. આ સંજોગોમાં બાળકોને પરીવારમાં પ્રેમ મળતો નથી એટલે બહારના વ્યકિત પાસે મેળવવા જાય છે. આ ભુલ કોની છે? બાળકોને કે માતા પિતાની? આપણે આપણા બાળકોને 'ગોડ' છીએ કે 'ડોન' છીએ. બાળકોને કોઈ પ્રોબ્લેમ થાય તો તે પ્રોબ્લેમને સમજવાને બદલે સલાહ જ આપીએ છીએ. આના કારણે બાળકો વચ્ચે 'કોમ્યુનીકેશન ગેપ' વધતો જાય છે. બાળકો માતા પિતાથી દૂર થતા જાય છે. બાળકોથી ગમે તેટલી મોટી ભુલ થાય તો પહેલા તેની ભુલ શાંતિથી સમજાવવાની કોશિષ કરો ત્યારબાદ તેને જવાબ આપો. સાથે સાથે બાળકોને પણ મીઠાશથી સમજાવતા મનનીય પ્રવચનમાં મહાસતીજીએ જણાવેલ કે હવે બાળકોએ પણ માતા પિતાને સમજવા પડશે. બાળકોએ પણ વિચાર કરવાનો કે આપણો જન્મ સારા ઘરમાં કેમ થયો? અનાથ આશ્રમમાં કેમ ન થયો? આપણે પુર્વભવમાં વડીલોની સેવા કરી હશે ત્યારે આ ભવમાં માતા પિતા પ્રાપ્ત થયેલ છે. 'જયાં ભગવાન નથી પહોંચતા ત્યાં માતા પિતા પહોંચે છે. માટે માતા પિતા પણ ભગવાન સમાન છે.' ઉપસ્થિત તમામ શ્રોતા ભાઈ બહેનોને અને બાળકોને વિનંતી કરેલ કે આજે તમારા માતા પિતાના ખોળામાં માથુ મુકીને ભુલનો સ્વીકાર કરો અને સામુહિક રીતે બધાને 'આઈ એમ સોરી' તેમ બોલાવેલ, ત્યારે મહેતા નિદાન કેન્દ્રનાં વ્યાખ્યાનખંડમાં બધા જ ભાવવિભોર બની ગયેલ હતાં. અને એમ જણાતું હતું કે સાચા દિલથી એક બીજાને પ્રાયશ્ચીત કરેલુ હતું. માતા પિતાનો ઉપકાર આપણે ગમે તેટલું કરીશુ તો પણ ચુકવી શકીશુ નહી. તે બાબત વિસ્તૃત રીતે વ્યાખ્યાનકાર મહાસતીજીએ સમજાવેલ અને જાહેરમાં ઉપસ્થિત શ્રોતામાંથી માતા પિતા અને બાળકોને ઉભા કરીને ચરણ સ્પર્શ કરાવેલ. માતા પિતાને પણ શીખામણ આપતા મહાસતીજીએ કહેલ કે બાળકને ફ્રેન્ડની જરૂર એટલા માટે જ પડે છે કારણ કે માતા પિતા તેના ફ્રેન્ડ નથી બની શકતા. આ પ્રવચનની વચ્ચે 'લુક એન લર્ન'ના બાળકોએ સુંદર નૃત્ય નાટીક પ્રસ્તુત કરેલ હતી. અને આ બાળકોએ તેમના માતા પિતાને ચરણ સ્પર્શ કરી માતા પિતાનાં વધામણા કરેલ હતા. પર્યુષણ પર્વમાં તપની આરાધના પણ સુંદર રીતે ચાલી રહી છે. કોઈને આઠ ઉપવાસ તો કોઈને સોળ ઉપવાસના ભાવ છે. આવા તપસ્વીઓની અનુમોદનાથી મહેતા નિદાન કેન્દ્રનું વ્યાખ્યાન ખંડ ગુંજી રહયો હતો. આ રીતે પર્યુષણ પર્વના પાવન દિવસે ખુબ જ ઉલ્લાસમય વાતાવરણમાં પસાર થઈ રહયા છે. જૈન ધર્મના સિધ્ધાંતોની સાથો સાથ વહેવારીક જીવનમાં પણ સરળ થવા માટે અને આપણું 'સ્વ'માં મિલન કરવા માટે જે સવારે 'ઈનર ચેલેજીંગ કોર્ષ' ચાલે છે તેમાં પણ શ્રોતાઓની સંખ્યા ખુબ જ વધતી જાય છે અને પૂજનીય મહાસતીજીના હૃદયસ્પર્શી પ્રવચનો સાંભળીને દરેક શ્રોતા ભાવ વિભોર બનતા જાય છે.

આલેખન : કિરીટ બી. સંઘવી, એડવોકેટ

ગીર સોમનાથ જીલ્લા વન વિભાગે ચાલુ વર્ષમાં વાઈલ્ડ લાઈફનાં ૧૫ ગુનાઓ પકડી રાજયમાં બીજો નંબર પ્રાપ્ત કર્યો

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૬

જૂનાગઢ રેન્જનાં ગીર સોમનાથ જીલ્લા વન વિભાગે વાઈલ્ડ લાઈફ ક્રાઈમને લગતા ૧૫ જેટલા ગુનાઓ પકડી ચાલુ વર્ષમાં રાજયમાં આ ક્ષેત્રે બીજો નંબર પ્રાપ્ત કરેલ છે. આ કાર્યમાં વેરાવળ રેન્જનો સમગ્ર સ્ટાફ રેન્જ એસીએફનાં માર્ગદર્શન હેઠળ આ સફળ કામગીરી યશપાત્ર બની છે. રેન્જ ફોરેસ્ટર ઓફીસર એચ.ડી. ગરચરે જણાવેલ કે તાજેતરમાં જ વાઈલ્ડ લાઈફ ક્રાઈમ સેલ ગાંધીનગર દ્વારા તળાજા ખાતે પ્રતિબંધીત શંખ-છીપનું વેંચાણ કરતા આરોપીઓ પકડતા તેની પુછપરછ તપાસમાં પ્રભાસ પાટણ સુધી દોર પહોંચતા વેરાવળ વન વિભાગે પ્રભાસ પાટણમાંથી ત્રણ આરોપીઓને ઝડપી લીધેલ હતાં.

આ રેન્જમાં એસીએફ શ્રીમતી ડી.એસ. ભારાઈનાં માર્ગદર્શન મુજબ આરએફઓ એચ.ડી. ગરચર, બી.એ. શીલુ, કુ. યુ.બી. જોટવા, બી.વી. છોટાળા, પી.બી. વાળા, કુ. એસ.જે. ગોરડ, કુ. ડી.જે. બારડ, લાલજીભાઈ ગોહીલ, એ.આર. દવે, આનંદ સોલંકી, પુંજાભાઈ સોલંકી સહીત ૨૦ કર્મચારીઓ-અધિકારીઓ કાર્યરત રહે છે.

નાકરાની પરિણીતાને સાસરીયાનો ત્રાસ માણવદર પોલીસમાં ફરીયાદ

જૂનાગઢ તા. ૬

માણાવદરનાં નાકરા ગામે હાલ રહેતી પરિણિતા નિર્મળાબેન ઉર્ફે નિમુબેનને તેના પતિ રમેશભાઈ નાથુભાઈ પરમાર રહે. જામનગર, જેઠ માધાભાઈ, જેઠાણી સવિતાબેન રહે. ફુલરામા, જેઠ નાથાભાઈ, જેઠાણી ગીતાબેન રહે. બાવળા (અમદાવાદ) અને કૌટુંબીક દિયર ગોવિંદભાઈ પીઠાભાઈ પરમાર અને કૌટુંબીક દેરાણી સાવિત્રીબેન ગોવિંદભાઈ પરમાર (રહે. પોરબંદર) દ્વારા કામકાજ બાબતે મેણાં ટોણા મારી ઢીકાપાટુનો માર મારેલ તેમજ સાહેદ યોગેશભાઈને પણ ઢીકાપાટુનો માર મારેલ, આ બનાવમાં પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ જીલ્લામાંથી ૨.૮૬ લાખથી વધુનાં મુદામાલ સાથે ૪૭ જુગારીઓ ઝડપાયા

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ જીલ્લામાંથી રૂા.૨.૮૬ લાખથી વધુનાં મુદામાલ સાથે ૪૭ જુગારીઓને પોલીસે ઝડપી લીધા હતા. વિસાવદરનાં મંડોરીયા ગામની સીમમાં વોંકળાનાં કાંઠે જુગાર રમતા ૮ શખ્સોનો પોલીસે રૂા.૧૦,૨૪૦નાં મુદામાલ સાથે, જૂનાગઢ તાલુકા પોલીસે પાંચ કી.મી. દુર વિનય મીલ સામે નારણભાઈ રણછોડભાઈએ ભાગીયાથી રાખેલ વાડીમાં જાહેરમાં જુગાર રમતા ૧૦ શખ્સોને રૂા.૧,૯૧,૯૬૦નાં મુદામાલ સાથે તેમજ ભેસાણ પોલીસે ખંભાળીયા ગામેથી ૬ શખ્સોને રૂા.૧૫૮૦નાં મુદામાલ સાથે, કેશોદ પોલીસે કેવદ્રા ગામની સીમમાંથી ૮ શખ્સોને રૂા.૩૧,૧૧૦નાં મુદામાલ સાથે, ચોરવાડ પોલીસે કુકસવાડા ધોરીવાવ વાડી વિસ્તારમાંથી ૮ શખ્સોને રૂા. ૪૭,૪૦૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા જયારે એક શખ્સ નાસી ગયો હતો.

આ ઉપરાંત માળીયા હાટીના પોલીસે જૂથળ ગામનાં પ્લોટ વિસ્તારમાંથી ૪ શખ્સોને રૂા.૩૯૮૦નાં મુદામાલ સાથે ઝડપી લીધા હતા. પોલીસે તમામ શખ્સો વિરૂધ્ધ જુગારધારા અંતર્ગત ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગલિયાવાડ ગામે મહિલા ઉપર હુમલો : ત્રણ સામે ફરીયાદ

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ તાલુકાનાં ગલિયાવાડ ગામે મહિલા ઉપર હુમલાની ઘટના બની હતી. ગલીયાવાડ ગામે રહેતા મુમતાઝ બેનનાં ઘર પાસે આરોપી ફૈયાજ ઓસમાણ સીડા મુમતાઝબેનનાં પતિને ફોનમાં જેમ ફાવે તેમ ગાળો બોલતો હોય જેની ના પાડતા આરોપી ફૈયાજે ઉશ્કેરાઈ જહી થોડીવારમાં આવું છું કહી ત્યારબાદ ફૈયાજ, ફરીદાબેન તથા અલીભાઈ કાસમભાઈ આ ત્રણેયે ત્યાં આવી મુમતાઝ બેનને આડેધડ આખા શરીરે ઢીકાપાટુનો માર માર્યો હતો. આ બનાવમાં તાલુકા પોલીસે ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જૂનાગઢમાં ઓપન સૌરાષ્ટ્ર સાયકલીંગ ચેમ્પીયનશીપ સ્પર્ધા યોજાઈ

જૂનાગઢ તા. ૬

સાયકલીંગ એસોસીએશન જૂનાગઢ દ્વારા તા. ૫ સપ્ટેમ્બરનાં રોજ ઓપન સૌરાષ્ટ્ર સાયકલીંગ ચેમ્પીયનશીપનું આયોજન લાલઢોરી ખાતે કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં જીલ્લાનાં ૪૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સીનીયર વિભાગમાં પીપરોતર જીગ્નેશ, જેઠવા નિમીષા, જુનીયર વિભાગમાં પરસાણીયા જનક, કામોઠી પુજા, સબ જુનીયર વિભાગમાં ધ્રુવ વત્સલ અને અંડર ૧૪ વિભાગમાં ચુડાસમા ધાર્મિક અને કનેરીયા હેત્વી વિજેતા થયેલ હતાં.

આ તકે જીલ્લા વિકાસ અધિકારી દિહોરા, હારૂનભાઈ વિહળ, અનિલભાઈ રાઠોડ, ભવનાથનાં પીએસઆઈ ચુડાસમા, જગદીશભાઈ પારઘી, કલ્પેશ શૃંખલા, પી.સી. ભટ્ટ, મયુર જોષી, વાસવાણી સુનીલ, પરમાર જીત, ગાંધી રાજેશભાઈ, રોકડ ભાવિન વગેરે ઉપસ્થિત રહયા હતાં.

જૂનાગઢ સ્વામીનારાયણ મુખ્ય મંદિરનાં પીપી સ્વામીનો આજે જન્મ દિવસ

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ જવાહર રોડ સ્થિત સ્વામીનારાયણ મુખ્ય મંદિરનાં સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (પીપી સ્વામી)નો આજે ૪૭મો જન્મ દિવસ છે. નરનારાયણદાસજીનાં શિષ્ય એવા પીપી સ્વામી રાજકોટ ભુપેન્દ્ર રોડ સ્થિત સ્વામીનારાયણ મુખ્ય મંદિરનાં કોઠારી તરીકે પણ સેવા આપી ચુકયા છે. ૨૨ વર્ષ સુધી આ મંદિરમાં સેવા આપેલ. ૨૦૦૧માં ભુકંપ કુદરતી આપતી વચ્ચે બેઘર બનેલા લોકોને ફુડપેકેટ, અનાજ કીટો, વસ્ત્રો વગેરેની સેવા આપેલ. જન્માષ્ટમીમાં તેમની આગેવાનીમાં ફલોટ તૈયાર કરવામાં આવેલ જે નં. ૧ વિજેતા થયેલ હતો. વર્ષ ૨૦૦૪થી ૨૦૦૮ સુધી જૂનાગઢ સ્વામીનારાયણ મુખ્ય મંદિરમાં અનેક સેવાકીય કાર્યો કરેલ તેમજ હાલમાં મંદિરનાં કોઠારી પ્રેમસ્વરૂપદાસજી (નાવાગઢવાળા) સાથે તેમની ટીમમાં જોડાઈ કોરોનાની મહામારીમાં મંદિરનાં ઉતારામાં આઈસોલેશન સેન્ટર શરૂ કરી ૧૦૦થી વધુ બેડની સેવા આપેલ હતી. આજે તેમનાં જન્મ દિવસે મો. નં. ૯૮૭૯૯ ૧૨૦૭૨ ઉપર શુભેચ્છકો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

મેંદરડાનાં ચાંદ્રાવાડી ગામે દવા પીતા આધેડનું મોત

જૂનાગઢ તા. ૬

મેંદરડાનાં ચાંદ્રાવાડી ગામે રહેતા સુરેશભાઈ નાગજીભાઈ બામરોલીયા ઉ.વ.૫૦એ કોઈપણ કારણસર પોતાની મેળે પોતાની વાડીએ ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયું હતું. આ બનાવમાં મેંદરડા પોલીસે અરવિંદભાઈ નાગજીભાઈ બામરોલીયાનું નિવેદન લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કુવામાં ઝંપલાવી આપઘાત

વંથલીનાં સાંતલપુર ધાર નજીક સીમમાં આવેલ વાડીનાં કુવામાં સાગર માવજીભાઈ પરમાર (ઉ.વ.૨૧)એ કોઈપણ કારણસર ઝંપલાવી દઈ આપઘાત કરી લેતા પાણીમાં ડુબી જવાથી તેનું મોત નિપજયું હતું. આ બનાવમાં વંથલી પોલીસે માવજીભાઈ હંસરાજભાઈ પરમારનું નિવેદન લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

માંગરોળનાં રહીજ ગામે યુવાનને માર માર્યો

જૂનાગઢ તા. ૬

માંગરોળનાં રહીજ ગામમાં આવેલ અમરેશ્વર મહાદેવનાં મંદિરે દેવેન્દ્રગીરી લખમણગીરી ગોસ્વામી પીતૃઓને પાણી રેડવા માટે ગયેલ ત્યારે આરોપી રમીલાબેન મનોજગીરી ગોસ્વામીએ રસ્તામાં દાણાની પથારી કરેલ હોય જે સાઈડમાં લેવાનું કહેતા આરોપી રમીલાબેન, અશ્વીના ઉર્ફે અશુ મનોજગીરી ગોસ્વામી તથા કલ્પેશ મનોજગીરી ગોસ્વામીએ લાકડાનાં ધોકા વડે અને ઢીકાપાટુનો માર મારી અમારા કામમાં દખલગીરી કરીશ તો તને જીવતો નહી રહેવા દઈએ તેવી ધમકી આપી હતી. આ બનાવમાં માંગરોળ મરીન પોલીસો આગળની તપાસ હાથ ધરી છે.

જળ એ જીવન, પંચાયત સિંચાઈ વિભાગ, ગીર સોમનાથ (વેરાવળ)

ઓન લાઈન જાહેર નિવિદા નં.-બી-૧/૨ ઓફ ૨૦૨૧-૨૨

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ. ગીર સોમનાથ (વેરાવળ) - ૩૬૨૨૬૫ (જિલ્લા સેવા સદન, તાલાલા -વેરાવળ રોડ, મું.ઇણાજ.ગીર સોમનાથ) ફોન નં. ૦૨૮૭૬-૨૪૯૨૪૭ દ્વારા કુલ-૫ કામોના ટેન્ડરોની અંદાજીત રકમ રૂ.૯૧.૯૯ લાખના કામોને માન્ય નોંધણી કરાવેલ ઇજારદારો પાસેથી કામોના ટેન્ડરો ઓન લાઇન માંગવામાં આવે છે. આ કામના ટેન્ડરો https://www.nprocure.com website તથા www.statetenders.com ઉપરથી જોવા મળશે ઇજારદારશ્રીઓએ તમામ ડોકયુમેન્ટ સ્કેન કરી ઓન લાઇન મુકવાના રહેશે.

(૧) ઓન લાઇન ટેન્ડર રજુ કરવાની તારીખ	તા.૧૮/૦૯/૨૦૨૧ થી તા.૨૭/૦૯/૨૦૨૧
(૨) ટેન્ડર ફી સાધનીક કાગળો તેમજ અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની છેલ્લી તારીખ	તા.૦૫/૧૦/૨૦૨૧
(૩) ઓનલાઇન ટેન્ડર ખોલવાની	તા.૦૬/૧૦/૨૦૨૧

માહિતી/જુના/૪૭૫/૨૧

વૉક ઈન ઈન્ટરવ્યું

પોરબંદર જીલ્લામાં NHM અંતર્ગત આયુષ્માન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર પ્રોગ્રામ હેઠળ કોમ્યુનીટી હેલ્થ ઓફિસર ની સામે ખાલી રહેલ જગ્યાઓ પર કરાર આધારિત રીતે ૧૧ માસ માટે ભરવા લાયકાત ધરાવતા ઉમેદવારોની ભરતી કરવાની થાય છે. જે અન્વયે ઈચ્છુક ઉમેદવારોએ તા.૧૬/૦૯/૨૦૨૧ ના રોજ તાલુકા હેલ્થ કચેરી, એમ.જી. રોડ,પોરબંદર ખાતે વૉક ઈન ઈન્ટરવ્યું માટે ઈન્ટરવ્યું કમીટી સમક્ષ સવારે ૧૦.૦૦ કલાકે સ્વખર્ચે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

ક્રમ	જગ્યાનું નામ	જગ્યા	ફિક્સ માસિક પગાર
૧.	કોમ્યુનીટી હેલ્થ ઓફિસર	૧૧	રૂ ૨૫૦૦૦/- ફિક્સ + વધુમાં વધુ રૂ ૧૦૦૦૦/- સુધી પરફોર્મન્સ લીન્ક ઇન્સેન્ટીવ

શૈક્ષણિક લાયકાત

૧. B.A.M.S/GNM/B.sc નર્સિંગ ની સાથે SIHFW વડોદરા દ્વારા બોન્ડેડ સરકાર માન્ય સંસ્થા માં સર્ટીફીકેટ કોર્સ ઇન કોમ્યુનીટી હેલ્થ (બ્રીજ કોર્સ) કરેલ (આ ઉમેદવારોને ભરતી માંપ્રાથમિકતા આપવામાં આવશે)

અથવા

૨. CCCH નો કોર્ષ B.sc નર્સિંગ તથા પોસ્ટ બેઝીક B.sc નર્સિંગના કોર્ષ માં જુલાઈ -૨૦૨૦ થી સામેલ કરેલ હોય તેવી સંસ્થાઓ ખાતે થી જુલાઈ-૨૦૨૦ કે ત્યારબાદ પાસ થયા હોય તેવા B.sc નર્સિંગ ઉમેદવારો.

ઈચ્છુક ઉમેદવારોએ તેમના ફોટો આઈ.ડી કાર્ડ, જરૂરી શૈક્ષણિક લાયકાતના તમામ ઓરીજનલ ડોક્યુમેન્ટસ અને પ્રમાણિત નકલ તેમજ ફોટોગ્રાફ સાથેની અરજી સાથે હાજર રહેવાનું રહેશે.

નોંધ :- ઉક્ત જગ્યા ખાલી પડ્યે દર મહિનાના બીજા અને ચોથા ગુરુવારે ઈન્ટરવ્યું માટે ઈચ્છુક ઉમેદવારે ઈન્ટરવ્યું કમીટી સમક્ષ હાજર થવાનું રહેશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી

પોરબંદર

માહિતી/પોર/[illegible]

:: જાહેર નોટીસ ::

આથી સંબંધીત તમામને જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, **શ્રી શિવભકિત મત્સ્યોદ્યોગ સેવા સ.મં.લી.** મુ. વેરાવળ, તા. વેરાવળ, જી. ગીર સોમનાથ તરફથી પેટાનીયમ સુધારા અંગેની દરખાસ્ત અત્રેની કચેરીમાં રજુ થયેલ છે. સદર પેટા નિયમ સુધારા દરખાસ્ત ચકાસતા તેના **કાર્યક્ષેત્રમાં ગીર સોમનાથ તથા જૂનાગઢ જીલ્લાનુ કાર્યક્ષેત્ર** કરાવવા માંગતા હોય, સુચીત બંને જીલ્લામાં નોંધાયેલા અન્ય કોઈ આજ પ્રકારની અને સમાન ઉદેશોવાળી સંસ્થાને સદરહુ સંસ્થાની પેટાનીયમ સુધારા સામે વાંધો કે તકરાર હોય અને કોઈ રજુઆત કરવાની થાતી હોય તો તે અંગેનાં તમામ આધાર-પુરાવા સાથે નીચેસહી કરનાર અધિકારીશ્રી જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જીલ્લા સેવા સદન ઈણાજ, બીજા માળે રૂમ નં. ૩૦૩થી ૩૦૮ ગીર સોમનાથ સામક્ષ વર્તમાનપત્રમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં કચેરી સમયમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. અન્યથા પ્રસ્તુ બાબતે સંબંધીત સંસ્થાઓને કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી તેમ માની ગુણદોષના આધારે નિર્ણય કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

જીલ્લા રજીસ્ટ્રાર
સ.મં.લી. ગીર સોમનાથ
વેરાવળ

સ્થળ : ગીર સોમનાથ
તા. ૩-૯-૨૦૨૧

:: અવસાન નોંધ ::

જૂનાગઢ : પરસોતમભાઈ સીદીભાઈ સોલંકી (ઉ.વ. ૬૪) તે તારાબેન પરસોમભાઈ સોલંકીનાં પતિ, જસ્મીન (જય), જીતુ (જીત)ના પિતા, રીધ્ધીબેન નીતુભાઈ સોલંકીનાં સસરા, સ્વ. મુકેશભાઈ (મુનાભાઈ), રમેશભાઈ, હર્ષાબેન, હંસાબેન, હીરાબેન, સ્વ. હીનાબેનનાં મોટાભાઈ, ગિરીશભાઈ પારેખ, સાધનાબેન પારેખ નોટરી (એડવોકેટ)નાં વેવાઈનું તા. ૪-૯-૨૧નાં રોજન દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૬-૯-૨૧ને સોમવારનાં સાંજનાં ૪ થી ૬ તેમનાં નિવાસ સ્થાને રાખેલ છે.

હર હર મહાદેવ, શિવ શંભુનાં નાદ સાથે પવિત્ર પાવનકારી શ્રાવણ માસની પૂર્ણાહુતિ

શ્રાવણ માસનાં અંતિમ સોમવાર અને સોમવતી અમાસે શિવમંદિરોમાં ભાવિકો ઉમટી પડયા

દામોદરકુંડમાં સ્નાનવિધી ઉપર પ્રતિબંધ હોવાથી શિવ મંદિરોમાં પિતૃતર્પણ માટે શ્રધ્ધાળુઓનું ઘોડાપુર




જૂનાગઢ તા. ૬

આજે શ્રાવણ માસનો અંતિમ સોમવાર અને સોમવતી અમાસનો શુભગ સમન્વય સર્જાયો છે ત્યારે આ દિવસે પિતૃતર્પણનું પણ ભાવિકોમાં અનેરૂ મહાત્મ્ય હોયછે. પરંતુ હાલ કોરોના કાળનાં લીધે સંક્રમણને રોકવા માટે દામોદરકુંડમાં સ્નાનવિધી માટે તંત્ર દ્વારા પ્રતિબંધ ફમાવવામાં આવ્યો છે. કેમ કે, ભાદરવી અમાસ નિમિતે પિતૃતર્પણ માટે લાખોની સંખ્યામાં લોકો ઉમટી પડે છે. જૂનાગઢ અને આસપાસનાં જીલ્લામાંથી સ્નાન તેમજ પિતૃતર્પણ માટે પીપળે પાણી રેડવા સહિતની ધાર્મિક વિધિ માટે શ્રધ્ધાળુઓ આવતા હોય છે આથી કેન્દ્ર અને રાજય સરકારની કોરોના ગાઈડલાઈડ સંદર્ભે દામોદરકુંડ ખાતે ગત તા. ૫-૯-૨૧ના રોજ રાત્રીનાં ૮ કલાકથી આજે તા.૬-૯-૨૧નાં રોજ બપોરનાં ૫.૦૦ કલાક સુધી દામોદરકુંડ ખાતે શ્રધ્ધાળુઓ, યાત્રિકો માટે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા એક જાહેરનામું બહાર પાડી પ્રવેશબંધી ફરમાવી દેવામાં આવી છે. આ ઉપરાંત ટ્રાફીક નિયમન માટે આ સમયગાળા દરમ્યાન જૂનાગઢ શહેરમાં સ્મશાન સુધી જવા માટે ભરડાવાવથી સ્મશાન સુધી વાહનો જઈ શકશે અને સ્મશાનથી શહેર સુધી આવવા માટે સ્મશાનથી ગીરનાર દરવાજા સુધી વાહનો આવી શકશે. આ જાહેરનામાં સંદર્ભે પોલીસનો સજજડ બંદોબસ્ત દામોદરકુંડ ખાતે ગોઠવી દેવામાં આવ્યો છે. આમ દામોદરકુંડ ખાતે સ્નાનવિધી માટે પ્રવેશબંધી ફરમાવવામાં આવતા જૂનાગઢ શહેર અને ગિરનાર ક્ષેત્રમાં આવેલા શિવમંદિરોમાં પિતૃતર્પણ માટે ભાવિકોની ભારે ભીડ જોવા મળી રહી છે. આ ઉપરાંત આજે શ્રાવણ માસનો અંતિમ સોમવાર પણ હોય, શિવજીને જલાભિષેક, દુગ્ધાભિષેક, ફળફુલ અર્પણ અને દર્શન માટે ભાવિકોની ભારે ભીડ જોવા મળી રહી છે. એમ કહેવાય છે કે, ભાદરવી અમાસે પિતૃતર્પણ કરવાથી અનેક પ્રકારનાં ફળ મળે છે તેમજ પિતૃઓને પણ મોક્ષની પ્રાપ્તી થાય છે. પુરાણમાં પણ સોમવતી અમાસનો ઉલ્લેખ છે અને કહેવાય છે કે, સ્વર્ગ, પૃથ્વી અને આકાશનાં તમામ દેવતાઓનો નદીનાં જળમાં સમાવેશ થાય છે.

સોમનાથ ત્રિવેણી સંગમ

સોમનાથ સાનિધ્યે આવેલા ત્રિવેણી સંગમ ઘાટ ખાતે આજે વહેલી સવારથી જ પિતૃતર્પણ માટે ભાવિકો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. ત્રિવેણી સંગમમાં સ્નાન અને પીપળે પાણી રેડી ધન્ય થયા હતા. આ ઉપરાંત સોમનાથ મહાદેવ મંદિરે પણ ભાવિકોનો ભારે પ્રવાહ રહયો હતો. હર હર મહાદેવનાં ગગનભેદી નાદ સાથે શિવાલયો ગુંજી ઉઠયા હતાં.

પ્રાચી તિર્થ

સુત્રાપાડા તાલુકાનાં સુપ્રસિધ્ધ યાત્રાધામ પ્રાચી તિર્થનાં મોક્ષ પીપળે પાણી રેડવા માટે આજે સોમવતી અમાસનાં પાવન દિવસે માનવ મહેરામણ ઉમટયો હતો. પોલીસે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવ્યો હતો. ભાવિકો સરસ્વતી નદીનાં કુંડમાં સ્નાન કરી મોક્ષ પીપળે પાણી રેડી પિતૃઓનાં મોક્ષ માટે પ્રાર્થના કરી હતી.

ગુપ્તપ્રયાગ

ઉનાનાં દેલવાડા નજીક અતિ પ્રાચીન ગુપ્તપ્રયાગ તિર્થ ધામ આવેલ છે અને અહીંયા ત્રણ નદીનો ગુપ્ત સંગમ થાય છે. આ સ્થળે પણ પિતૃતર્પણ સહિતની ધાર્મિક વિધી સરકારની ગાઈડલાઈન મુજબ કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં ભાવિકોએ અહીંયા આવી પિતૃતર્પણની વિધિ સંપન્ન કરી હતી.

જૂનાગઢમાં વકિલની આત્મહત્યા કે હત્યા ? પોલીસે તપાસ શરૂ કરી

મંગલધામ-રમાં રહેતા વકિલનો ઘરમાંથી જ મૃતદેહ મળ્યો : શરીર ઉપર છરીનાં ઘાનાં નિશાન

(તસ્વીર : અમ્માર બખાઈ)

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ શહેરનાં મંગલધામ-ર વિસ્તારમાં રહેતા એક વકિલનો મૃતદેહ તેના ઘરમાંથી જ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ઘરમાંથી મળેલ વકિલનાં મૃતદેહ ઉપર છરીના ઘા નાં નિશાન જોવા મળ્યા હતા. આ અંગે મૃતકનાં પરીવારજનો પોલીસને જાણ કરી હતી અને પ્રથમ દ્રષ્ટીએ આત્મહત્યાની આશંકા વ્યકત કરાઈ હતી પરંતુ જૂનાગઢ પોલીસે સ્થળ ઉપર જઈ મૃતદેહનું નિરીક્ષણ કરતા આ બનાવ હત્યાનો પણ હોવાનું અનુમાન કરી રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ જૂનાગઢનાં મંગલધામ-ર વિસ્તારમાં એડવોકેટ નિલેશભાઈ દાફડા (ઉ.વ.૩૦) રહે છે અને ગતરાત્રીનાં સમયમાં ઘરમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. આ અંગે મૃતકનાં પત્નીએ મૃતકની બહેનનો આ અંગે જાણ કરી હતી.

બાદમાં પરીવારજનો દ્વારા પોલીસને જાણ કરાઈ હતી અને આત્મહત્યાની પ્રાથમીક દ્રષ્ટીએ આશંકા વ્યકત કરી હતી. આ ઘટનાની જાણ થતાં જ ડીવાયએસપી પ્રદિપસિંહ જાડેજા તેમજ એ ડીવીઝન પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને નિલેશભાઈ દાફડાનાં મૃતદેહનું નિરીક્ષણ કરતા આ બનાવ હત્યાનો હોવાનું અનુમાન કરી રહેલ છે.

આ લખાય છે ત્યારે હજુ સુધી કોઈ ફરીયાદ થયેલ નથી અનો પોલીસ દ્વારા પણ ઝીણવટભરી તપાસ હાથ ધરાઈ છે. આ બનાવ આત્મહત્યાનો છે કે પછી હત્યાનો ? તે અંગે પોલીસે વિવિધ દિશાઓમાં તપાસ હાથ ધરી છે.

સોમનાથ ખાતે ૪-ડી વર્ચ્યુઅલ કેમેરા પ્રોજેકટ આજથી કાર્યરત

(મીનાક્ષી-ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૬

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરમાં દાદાનાં આર્શિવાદ મેળવવા વિશ્વના કરોડો શિવભકતો ઉમટી પડે છે. જેને માટે વર્ચ્યુઅલ કેમેરા પ્રોજેકટથી ૪ ડી ટેકનોલોજી ભારતમાં પ્રથમ ૩૬૦ ડીગ્રીથી શિવલીંગ નિહાળી શકાય અને સ્વયં ગર્ભગૃહમાં પ્રવેશી શિવજીને જળાભિષેક કરી તેનાં આર્શિવાદ મેળવાય તેવો અદ્યતન ટેકનોલોજી ફોટોગ્રાફ સોમનાથમાં આજ સોમવતી અમાસથી પ્રારંભ થયેલ છે. હાલ ગુજરાતનાં અંબાજીમાં આ પ્રોજેકટ કાર્યરત છે.

પીડિત મહિલાઓની મદદ માટે પોલીસ સ્ટેશનમાં 'She Team'ની રચના

જૂનાગઢ તા.૬

ગુજરાત રાજયમાં મહિલાઓના પ્રશ્ને મદદ કરવા તેમજ પીડિત મહિલાઓના દુઃખમાં ભાગીદાર થવા માટે દરેક શહેર અને જિલ્લામાં, દરેક પોલીસ સ્ટેશનમાં **She Team** બનાવવા માટે ગુજરાત રાજ્યના ડીજીપી આશિષ ભાટિયા દ્વારા સૂચના કરવામાં આવતા, જૂનાગઢ રેંજના ડીઆઈજી મનીંદર પ્રતાપ સિંહ પવાર તથા જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા જૂનાગઢ જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓને પોતાના પોલીસ સ્ટેશનમાં એક મહિલા પોલીસ અધિકારી, બે મહિલા પોલીસ કર્મચારી અને બે પુરૂષ પોલીસ કર્મચારીઓને ફાળવી, જે તે ડિવિઝનના ડીવાયએસપીના માર્ગદર્શન હેઠળ **She Team** તૈયાર કરવા સુચનાઓ કરવામાં આવેલ છે. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા આપવામાં આવેલ સૂચના આધારે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેર એ, બી, સી પોલીસ સ્ટેશન, ભવનાથ પોલીસ સ્ટેશન, તાલુકા પોલીસ સ્ટેશન તેમજ ડિવિઝનના તમામ પોલીસ સ્ટેશનો ખાતે મહિલા અધિકારીઓ તેમજ મહિલા પુરૂષ કર્મચારીઓને ફાળવી, **SheTeam** તૈયાર કરવામાં આવેલ છે. દરેક પોલીસ સ્ટેશન ખાતે તૈયાર કરવામાં આવેલ **She Team** દ્વારા શહેર વિસ્તારમાં પેટ્રોલિંગ ફરી, મહિલાઓ/છોકરીઓને પજવણી કરતા અસામાજિક તત્વો, મહિલાઓને થતી હેરાનગતિ, મહિલાઓની પીડા દૂર કરવા કાર્યવાહી કરવામાં આવશે. જૂનાગઢ જિલ્લા પોલીસ વડા રવિ તેજા વાસમ શેટ્ટી દ્વારા દરેક પોલીસ સ્ટેશનમાં તૈયાર કરવામાં આવેલ **She Team**ની કોઈ મહિલાને જરૂરિયાત ઉભી થાય તો, લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં અથવા પોલીસ કંટ્રોલ રૂમમાં માહિતી આપવા વિનંતી કરવામાં આવેલ છે, માહિતી આપનારનું નામ ગુપ્ત રાખવામાં આવશે.

જૂનાગઢ જેલની અંદર કોઈ અજાણ્યો શખ્સ તમાકુ ભરેલું પોટલું ફેંકી નાસી ગયો

જૂનાગઢ તા. ૬

જૂનાગઢ જીલ્લા જેલમાં કોઈ અજાણ્યો શખ્સ તમાકુ ભરેલું પોટલું ફેંકી નાસી ગયો હતો. આ બનાવમાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. એ ડીવીઝન પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ કમલસિંહ કે. રાણા, જેલર ગ્રુપ-૨ રહે. જેલ કવાટર્સ, જૂનાગઢ જીલ્લા જેલએ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, ગત તા. ૫ સપ્ટેમ્બરનાં બપોરનાં ૪.૧૦ વાગ્યાનાં અરસામાં કોઈ અજાણ્યા ઈસમે જીલ્લા જેલ જૂનાગઢમાં પ્રતિબંધીત વિસ્તાર હોવા છતાં પ્લાસ્ટીક થેલીમાં વિંટળાયેલ પોટલામાં બુધાલાલ તમાકુ ૫ડકી નંગ-૧૭, રાજકમલ બીડી ઝુડી નંગ-૫, સુગંધીત તમાકુ વાળા મસાલા નંગ-૨૯, વિમલ પાન મસાલા નંગ-૨૦, વિમલ-૧ તમાકુ નંગ-૩૦ની વસ્તુઓ બહારથી જેલની અંદર ફેંકી દઈ નાસી ગયેલ હતો.

આ બનાવમાં પોલીસે ગુનો નોંધી પીએસઆઈ આર.પી. ચુડાસમાએ અજાણ્યા શખ્સને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે.

સનમાઈકા નો ૬૫૦ શીટનો વિશાળ ડિસ્પ્લે

ગેલેરીયા ક્રીએશન્સ

Interiors that reflect your style

...પ્લાયવુડ
...ડિઝાઈનર સનમાઈકા
...હાર્ડવેર હેન્ડલ એસેસરીઝ
...વુડન ફલોરીંગ
...કોરીયન
...અલાબાસ્ટર
...વિનયર
...ઈમ્પોર્ટેડ વોલપેપર
...સ્ટોન વિનયર
...પેબલ્સ (પથ્થર)
...આર્ટીફીશ્યલ ગ્રાસ
...ચારકોલ શીટ

૧૦૫, પેરી પ્લાઝા, ઝાંઝરડા રોડ, સરદારબાગની બાજુમાં, જૂનાગઢ.
Mo. 94277 35287